# આગાહપંખી



શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન પ્રકાશન

# પ્રકાશકનું નિવેદન

સુપ્રસિધ્ધ લેખક શ્રી રિચાર્ડ બાકની કૃતિ 'જોનાથન લિવિંગસ્ટન સીગલ' પ્રગટ થતાં જ અત્યંત લોકાદર પામી હતી.

જોનાથન એક સાગરપંખી છે પણ સર્વ સામાન્ય સાગરપંખી-ઓથી એ કાંઇક જુદું પડે છે. એ ઊંચાઈને આંબવા મથે છે. દરિયાની પેલે પાર, દૂર ક્ષિતિજોને અડીને આકાશે પહોંચતી ઊંચી ગિરિકંદરાઓને પેલે પાર.

આ એક રૂપક છે. વાસ્તવમાં સાગરપંખી છે માનવનું આતમપંખી. આ રૂપકાત્મક વાર્તા અંગે શ્રીમતી મીરાબહેને તેમની પ્રસ્તાવનામાં વિગતે વાત કરી છે.

આવા સુંદર પુસ્તકનો સારાનુવાદ અમારા સ્નેહીજનો માટે સુલભ કરી આપવા માટે શ્રીમતી મીરાબેન ભટ્ટના અમે આભારી છીએ.

આ પુસ્તિકાની સાથે સ્વ. પૂજાલાલની બે પુસ્તિકાઓ 'પ્રભુનાં પિપાસુ' તથા 'પ્રભુનાં બાળકો' પણ પ્રગટ કરતાં આનંદ અનુભવીએ છીએ. આ પુસ્તિકાઓના પ્રકાશન માટે અનુમતિ આપવા બદલ શ્રી અરવિન્દ આશ્રમના આભારી છીએ.

આ પુસ્તકના પ્રકાશન આયોજન માટે અમારા સ્નેહીમિત્ર મુકુન્દ શાહે લીધેલા પરિશ્રમ બદલ તેમના આભારી છીએ.

આ પુસ્તક અંગેનાં વાચકમિત્રોનાં રચનાત્મક સૂચનો આવકારીશું.

**મંગળભાઇ પી. પટેલ**
**મૂકેશ એમ. પટેલ**
૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૧

૩, 'વિઠ્ઠલભાઈ ભવન'
સરદાર પટેલ કોલોની
રેલવે ક્રૉસિંગ પાસે,
અમદાવાદ—૩૮૦ ૦૧૩.

શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન
'જીવનઘડતર પ્રકાશન શ્રેણી'ની પંદરમી ભેટ

# સાગરપંખી

(શ્રી રિચાર્ડ બાકની 'જોનાથન લિવિંગ્સ્ટન સીગલ'નો
મુક્ત સારાનુવાદ)

સારાનુવાદક
**મીરા ભટ્ટ**

સ્નેહી શ્રી ______________________

જીવનને ઊર્ધ્વગામી બનાવવાની પ્રેરણા આપતી આ પુસ્તિકા આપની સદાની સાથી બની રહો......એવી શુભ કામનાઓ સહ.........

સપ્રેમ
**મંગળભાઈ પી. પટેલ**
**મૂકેશ એમ. પટેલ**

**શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન પ્રકાશન**
૩, 'વિઠ્ઠલભાઇ ભવન', સરદાર પટેલ કોલોની
રેલવે ક્રૉસિંગ પાસે, **અમદાવાદ – ૩૮૦૦૧૩**
ફોન : ૪૪૮૫૬૪
૪૯૨૩૧૦

શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન
જીવનઘડતર પ્રકાશન શ્રેણીનું પંદરમું પ્રકાશન

* સાગરપંખી

* સારાનુવાદક : મીરા ભટ્ટ

* © મીરા ભટ્ટ

* પ્રભુનાં પિપાસુ

* પ્રભુનાં બાળકો

* લેખક : પૂજાલાલ

* © શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ

* પુનઃ મુદ્રણ : ફેબ્રુઆરી, ૧૯૯૧

* મૂલ્ય : સદ્‌ભાવ – સુવાચન – સદ્‌ઉપયોગ

* પ્રકાશક : શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન વતી
મૂકેશ એમ. પટેલ
૩, 'વિઠ્ઠલભાઇ ભવન', સરદાર પટેલ કોલોની રેલવે ક્રૉસિંગ
પાસે, અમદાવાદ–૩૮૦ ૦૧૩

* પ્રકાશન આયોજન : કુસુમ પબ્લિકેશન્સ, અમદાવાદ–૩૮૦ ૦૦૭.
ફોન : ૪૧૦૯૫૯

* આવરણ : જય પંચોલી

* મુદ્રક : અમૃત પ્રિન્ટર્સ
ઝીકા ભટ્ટની પોળ,
ઘીકાંટા, અમદાવાદ – ૩૮૦ ૦૦૧.

# મારા સૂર

તને લૈ જવા આવ્યા છે મારા સૂર,
    ઉઘાડાં રાખ તારાં બારણાં.
અહીંથી તે ક્યાંક ઘણે દૂર,
    ઉઘાડી નાખ મારાં બારણાં.

માનતી રખે કે કોઈ નાનકડી તાન છે,
સાતે સૂરોનું આ તો સામટું તૂફાન છે,
સામટું તૂફાન પાછું ગાંડું છે તૂર... ઉઘાડાં.

આ તો ન રેલો, ન નિર્ઝર, ન વહેળો;
આર નહીં, પાર નહીં, સમદર આ ઘેલો,
ભારે તે તાણવાળાં ઊમટ્યાં છે પૂર... ઉઘાડાં.

એને ન ઘર, આ તો ભમતો વંટોળિયો,
આ તો ગોવાળિયાનો વંઠેલો પોરિયો,
લેશે ઉતારી તારાં અધવચ પટકૂળ... ઉઘાડાં.

લાજ અને બાજ તારી છોડાવી જંપશે,
ભીંત અને બીત બધું તોડાવી જંપશે,
રાધાને પૂછ : કેવું કાનાનું કુળ... ઉઘાડાં.

ઝાડ તારું ઝંઝેડી, મૂળથી ઉખેડશે,
ડાળ ડાળ ગણી નખલીથી છેડશે,
વાંસળીની જેમ તને વાશે વ્યાકુળ... ઉઘાડાં.

- ઉશનસ્

# દૂર દૂર આરા

પથિક તારા વિસામાના
દૂર દૂર આરા
હાં... દૂર દૂર આરા
ના સિંચશે કો માર્ગે તારા
હિમાયુની શીતળ ધારા
માથે વરસે ધોમ ધખારા
રેતીના પથારા
ઊની રેતીના પથારા હાં...
ફૂલ કે બુલબુલ વાટે ના મળશે
હરણાં કે ઝરણાં દષ્ટે ના પડશે
સોનેરી સ્વપ્નાં એકે ના સરશે
મુક્તિ મારગ ન્યારા હાં...
કેડમાંથી શું વાંકો વળે
પગે તારા ખાલી ચડે
ધમણ હૈયાની ફાટી પડે
આંખે આવે અંધારા હાં...

વાહન મળે ના કાંઈ વાટે
પગનાં ફૂણાં તળિયાં ફાટે
કંટાળીને શિરેથી સેવાના
ફેંકી ના દેતો ભારા હાં...
તારા મૃત્યુની સંજીવન ધારા
સરજી રહી છે જીવન અમારા
રોમે રોમે જ્યોતિ જાગે
આગિયાના ચમકારા હાં...
સીમા સ્થાને ખોડાઈ જાજે
જીવન સાર્થક બને આજે
પાયામાં પુરાઈ હરખે રાચે
કળશના ચમકારા
ભલે કળશના ચમકારા હાં...
પથિક તારા વિસામાના
દૂર દૂર આરા હાં...

# આભ ભરીને ઊડતાં હજુ શીખવું મારે

[ પ્રવેશક ]

વર્ષો થઇ ગયાં એ વાતને. રેલગાડીમાં બેસીને ક્યાંક બિહાર-આસામનો દૂરનો પ્રવાસ ખેડી રહી હતી. કોઇક સ્ટેશને બારીમાંથી અચાનક પુસ્તકોની લારીમાં 'Jonathan Livingstone Seagull' પુસ્તક જોયું. એની ખ્યાતિ મારી પાસે પહોંચી ગઇ હતી. ખરીદી લીધું અને મુકામે પહોંચું એ પહેલાં પુસ્તક આખું વાંચી ગઇ. પછી તો કેડો મૂકે એવું એ પુસ્તક ક્યાં હતું? મિત્રોમાં એને મમળાવતી રહી. ત્યાં 'નવનીત'નાં સંપાદિકા કુન્દનિકાબહેનનું નિમંત્રણ મળ્યું કે પુસ્તકનો સંક્ષેપ કરી આપો. અને 'સાગરપંખી' ગુજરાતી પરિવેશ ધારણ કરી જમીન પર જેવું ઊતર્યું તેવું ગુજરાતના સુજ્ઞ વાચકોએ એને વહાલપૂર્વક વધાવી લીધું. પછી તો 'વિચાર-વલોણું'ના સંપાદક શ્રી સુરેશ પરીખે એને પુસ્તકાકારે ત્રણ-ચાર આવૃત્તિમાં પ્રગટ કર્યા કર્યું. અને પાઠકો એને ઉમળકાભેર આવકારતા રહ્યા. પરંતુ છેલ્લાં ઘણાંયે વર્ષોથી 'સાગરપંખી' અપ્રાપ્ય બની ગયું હતું અને જાણ્યા-અજાણ્યા અનેક મિત્રો સતત એની માગણી કરતા રહેતા હતા. એટલે એ સૌની લાગણીનો પડઘો પાડવા માટેની આ નવી આવૃત્તિ સૌ પાઠકો સમક્ષ પ્રસ્તુત છે.

આવું ઉમળકાભેર વધાવવા જેવું આખરે છે શું આ નાનકડી પુસ્તિકામાં? મેં એક ગ્રંથપાલને આ પુસ્તક વસાવવા સૂચવ્યું તો મને સાંભળવા મળેલું કે, 'હું વાંચી ગયો છું એ ચોપડી. ખાસ કશું છે નહીં એમાં. એક પંખી આમતેમ ઊડ્યા કરે છે.' હું આ જવાબ સાંભળી થીજી ગયેલી. જે પુસ્તક મને આટલું બધું હલાવી ગયું, એમાં એમને કશું ના જડ્યું?

ઉપર ઉપરથી પાનાં ફેરવી જઈએ તો આવું જ લાગે. ન કોઈ વિશેષ ઘટના, ન નાયક-નાયિકા, ન કોઈ ખલનાયક. વાત માત્ર એક પંખીની અને એની પાંખોના ફફડાટની.

જોનાથન એક નાનકડું સાગરપંખી છે. પણ સર્વસામાન્ય સાગરપંખીઓથી એ કાંઈક જુદું પડે છે. જ્યારે એના જાતભાંધવો દરિયાકાંઠે પોતાનો શિકાર શોધવામાં મશગૂલ હોય છે, ત્યારે એ મથે છે ઊંચાઈઓ આંબવા. આ સાગરપંખીને ઊડવું છે ઊંચે-ઊંચે, દરિયાને પેલે પાર, દૂર - ક્ષિતિજોને અડીને આકાશે પહોંચતી ઊંચી ગિરિકંદરાઓને પેલે પાર!

આખરે આ એક રૂપક છે. વાસ્તવમાં સાગરપંખી છે, માનવનું આતમપંખી. કેટલાક માનવો જનમથી જ એવો માંહ્યલો લઈને અવતરે છે, જેની પાંખો સતત વિકાસ માટે ફફડ્યા જ કરે છે. એને જીવનની તમામ ઊંચાઈઓ, તમામ ગહરાઈઓ અને અસીમ વિસ્તાર પણ ઓછો પડે છે. ઊંચાઈ, ઊંડાણ અને વ્યાપકતાના ત્રણે ય પરિમાણને પેલે પારના તત્ત્વને આત્મસાત્ કરવા મથવું એ જ એની જિન્દગીનો પરમ પ્રાણ છે.

આપણું આ સાગરપંખી પણ એવું જ છે. એને દૂર દૂર ગગનમાં ઊંચે ઊડવું છે, પરંતુ આગળ વધવા ઇચ્છનાર કયા સાધકની યાત્રા નિર્વિઘ્ન રહી છે કે એની રહે? જમાતમાં પાછળથી ટાંટિયા ખેંચનારા હાજર જ હોય છે. જોનાથનને પણ માબાપ વ્યવહારડાહી વાતો સમજાવે છે, 'બેટા, શા માટે આમ અમથો ઊડાઊડમાં સમય વેડફી મારે છે? એના કરતાં માછલાં પકડવાની જુદી જુદી રીતો શીખી લેતો હો તો?' સામાન્ય સાગરપંખીને હજાર ફૂટ ઊંચે ઊડવા મથતો જોઈ જ્ઞાતિના લોક આડા ફરી વળે છે, 'હવેથી તું ન્યાત બહાર! કારણ, તેં બેજવાબદારી દાખવી છે.'

ત્યારે નાનકડું પંખી આક્રોશ કરી જિંદગીનો પાયાનો પ્રશ્ન પૂછી બેસે છે, 'અરે! જીવનમાં પ્રયોજન શોધવું, પ્રયોજન પ્રાપ્ત કરવું એ બેજવાબદારી કહેવાય?' પણ લોકોને તો એક જ વાત કહેવી છે કે 'આપણો સંબંધ પૂરો થાય છે.' હરિનો મારગ પસંદ કરનારને હંમેશાં આમ જ એકલા, અટૂલા ચાલવું પડ્યું છે. સાંપ્રત સમાજે એના રસ્તા પર કાંટા જ કાંટા વેર્યા છે. પૃથ્વી પરની ધર્મસભાઓ ધર્માત્મા માટે કેદખાનાં જ સિદ્ધ થતી આવી છે. પણ પંખી અટકતું નથી. એનું ઊડ્ડયન ચાલુ જ છે. મથામણો પણ. અને છેવટે સિદ્ધિનો પહેલો મુકામ આવે છે, જ્યાં પ્રકાશ છે, વ્યાપક વિસ્તાર છે અને તારોજ્જ્વળ પાંખોવાળા શાંત, સૌમ્ય હમસફર છે.

પરંતુ જીવનયાત્રા કોઇ એક મુકામમાં તો પૂરી કેવી રીતે થાય? નિત્ય-નિરંતર નવી મંજિલો ખોલી આપે એનું નામ તો છે જીવન. એ નવા મુકામ પર પણ સાગરપંખી એક વયોવૃદ્ધ ગુરુસમા વડીલ પંખીને એક વાર પૂછી બેસે છે, 'ચ્યાંગ, મને સાચેસાચ કહો, આ સ્વર્ગ નથી ખરું ને?,' - સ્વર્ગ એટલે અંતિમ મુકામ.

ત્યારે ચ્યાંગ મજાકમાં કહે છે, 'તું હવે શીખવા લાગ્યો છે.' યાત્રા એ યાત્રા છે, મુકામ નથી. - જીવનનું આ તથ્ય જોનાથન પકડે છે ત્યારે ગુરુ કહે છે કે હવે તું મર્મ પકડવા લાગ્યો છે. અને પછી ચ્યાંગ જોનાથન સમક્ષ જીવનનું ગર્ભિત રહસ્ય, જીવનનો મર્મ ખોલી આપતાં કહે છે, 'જોનાથન, સ્વર્ગ ન સ્થળમાં વસે છે, ન કોઇ કાળમાં. જીવનમાં પરિપૂર્ણતા પામવી એ જ તો છે સ્વર્ગ.'

બિલકુલ આપણા ઉપનિષદોની વાત. સ્થળાતીત, કાળાતીત અસીમ અનંત શાશ્વતીમાં સ્થિર થવાની વાત. માણસે પોતાનાથી બહાર બીજે ક્યાંય પહોંચવાનું નથી. પોતાના મૂળ સ્વરૂપમાં સ્થિર થવાનું

છે. પૂર્ણગતિ એટલે અત્યંત વેગમાં ગોળ ગોળ ફરતા ભમરડાની સ્થિર ગતિ.

પરંતુ જુઓ કમબખ્તી! જ્યાં પહોંચવા માટે જનમ ધરીને સતત તરફડતાં રહી, મથામણો કરતાં રહી અંતે મુકામ સર કર્યો. પણ ત્યાં પહોંચ્યા પછી શું? ઈશ્વરે માનવમાં એવું હૃદય મૂક્યું છે કે એ સુખ કે દુઃખ તો એકલો ભોગવી જ શકતો નથી, પણ મુક્તિ ય એકલો ભોગવી શકતો નથી. જીવનની સર્વોચ્ચ ઊંચાઈએ પહોંચ્યા પછી પોતાના માદરે વતનની તળેટીમાં ઊંચાઈ આંબવા મથતાં જીવ એને સાંભરી આવે છે અને એ મજબૂર બને છે નીચે ઊતરવા.

શ્રીરામ-કૃષ્ણ, બુદ્ધ-મહાવીર, ઈશુ-ગાંધી આમ જ *બહુજનહિતાય - બહુજનસુખાય* પાછા ધરતી પર આવે છે અને ઊંચે ચઢવા ઈચ્છનાર માટે હાથ લાંબા કરે છે. માણસ જ્યારે સમગ્રતામાં જીવે છે, ત્યારે જ જીવનને સમગ્રપણે જીવી શકે છે. આપણા સાગરપંખીને પણ જીવનની સમગ્રતાની ચાહત છે, એટલેં ફરી પાછો હજારો ફૂટ નીચે પાછો ઊડીને પોતાના સાગરકાંઠાના જાતબંધુઓ સમક્ષ આવીને ઊભો રહે છે. જિજ્ઞાસુ અને મથનારા જીવોને એ મમતા અને વત્સલતાપૂર્વક ઊંચે ઊડતાં જ માત્ર શીખવતો નથી, પોતાને તિરસ્કારતા જ્ઞાતિબંધુને પણ કરુણાપૂર્વક સમજવાની કળા શીખવે છે, 'ફ્લેચર, તું એમના પર ગુસ્સે ન થઈશ. તારો બહિષ્કાર કરી એમણે પોતાનું જ નુકસાન કર્યું છે. તેમની ઘૃણા કે ધૃષ્ટતા સામું ન જોઈશ. આપણે તો તેમને મદદ કરવાની છે.'

જોનાથનનું આ અવતાર-કાર્ય ખૂબ સુંદર અને કળાત્મકરૂપે અહીં પ્રગટ થયું છે. એની વાણીમાં ક્યારેક ઈશુ વંચાય, તો ક્યારેક ભગવાન બુદ્ધ!

અને કદી ન કદી તો અવતારે પણ સંકેલો કરવો પડે છે. હવે જોનાથન પણ મહાપ્રયાણ માટે તૈયારી કરે છે, પરંતુ પાછળ બીજો એક જોનાથન મૂકી જાય છે. પોતાના ઉત્તરાધિકારી ફ્લેચરને જતાં જતાં જીવનનું એક બીજું મહાસત્ય કહેતો જાય છે, 'ફ્લેચર, મહેરબાની કરીને પાછળથી મને ભગવાન ન બનાવી દઈશ. પંખીમાત્રમાં અસીમ આત્મા પડેલો છે. એને વધુ ને વધુ ઓળખવો, પામવો એ જ જરૂરી છે.' આમ કહી સાધારણ માનવમાં પણ જે અપ્રગટ સંભાવના પડી છે, તેની સામે અંગુલિનિર્દેશ કરી ફ્લેચર માટે શક્યતાઓનું વિશાળ જગત્ ખુલ્લું કરી આપી જોનાથન અંતિમ વિદાય લે છે.

આમ, આ છે એક આતમપંખીનો ફફડાટ, ઊંચાઈઓ અને અનંતતાઓ આંબવાની મથામણ, પોતાનામાં જ સ્થિર થઈ વિશ્વમયતા અનુભવવાની કળા અને ત્યાર પછી પણ ગાંધીચીંધ્યા 'સાવ છેવાડે ઊભેલા માણસ'ને ન ભૂલવાની વાત.

અમારો એક યુવા મિત્ર. સાગરપંખીનો અનહદ પ્રેમી એટલે મારા પર પણ અપાર પ્રેમ ઢોળે. કહે, "પહેલાં ગુજરાતી 'સાગરપંખી' વાંચ્યું. ખૂબ ગમ્યું. એણે અંગ્રેજીમાં વાંચવાની પ્રેરણા આપી. એ પણ ખૂબ ગમ્યું. ત્યાં ખબર પડી કે આ કથા ફિલ્મમાં પણ રૂપાંતરિત થઇ છે. એ પણ એટલી જ ગમી. એને થયું કે મારા સાગરપંખીનાં મીરાબહેન સાગરપંખીની વાતને ફિલ્મરૂપે ન જુએ તે કેમ ચાલે? અને એ મુંબઇથી વિડિયો કેસેટ લઇ આવ્યો, પોતે જ ક્યાંક વ્યવસ્થા કરી અમને ફિલ્મ જોવા લઈ ગયો. અને હું શું કહું? - જીવતા-જાગતા, ઊડતા-પડતા-આખડતા-અથડાતા સાક્ષાત્ જોનાથનને જોઇ હું પાગલ બની ગઇ. પુસ્તકની છબીકળા તો સુંદર હતી જ, પણ ચિત્રપટની છબીકળા તો અતિ અદ્ભુત! વળી

તેમાં સુમધુર સંગીત અને અદ્‌ભુત કથનશૈલી! પ્રદ્યોષકનો ઘેરો પહાડી અવાજ! - સો વાતની એક જ વાત! સાગરપંખીના પ્રેમીઓ આ ફિલ્મ અચૂક જુએ!

કથામાં આવતું એક લંગડાતું મેનાર્ડ પંખી જ્યારે આકાશમાં ઊંચે ઊડી શકે છે અને આકાશમાં, 'I can fly, I can fly'ના ઉલ્લાસોદ્‌ગાર કાઢે છે, એ તો ઘણી વાર અડધી રાતે મને આજે ય ઊંઘમાંથી ઉઠાડી મૂકે છે.

'સાગરપંખી' પુસ્તકનું હાર્દ હૃદયમાં એટલું ઘુંટાતું રહ્યું છે કે આજે જોનાથન લિવિંગ્સ્ટન મને વિનોબા જેટલો જ વહાલો અને આત્મીય થઇ પડ્યો છે. જેમને મન જીવન કેવળ સાગરકાંઠાના પાણીમાં છબછબિયાં કરી પૂરું કરી લેવાની ચીજ નથી અને જેઓ જીવનની ગહનતાના કંઇક ભાગ પામવા ઝંખે છે તેવા સૌ જીવનપ્રેમીઓને આ પુસ્તક વાંચી જવાની મારી પ્રેમાગ્રહભરી વિનંતી છે.

સ્નેહીશ્રી મંગળભાઈ દ્વારા 'સાગરપંખી'ની આ નવી આવૃત્તિ બહાર પડી રહી છે ત્યારે સાગરપંખીને ફરી ઊડતું કરી અનેકોને પ્રેરણા જગાડવા નિમિત્ત બનવા બદલ તેમનો આભાર!

આપણા એક કવિએ ગાયું છે - 'આભ ભરીને ઊડતાં હજુ શીખવું મારે...' માનવમાત્ર આભ ભરીને ઊડતા શીખવાનું ઝંખે એ જ ઝંખના.

- મીરા ભટ્ટ

૪૪૭/B, શિશુવિહાર સામે,
ભાવનગર-૩૬૪ ૦૦૧.

# સાગરપંખી

સવાર થયું અને શાંત સાગરની લહેરો પર તાજા ઊગેલા સૂરજનાં સોનેરી કિરણો ઝળહળી ઊઠ્યાં.

કિનારાથી માઈલેક દૂર માછલીઓ પકડવાની એક નાનકડી હોડી પાણીમાં હલી અને એનો અવાજ આકાશ વીંધીને પંખીઓ સુધી પહોંચી ગયો. જોતજોતામાં તો હજારો પંખીઓનું ટોળું નાસ્તાની શોધમાં કિનારા પર ઊતર્યું. પેટ ભરવા માટેના જીવનસંઘર્ષની રોજિંદી ઘટમાળ શરૂ થઈ.

પરંતુ આ બધાંથી દૂર, જોનાથન લિવિંગ્સ્ટન નામનું એક પંખી એકલું-એકલું કંઈક મથામણમાં પડ્યું હતું. આકાશમાં સોએક ફૂટ ઊંચે સુધી જઈ એણે પોતાના પાતળી ચામડીથી જોડાયેલા આંગળાવાળા પગને નીચે નમાવી ચાંચને ઉપર ઉઠાવી એક વળાંક લેવા પ્રયત્ન કર્યો. આ વળાંક ખૂબ જ અઘરો અને કષ્ટદાયક હતો. વળાંક લેતી વખતે ગતિ સાવ ધીમી જોઈએ, એટલે એણે પોતાની ગતિને સાવ ધીમી પાડી દીધી. એના મોં પર પવન ગણગણતો હતો. ઊડતું ઊડતું એ શાંત સાગરની ઉપર આવીને થંભ્યું. એકાગ્ર થવા માટે એણે ઉપર આવીને પોતાની આંખો એકદમ ઝીણી કરી, શ્વાસને પણ જાણે થંભાવી દીધો અને માત્ર એક ઇંચ વધારે મોટો વળાંક લેવા જોર કર્યું; અને એનાં પીંછાંનો પંખો સમેટાઈ ગયો ને તે ગોથું ખાઈને નીચે જઈ પછડાયું.

દરિયાઈ પંખી કદી લથડે નહિ કે પોતાની જાત પરનો કાબૂ ગુમાવે નહિ. હવામાં કાબૂ ગુમાવવો એ તો તેમને માટે ભારે મોટી માનહાનિ અને પ્રતિષ્ઠાભંગ.

પણ આ બિરાદરે તો શરમાયા વગર એ કઠણ વળાંક લેવા

પોતાની કાંપતી પાંખોને વળી પાછી ફેલાવી અને પોતાની ગતિને વધુ ને વધુ મંદ કરવા માંડી... ગતિ અત્યંત ધીમી થતી ગઈ અને એકદમ વળી પાછો ફરી વાર એ પોતાની જાત પર કાબૂ ગુમાવી બેઠો અને પછડાયો. હા, જોનાથન સામાન્ય પક્ષી નહોતો, એટલી વાત તો સાવ સાચી.

આમ તો, મોટા ભાગનાં દરિયાઈ પંખીઓ તો સામાન્ય ઊડવા કરતાં વધારે શીખવાની માથાકૂટ કરે જ નહિ. કાંઠેથી પોતાના શિકાર સુધી પહોંચી પાછા વળાય, એટલું ઊડતાં આવડે એટલે બસ. એમને માટે ઊડવું મહત્ત્વનું નથી, મહત્ત્વનું છે ખાવું, પરંતુ આ પંખી માટે તો ખાવું એટલું મહત્ત્વનું નહોતું જેટલું ઊડવાનું હતું. જોનાથનને બીજી બધી જ વસ્તુઓ કરતાં ઊડવાનું પ્રિય હતું.

પણ એણે જોયું કે એના આવા વલણને કારણે એ બીજાં પંખીઓ સાથે ભળી શકતો નહિ. બીજાં તો ઠીક, પણ એનાં મા-બાપ સુધ્ધાં જોનાથન આ રીતે આખો દિવસ જુદી જુદી રીતે ઊડવાના પ્રયોગોમાં જ વેડફી નાખે તેથી નારાજ હતાં.

દાખલા તરીકે, એ જ્યારે પાણીની ઉપર પોતાની પાંખોની પહોળાઈ કરતાં અડધી ઊંચાઈ પર ઊડતો ત્યારે સફળતાપૂર્વક લાંબા વખત સુધી હવામાં રહી શકતો. હવે આનું કારણ એને સમજાતું નહોતું, અને ધીમી ગતિએ એ નીચે આવતો ત્યારે સામાન્ય છાંટા ઊડે એટલા જોરથી નીચે ન પડતાં, દૂર દૂર સુધી એક લાંબો લિસોટો પડે ત્યાં સુધી તે પાણીમાં ઢસડાતો અને પાણીમાં તો ઠીક, પણ જ્યારે એણે કિનારાની ધરતી પર નીચે ઊતરવાનું શરૂ કર્યું ત્યારે એને રેતી પર ફેંકાઈ દૂર સુધી ઢસડાતો જોઈને એનાં મા-બાપ ખરે જ, દુઃખી દુઃખી થઈ જતાં.

'અરે રે, જોન! આ તેં શું માંડ્યું છે? બીજાં બધાંની જેમ

જીવવામાં તને શું વાંધો પડે છે, બેટા? આ તારું આડું-અવળું ઊંચે-નીચે ઊડવાનું તું બીજાં પંખીઓ માટે રહેવા દે તો! આ તે કંઈ આપણું કામ છે! તારા ખાવા-પીવાનુંય કશું ઠેકાણું નથી રહ્યું. જોને તારું શરીર? નર્યાં હાડ-પીંછાંનો માળો!' અકળાઈને મા કહેતી.

'તે ભલેને હાડકાં દેખાય, મા! મને એની જરાય પડી નથી. મને તો હવામાં હું શું શું કરી શકું કે ન કરી શકું તે જાણી લેવાની લાગી છે. મા, મારે કેવળ જાણવું છું.'

'આમ જો દીકરા! હવે શિયાળો ઢૂંકડો આવ્યો!' બાપુ એને સમજાવતા. 'પછી તો આ હોડીઓય ઓછી થઈ જશે અને માછલીઓય તે ઊંડા પાણીમાં સરકી જશે. તારે જો શીખવું જ હોય તો આ માછલીઓને કેવી સિફતથી, ઝડપથી પકડવી તે બધું શીખી લેને? આ બધું ઊડવું-કરવું એ તો ઠીક છે, એનાથી કંઈ પેટનો ખાડો થોડો પુરાશે? આખરે ઊડવાનું પણ એ ખાડો પૂરવા જ છે, એ તું કેમ ભૂલી જાય છે?'

જોનાથન આ વાતને સ્વીકારતો હોય તેમ પોતાનું માથું હલાવતો અને થોડા દિવસ બીજાં જાતપંખીઓની જેમ વર્તવા મથતો. દરિયાકાંઠે બાંધેલા બંધ પર અને હોડીઓની આસપાસ ઘૂમરીઓ ખાતા, એકમેકની સાથે લડતા, ઝઘડતા, ચિચિયારી કરતા પોતાના જાતબંધુઓ સાથે માછલી પર તરાપ મારવા એ ખરેખર પ્રયત્ન કરતો, પણ એ કંઈ ઝાઝું ટકતું નહિ.

એ વિચારતો કે કેટલો બધો સમય આમાં વેડફાઈ જાય છે! મહામહેનતે એકાદ મઝેદાર માછલી પકડાય, ત્યારે પાછળ કોક વૃદ્ધ વડીલ શિકાર માટે ફાંફાં મારતા આવતા હોય એટલે જાણીજોઈને માછલી નીચે નાખી દેવાની! આ બધું સાવ નકામું છે! આનો તે કંઈ અર્થ ખરો? એના કરતાં તો એટલો સમય આકાશમાં જ

ઊડવામાં વિતાવ્યો હોય તો? કેટકેટલુંક શીખવાનું પડ્યું છે જીવનમાં?

વળી પાછો એ ભૂખ્યો છતાંય નિજાનંદમાં મસ્ત બની કાંઠાથી દૂર દૂર પોતાના પ્રયોગો કરતા ચાલ્યો જતો.

એને ગતિ વિશે જાણવાની ઉત્કંઠા હતી અને અઠવાડિયાના મહાવરામાં તો પોતાની જમાતમાં ગતિ વિશે સૌથી વધારે જ્ઞાન એણે મેળવી લીધું.

એક હજાર ફૂટ ઊંચેથી પોતાની પાંખને વધુમાં વધુ કડકાઈથી ફફડાવીને મોજાં તરફ ધૂમકેતુની જેમ એ સીધું ઊતરાણ કરતો. તે વખતે પોતાને કઈ મુશ્કેલી નડે છે ને સમજવાનો પ્રયત્ન કરતો. અને એને સમજાતું કે દરિયાઈ પંખી શા માટે આ જાતની ડૂબકીઓ મારતાં નથી! ફક્ત છ સેકંડમાં તો એ કલાકની સિત્તેર માઈલની ગતિ પકડી લેતો. દરિયાઈ પંખી માટે આટલી બધી ગતિ ખૂબ જ મુશ્કેલ કહેવાય. પાંખો પોતાનું સમતોલપણું જ ન રાખી શકે.

જોનાથનનું પણ અવારનવાર આમ જ થતું. કાળજી તો એ ખૂબ રાખતો, પોતાની શક્તિનું ટીપેટીપું ખર્ચી નાખતો, પણ તેમ છતાં એટલી બધી ગતિએ એ પોતાની જાત પરનો કાબૂ ગુમાવી બેસતો.

હજાર ફૂટનું ચઢાણ. પહેલાં તો સીધી દિશામાં ઝડપભેર તીરની જેમ ઊડવાનું, પછી પાંખો વીંઝી સીધી ડૂબકી મારવાની. દરેક વખતે, એની ડાબી પાંખ આંચકા સાથે સમેટાઈ જતી અને એ જ દિશામાં એ સખત રીતે ગબડી પડતો. થોડી કળ વળતાં વળી પાછો એ જમણી પાંખે પ્રયત્ન કરતો અને ફરી પાછો જમણી દિશામાં સીધો ભમરડાની જેમ પોતાની આજુબાજુ જ ગોળ ચક્કર ગુલાંટિયાં ખાતો, આગના ગોળાની જેમ નીચે પછાડ ખાઈને ગબડતો.

એ પછાડ વખતે પોતાની જાતને એ પૂરી સંભાળી ન શકતો. છતાંય એ પ્રયત્ન છોડતો નહિ, પણ દરેક વખતે, જેવો એ સિત્તેર માઈલની ઝડપે પહોંચતો કે તરત જ એનાં પીંછાં સમેટાઈ જતાં અને જાત પરનો કાબૂ ગુમાવી એ પાણીમાં ધડાક દઈને પછડાતો.

શરીર પરથી ટપ ટપ ટીપાં પડતાં, અને એ વિચારતો રહેતો કે આનો શું રસ્તો? છેવટે એણે નક્કી કર્યું કે હજી ગતિ વધારવી, ને ત્યાર પછી પાંખોને સ્થિર કરવી. પચાસ માઈલ સુધી પાંખો ફફડાવતા રહેવું અને ત્યાર બાદ સ્થિર કરવી.

બે હજાર ફૂટ ઊંચેથી એણે ફરી પ્રયત્ન આદર્યો. કલાકના પચાસ માઈલની ઝડપે પહોંચી નીચેની દિશામાં ચાંચને સીધી કરી, પાંખોને પૂરેપૂરી ખુલ્લી પસારી એણે ડૂબકી ખાધી. આટલું કરતાં તો એને નાકે દમ આવ્યો, પણ મહેનત લેખે લાગી. દસ સેકંડમાં તો કલાકના નેવું માઈલની ગતિએ પહોંચી ગયો. દરિયાઈ પંખી માટે તો જોનાથને આખી દુનિયામાં વિક્રમ સ્થાપ્યો કહેવાય.

પણ આ વિજય ઝાઝો ન ટક્યો. જેવો એ નેવું માઈલની ગતિએ પહોંચી પાંખોની દિશા બદલવા ગયો કે ફરી પાછી એ જ બેકાબૂ પછડાટ, અને વળી આ તો કલાકના નેવું માઈલની પછડાટ! સુરંગના જેવી ભયંકર ઘાતક! હવાની વચ્ચે જ જોનાથન ધડાકા સાથે ફટાક થઈને ઊડ્યો અને સમુદ્ર પર ભયંકર રીતે પછડાયો.

ત્યારે અંધારું થઈ ગયાને પણ ખાસ્સો સમય વીતી ગયો હતો. સાગરની સપાટી પર એ ચાંદનીમાં તરતો રહ્યો. એની પાંખો પર જાણે સો સો મણનું લોઢું તોળાતું હતું, પણ એના કરતાંય વધારે બોજો તો એને સાંપડેલી હારનો લાગતો હતો. એને થયું કે આ વજનનો ભાર એને સાગરને તળિયે જઈ બેસાડી દે અને જીવનનો જ અંત લાવી દે તો કેવું સારું!

પાણીમાં એ જેવો નીચે ડૂબવા લાગ્યો કે તરત જ એની અંદરથી એક અજાણ્યો અવાજ સંભળાયો : 'આનો બીજો કોઈ ઉપાય નથી. આખરે, હું દરિયાઈ પંખી છું. કુદરતે જ મને મર્યાદાથી બાંધી દીધો છે. આવું ઊંચે ઊડવાનું જો મારા નસીબમાં હોત તો ઈશ્વરે મને તેવું મગજ આપ્યું હોત. આટલી બધી ગતિ જો મારે સિદ્ધ કરવાની હોત તો ગરુડ કે બાજ જેવી મને ટૂંકી પાંખો મળી હોત. અને તો તો માછલીને બદલે હું ઉંદર જ ન ખાતો હોત? બાપુની વાત સાવ સાચી હતી. આ બધું ગાંડપણ મારે છોડવું જોઈએ. મારે મારા ઘેર પાછા વળવું જોઈએ. અને એક મર્યાદિત શક્તિવાળા દરિયાઈ પંખી તરીકે જીવીને, જેવો છું તેવો સંતોષ પામવો જોઈએ.'

ધીરે ધીરે અવાજ શમતો ગયો અને જોનાથન એની સાથે સંમત થઈ ગયો. દરિયાઈ પંખીએ રાતવાસો કાંઠા પર કરવાનો હોય! એ ક્ષણે જ એણે સામાન્ય પંખીની જેમ જીવવાનો સંકલ્પ કર્યો. એને થયું કે આ નિર્ણયથી સૌ કોઈને ખુશી થશે.

ખૂબ ઊંચાઈએ પહોંચી નીચે ડૂબકી મારવાના જુદા જુદા પ્રયોગો અંગે એને જે કંઈ શીખવા મળ્યું હતું તે બદલ મનોમન કૃતજ્ઞતા અનુભવતો એ કાળાભમ્મર પાણીમાંથી થાક્યોપાક્યો બહાર આવી જમીન ભણી ઊડ્યો.

'અરે, આ શું, મારું બધું જાણે હું પરવારી ચૂક્યો? જે કંઈ શીખ્યો હતો તે બધું જાણે ભુલાઈ ગયું? હવે બીજામાં ને મારામાં કંઈ જ ફેર રહ્યો નહિ. હું પણ તેમના જેટલું જ ઊડી શકીશ.' – આમ વિચારતો એ સો ફૂટ જેટલું ઊંચે ઊડ્યો અને કાંઠા ભણી જવા માટે એણે પોતાની પાંખોને સખત રીતે ફફડાવી.

જાતભાઈઓના જેવા જ થઈને રહેવાના નિર્ણયથી એને સારું

લાગતું હતું. હવે નવું નવું શીખવા તરફ ખેંચી જતાં પરિબળોનું કોઈ બંધન નહિ; હવે જીવનમાં ન કોઈ પડકાર કે ન કોઈ નિષ્ફળતા. વિચારવાનું જ બંધ! અંધકારમાંથી કિનારાના ઉજાસ તરફ ઊડવું એને ખૂબ ગમ્યું.

'અંધકાર!' એ પોલા અવાજે ફરી પાછો એને ચેતવ્યો—'દરિયાઈ પંખી તો કદી અંધારામાં ઊડે જ નહિ!'

પણ જોનાથન સુધી એ શબ્દો પહોંચ્યા જ નહિ. 'વાહ, ખૂબ સુંદર!' એણે વિચાર્યું. સાગરના પાણી પર ચાંદનીનો પ્રકાશ ચમકતો હતો, જાણે નાની નાની દીવાદાંડીઓના અજવાળાના લિસોટા!

સમસ્ત વાતાવરણમાં અપાર શાંતિ છવાયેલી હતી. 'અરે પાછો વળ! આપણે તે વળી અંધારામાં ઊડવાનું હોય? જો એ શક્ય જ હોત તો પછી ઘુવડ જેવી આંખો ન મળી હોત? એ પક્ષીઓ જેવું જ મગજ પણ ન હોત? અને બાજ જેવી ટૂંકી પાંખો પણ ન હોત?'

રાતને પહોર, હવામાં સો ફૂટ ઊંચે ઊડતાં ઊડતાં જોનાથને એ અવાજ સામે આંખ આડા કાન કર્યા. પોતાની બધી પીડા, બધા નિર્ણયો એ વીસરી ગયો.

'ટૂંકી પાંખો! બાજના જેવી ટૂંકી પાંખો!'

બસ, જવાબ મળી ગયો! અરે રામ, હું તે કેવો મૂરખ છું? મારે એક માત્ર જરૂર છે - ટૂંકી પાંખોની! મારે માત્ર મારી લાંબી પાંખોને થોડી અંદર સમેટી લઈ પાંખોનાં ટેરવાંને આધારે જ ઊડવાનું છે. ટૂંકી પાંખો! બસ!

અને કાળાભમ્મર સમુંદરથી બે હજાર ફૂટના ઊંચાણે પહોંચી, હાર કે મૃત્યુનો ક્ષણભર પણ વિચાર કર્યા વિના એણે પોતાની

પાંખોને અંદર સમેટી લીધી અને પાંખોના સાંકડા ઘસાઈ ગયેલા છેડાને હવામાં ફેલાવ્યા અને એકદમ સીધી નીચે ડૂબકી મારી.

એના માથા આગળ તો રાક્ષસી પવન વીંઝાતો હતો. કલાકના સિત્તેર માઈલ, નેવું, સો, એકસોવીસ, અરે બાપ રે, એનાથીય આગળ એ વધતો ગયો, પણ સિત્તેર માઈલની ગતિમાં એની પાંખોને જે તાણ પહોંચતી હતી તે એકસોચાળીસ માઈલની ગતિમાં એટલી સખત ન લાગી. પોતાની પાંખોના છેડાને સહેજ અમથા વાળીને એ સહેલાઈથી ડૂબકી ખાઈને પાણીની બહાર આવ્યો અને જાણે તોપનો ગોળો પાણીમાં તરતો હોય તેમ ચાંદનીમાં મોજાં પર તે તરતો રહ્યો.

પવન સામે ઝઝૂમવા એણે પોતાની આંખોને ઝીણી કરી. એ ખૂબ ખુશ હતો. કલાકના એકસો ને ચાળીસ માઈલ! અને તેય પોતાના કાબૂમાં? વાહ, ભાઈ, વાહ! હવે આ બે હજાર ફૂટને બદલે જો હું પાંચ હજાર ફૂટ ઊંચેથી નીચે ડૂબકી મારું તો કેટલી ઝડપ…

થોડી વાર પહેલાંના બધા જ સંકલ્પવિકલ્પ વિસરાઈ ગયા, હવાના જોરદાર તોફાનમાં એ ક્યાંના ક્યાંય ઢસડાઈ ગયા. પોતાની જાતને આપેલા વચનનો ભંગ કરવા છતાં તેને પોતે અપરાધ કરતો હોય તેવું ન લાગ્યું. આવાં વચનો સામાન્ય પંખીઓ માટે છે, જે સામાન્યતાને સ્વીકારી લે છે. જેણે વિદ્યાનાં ઉત્તમ શિખરોને આંબ્યાં છે, તેને આવાં વચનોની જરૂર નથી.

સવાર થતાં, પાછો એણે પોતાનો અભ્યાસ શરૂ કર્યો. પાંચ હજાર ફૂટ ઊંચેથી પેલી હોડીઓ તો જાણે સપાટ ભૂરાં પાણી પર ટપકાં જેવી દેખાતી હતી, અને પેલું પંખીનું ટોળું જાણે ઘૂમરી ખાતું ધૂળિયું વાદળ!

તે ચેતનસભર હતો, આનંદથી જરા જરા ધ્રૂજતો હતો. અને ભય પર કાબૂ મેળવવા બદલ એ ગર્વ પણ અનુભવતો હતો. પછી તો સહજતાપૂર્વક એણે પોતાની લાંબી પાંખોને અંદર 'સમેટી, ટૂંકા ખૂણાવાળા છેડા હવામાં ફેલાવ્યા અને સીધો દરિયામાં ખાબક્યો. ચાર હજાર ફૂટ પસાર કરતાં તો એની ગતિ જાણે છેવટના બિંદુ સુધી પહોંચી ગઈ! હવા જાણે સૂસવાટાની એક નક્કર દીવાલ બની જોરદાર પ્રહાર કરતી રહી. એની સામે હવે એ ગતિ વધારી શકે એમ નહોતું. હવે એ સીધો નીચે ઊતરતો હતો. ગતિ હતી કલાકના ૨૧૪ માઈલની! સરસ! તેને ખબર હતી કે આ ઘડીએ જો પાંખો ફેલાઈ જાય તો માંસનો રતીભાર લોચોય હાથમાં ન આવે. ગતિ પણ શક્તિ હતી, ગતિ આનંદ હતી, ગતિ શુદ્ધ સુંદરતા હતી.

હજાર ફૂટની ઊંચાઈએ એણે પાંખો ધીમે ધીમે બહાર ફેલાવવા માંડી. રાક્ષસી પવન એની પાંખો સાથે ધડ ધડ અથડાતો હતો. ક્યારેક તો પાંખો સાવ ઝાંખી અસ્પષ્ટ થઈ જતી.

એ પોતાની જાતને રોકી ન શક્યો. એટલી બધી ગતિમાં વળવું કઈ રીતે, તેની પણ એને ખબર નહોતી!

હવે અથડાઈ પડે તો તત્ક્ષણ મોત! એણે આંખો મીંચી દીધી.

તે દિવસની આ વાત છે. હજી તો સૂરજ હમણાં ઊગ્યો હતો અને જોનાથન લિવિંગ્સ્ટન નીચે સવારનો ચારો શોધવા ઊડેલાં પંખીનાં ટોળાં વચ્ચેથી પવન અને પીંછાના જોરદાર સૂસવાટામાં કલાકના ૨૧૨ માઈલની ઝડપે તીરની જેમ પસાર થઈ ગયો. ભાગ્યલક્ષ્મીએ જાણે મીઠું સ્મિત આ વખતે વેર્યું! કોઈ હણાયું નહિ.

આકાશ ભણી એણે પોતાની ચાંચને સીધી કરી ત્યારે હજુ એની ઝડપ કલાકના ૧૬૦ માઈલ જેટલી તો હતી. જ્યારે ઝડપનો

આંક વીસ સુધી ધીમો પડ્યો અને એણે પોતાની પાંખોને ફેલાવી ત્યારે સમુદ્રથી એ ચાર હજાર ફૂટ ઊંચે હતો, અને દરિયા પરની હોડી હવે જાણે પાંઉના ટુકડા જેવી દેખાતી હતી.

વિજયનો વિચાર જ તેના મનપ્રાણ પર છવાઈ ગયો. ઝડપનો અંતિમ આંક! સાગરપંખી કલાકના ૨૧૪ માઈલની ઝડપે! એણે સીમાડા ભેદ્યા હતા. એની જાતિના ઈતિહાસની એક મહાન ક્ષણ! એ ક્ષણે જોનાથન માટે એક નવો યુગ આરંભ થયો, અને હવે એણે આઠ હજાર ફૂટની ઊંચાઈએથી ડૂબકી મારવા માટે પાંખ સમેટતાં વળાંક કેવી રીતે લેવો એનો પ્રયોગ શરૂ કર્યો.

એણે જોયું કે પાંખના છેડાના એક પીંછાને એક ઈંચના નાના શા અંશ જેટલું સરકાવવાથી તીવ્ર ગતિમાં પણ સરળ ગોળ વળાંક લઈ શકાય છે. આ જાણ્યું તે પહેલાં એને એ સમજાયું હતું કે એકને બદલે ઘણાં પીછાંને જો એ તીવ્ર ગતિમાં હલાવવામાં આવે તો બંદૂકની છૂટતી ગોળીની જેમ ચક્કર ચક્કર ફરવું પડે… હવામાં અંગકસરતના પ્રયોગો કરનાર દરિયાઈ પંખીઓમાં જોનાથન પહેલો હતો.

તે દિવસે એ બીજાં પંખીઓ સાથે વાતો કરવામાં સમય ન ગાળતાં મોડી સાંજ સુધી ઊડતો રહ્યો. એણે જુદી જુદી જાતની ડૂબકી ખાતાં શીખી લીધું - ઊંધા ચોગડાની ડૂબકી (૧), એકદમ હળવેકથી ગોળ ગોળ નીચે સરકવાની ડૂબકી (૨), નિશાન તાકી એકદમ નીચે ગોળ ગોળ સરકતી ડૂબકી, સીધા ચોગડાની ડૂબકી (૩), પોતાની જ ધરીની આસપાસ ગોળ ગોળ ફરતી ડૂબકી (૪) - એમ વિવિધ ડૂબકીઓ એણે તે દિવસે શીખી લીધી.

મોડી રાતે એ પોતાના ઘેર પાછો ફર્યો ત્યારે એનું માથું ભમતું હતું અને થાકીને લોથપોથ થઈ ગયો હતો, આમ છતાંય આનંદમાં ને આનંદમાં ગુલાંટ મારતો એ નીચે ઊતર્યો. એને થયું કે મારા

લોકો જ્યારે આ મહાન સીમા-ઉલ્લંઘન અંગે સાંભળશે ત્યારે હર્ષના માર્યા ઘેલા થઈ જશે. જીવન હવે કેવું ભર્યુંભર્યું લાગશે? પેટ ભરવા માટે મચ્છીમાર નૌકાઓની આસપાસનાં નીરસ હવાતિયાંને બદલે હવે જીવન જીવવાનું એક પ્રયોજન મળ્યું! આપણે અજ્ઞાનમાંથી ઉપર ઊઠી શકીએ, આપણે જીવનમાં બુદ્ધિ-ચાતુર્ય અને શ્રેષ્ઠતા પ્રગટાવી શકીએ. આપણે મુક્ત બની શકીએ. આપણે ઊડતાં શીખી શકીએ!

અને આવનારાં વર્ષો સંભાવનાઓથી ગુંજી ઊઠ્યાં, ઝળહળી ઊઠ્યાં.

જ્યારે એણે ધરતીને સ્પર્શ કર્યો ત્યારે એની આખી જમાત સભા ભરીને એકઠી થઈ હતી, ખરે જ તેઓ એની રાહ જોઈને જ બેઠા હતા.

'જોનાથન લિવિંગ્સ્ટન સીગલ! સભાની વચ્ચે આવ!' જમાતના મુખીનો ધીરગંભીર અવાજ આવ્યો. માત્ર 'સભા વચ્ચે આવ!' એમ કહે એટલે તો મોટી શરમ, મોટી માનહાનિ! એમના અગ્રગણ્ય નેતાઓને માન આપવાનું હોય ત્યારે તેઓ કહેતા : સભા વચ્ચે ગૌરવ સમેત આવો. અલબત્ત, આજે સવારે એમણે મારું પરાક્રમ તો જોયું જ છે! પણ મને કંઈ માનપાનની પડી નથી. નેતા થવાની મને કશી ઇચ્છા નથી. મારે મને જે કંઈ મળ્યું છે તેમાં મારાં બંધુઓને ભાગીદાર કરવાં છે. સહુની સમક્ષ જે ક્ષિતિજો વિસ્તરી છે, તેની ઝાંખી કરાવવી છે. એ આગળ આવ્યો.

'જોનાથન લિવિંગ્સ્ટન સીગલ!' મુખીએ કહ્યું. 'સર્વ બંધુ સાગરપંખીઓ સમક્ષ, શરમ સમેત તું ઊભો રહે.'

જાણે વજ્રપાત થયો. એના પગ લથડવા માંડ્યા. એની આંખો

બોજથી લદાઈ ગઈ. એના કાન ગર્જનાથી ભરાઈ ગયા. '...એની બેફામ બેજવાબદારી માટે, આપણા કુળની શોભા અને પરંપરાનો ભંગ કરવા માટે...' ઘેરો અવાજ ચોમેર ફેલાતો હતો.

બધાંની વચ્ચે ઊભો કરીને ભર્ત્સન કરવાનો અર્થ હતો - સાગરપંખીઓની જમાતથી બહિષ્કાર, દૂરની ભેખડો પર એકાકી નિર્વાસન.

'...એક દિવસે તને ભાન થશે કે જિંદગીમાં બેજવાબદારી ફળતી નથી. જીવન તો છે જ અજ્ઞાત અને અજ્ઞેય પણ આપણે તો આ દુનિયા પર ખાવા અને જીવી શકાય તેટલા દિવસ જીવવા અવતર્યા છીએ, જોનાથન લિવિંગસ્ટન સીગલ!'

જમાતની પંચાયતમાં કોઈ સાગરપંખી સામો જવાબ આપે નહિ. પણ આજે જોનાથનનો ઉત્તેજિત અવાજ ગાજી ઊઠ્યો : 'બેજવાબદારી? મારા ભાઈઓ, જીવનમાં એક અર્થ, ઉચ્ચ પ્રયોજન શોધી કાઢનાર અને એને માટે પ્રયત્ન કરનાર સાગરપંખી કરતાં વધારે જવાબદાર કોણ હોઈ શકે? હજારો વર્ષો આપણે માછલીના ટુકડા માટે ઝૂંટાઝૂંટી કરી છે, પરંતુ હવે જિંદગીનું કાંઈ પ્રયોજન આપણને પ્રાપ્ત થયું છે - શીખવું, શોધ કરવી, સ્વતંત્ર થવું. મને તક આપો, મેં જે શોધી કાઢ્યું છે, તે તમારી સામે બતાવવા તો દો...'

પણ જમાત તો જાણે પથ્થરની બની ગઈ.

'સંબંધ પૂરો થાય છે!' પંખીઓએ કહ્યું અને એકસાથે બધાંએ કાન બંધ કરી દીધા, પીઠ ફેરવી લીધી.

બાકીના દિવસો જોનાથને એકાંતવાસમાં વિતાવ્યા, પણ દૂરની ભેખડોથીયે વધુ દૂર એ ઊડતો રહ્યો. એકાંતવાસનો તો એને લગીરે વસવસો નહોતો; પણ ઊંડાણમાં રહેલી ભવ્યતાને ઓળખવાનો

જ બીજાં પંખીઓએ ઇન્કાર કર્યો, આંખો ઉઘાડીને જોવા માટે પણ પોતાનો સમાજ તૈયાર ન થયો એ માટે એને ખૂબ લાગ્યું.

રોજેરોજ તે વધુ ને વધુ શીખતો ગયો. તે શીખ્યો કે સ્ટ્રીમલાઈન્ડ તીવ્રગતિડૂબકી દ્વારા સમુદ્રની સપાટીથી દસ ફૂટ ઊંચે ટોળે વળીને રહેતી સ્વાદિષ્ટ માછલી પકડી શકાય છે. એની કળા પણ એણે સાધી. હવે પેટ ભરવા માટે એને મચ્છીમાર હોડીની કે વાસી ટુકડાની જરૂર ન રહી. હવામાં જ ઊંઘ ખેંચી કાઢવાનું અને સૂર્યાસ્તથી સૂર્યોદય સુધીમાં દરિયાઈ હવા સાથે સો સો માઈલ કાપવાનું એણે શીખી લીધું. એ જ રીતે આંતરિક નિયંત્રણથી, ભારે દરિયાઈ ધુમ્મસ ચીરીને તે ઉપરના ઝળહળતા સ્વચ્છ આકાશમાં પહોંચી જતો, જ્યારે બાકીનાં સર્વ સાગરપંખી એ વખતે ધુમ્મસ અને વરસાદથી ઘેરાયેલાં જમીન પર ઊભાં રહેતાં. જોનાથન ઝંઝાવાતો પર સવાર થઈ અંદરની ભૂમિ સુધી ઊડી જતો અને ત્યાં એને કોમળ જીવજંતુનું ભોજન મળતું.

પોતાની આખી જમાત માટે એણે જે મેળવવા ધાર્યું હતું તે એણે કેવળ પોતાના માટે મેળવ્યું. એ ઊડતાં શીખ્યો, અને એને માટે તેને જે કીમત ચૂકવવી પડી તેનો રંજ નહોતો. સાગરપંખી જોનાથનને સમજાયું કે કંટાળો, ભય અને ગુસ્સાને કારણે સાગરપંખીઓનું જીવન ટૂંકું હતું, અને એના મનમાંથી કંટાળો, ભય, ક્રોધ દૂર થવાને કારણે તે દીર્ઘકાળ સુધી સુંદર જીવન જીવ્યો.

*　　　*　　　*

તેઓ સાંજ વખતે આવ્યાં, અને તેમણે જોનાથનને પોતાના પ્રિય આકાશમાં એકલો, શાંતિપૂર્વક વિસર્પણ (ગ્લાઈડિંગ) કરતો જોયો. એની પાંખો નજીક પ્રગટ થયેલાં એ બન્ને સાગરપંખી તારાના તેજ સમાં પવિત્ર હતાં, અને ગાઢ રાત્રિની હવામાં એમનામાંથી પ્રગટ થતી ચમક સૌમ્ય અને મૈત્રીપૂર્ણ હતી. પરંતુ સૌથી સરસ તો એમનું ઊડવાનું કૌશલ્ય હતું.

તે બન્ને પોતાની પાંખો જોનાથનની પાંખોથી બરોબર એક ઇંચ દૂર રાખીને ઊડતાં હતાં – એથી સહેજ પણ વધારે નહિ કે ઓછું નહિ.

એક પણ શબ્દ બોલ્યા વિના જોનાથને એમની કસોટી આદરી, જે કસોટીમાંથી આજ સુધી એક પણ સાગરપંખી પાર ઊતર્યું નહોતું. એણે પોતાની પાંખો વાંકી કરી અને કલાકના માઈલ જેટલી ધીમી ગતિ કરી. પેલાં બન્ને તેજસ્વી પંખીઓએ પણ એની સાથે ધીમી ગતિ કરી.

જોનાથને ઊડવાની વિવિધ રીતો દર્શાવી. આ બે ઉડાણની દરેક કલામાં પારંગત જણાયાં.

'ઠીક છે,' છેવટે જોનાથને પૂછ્યું : 'તમે કોણ છો?'

'અમે તારા જ ઝુંડમાંનાં છીએ, જોનાથન! અમે તારા બંધુ છીએ.' શબ્દો સુદઢ અને શાંત હતા. 'અમે તને વધુ ઊંચે લઈ જવા, તારે પોતાને ઘેર લઈ જવા આવ્યાં છીએ.'

'મારે કોઈ ઘર નથી, મારું કોઈ ઝુંડ નથી. હું તો બહિષ્કૃત છું. અત્યારે આપણે મહાન પર્વત વાયુધારાના શિખર પરથી ઊડી રહ્યાં છીએ. મારા આ વૃદ્ધ દેહને હું થોડાક સો ફૂટથી વધુ ઊંચે લઈ જઈ શકું તેમ નથી.'

'તું જરૂર લઈ જઈ શકે, જોનાથન! કારણ કે તું શીખ્યો છે. એક શાળાનું ભણતર પૂરું થયું છે, હવે બીજી શાળાનું ભણતર શરૂ કરવાનો સમય આવી પહોંચ્યો છે.'

એના આખા જીવન દરમિયાન જે સમજે અજવાળાં પાથર્યાં હતાં તે જ સમજે, તેની આ ક્ષણને પણ ઉજાળી. તેઓ સાચું જ કહેતાં હતાં. હજી પણ વધારે ઊંચે એ ઊડી શકે; અને હવે ઘેર જવાનો સમય આવી પુગ્યો છે!...એણે એક દીર્ઘ અંતિમ નજર નાખી - આકાશ તરફ અને ભવ્ય રૂપેરી ધરતી તરફ, જ્યાં એ ઘણું બધું શીખ્યો હતો. 'હું તૈયાર છું.' છેવટે એણે કહ્યું.

* * *

અને સાગરપંખી જોનાથન લિવિંગ્સ્ટન એ બે તારકોજ્જ્વલ પંખીઓ સાથે ઊડ્યો અને સંપૂર્ણ અંધારા આકાશમાં અદૃશ્ય થઈ ગયો. 'તો આ સ્વર્ગ છે!' — એણે વિચાર્યું, અને એને પોતાની જાત પર હસવું પડ્યું. હજી તો સ્વર્ગમાં પહેલું પગલું માંડતા હોઈએ ત્યાં જ એને ચકાસવા માંડ્યું, એ તે કંઈ રીત છે?

જેવો એ પૃથ્વી પરથી ઊંચે વાદળાંઓની પેલે પાર પહોંચ્યો કે તરત જ એણે જોયું કે પેલાં બે તેજસ્વી પંખીઓની જેમ એનું શરીર પણ પ્રકાશતું હતું. અલબત્ત, એની આ સોનેરી આંખો પાછળ એ જ ચિરયુવા જોનાથન હતો, પણ એનું બાહ્ય રૂપ બદલાઈ ગયું હતું. પોતાનું શરીર તો એને સાગરપંખીનું હોય એવું જ લાગતું હતું, પણ એના જૂના શરીર કરતાં આનાથી વધારે સારી રીતે ઊડી શકાતું હતું. એને થયું : હવે તો પહેલા કરતાં અડધી મહેનતે બેવડી ગતિ સધાશે; પૃથ્વી પરના સર્વોત્તમ ઉડાણ કરતાં બમણું સારું ઉડાણ!

હવે એનાં પીછાં રૂપેરી બનીને ચમકતાં હતાં અને પાંખો પણ પૉલિશ કરેલી ચાંદીની ચાદર જેવી સુંવાળી અને સુંદર લાગતી હતી. આ નવી પાંખો અંગે વધુ જાણી લેવા, એમાં વધુ શક્તિ સીંચવા એણે ઉલ્લાસથી આરંભ કર્યો.

કલાકના ૨૫૦ માઈલે પહોંચતાં એને થયું કે આ એની વધુમાં વધુ ગતિ હતી. ૨૭૩ પર એને લાગ્યું કે હવે તો હદ આવી ગઈ. એને સહેજ નિરાશા થઈ. એના ભૂતકાળના વિક્રમો કરતાં એ ભલે ખૂબ આગળ વધી ગયો હોય, તેમ છતાંય આ નવા શરીરને પણ મર્યાદાઓ તો હતી જ. અને સ્વર્ગમાં તો સીમાઓ ન હોવી જોઈએ.

વાદળો વિખેરાયાં અને એના સંરક્ષકો અનેકાનેક શુભેચ્છાઓ દાખવી પાતળી હવામાં અલોપ થઈ ગયા.

ખાંચાખૂંચાવાળા કાંઠા પરના દરિયા પર એ ઊડતો હતો. થોડાંક પંખી ભેખડ પર ઊડવાના પ્રયોગ કરતાં હતાં. દૂર ઉત્તરે ક્ષિતિજમાં પણ કેટલાંક પંખી ઊડતાં હતાં. નવાં દૃશ્યો, નવા વિચારો, નવા પ્રશ્નો! અહીં આટલાં ઓછાં પંખી કેમ? સ્વર્ગ તો પંખીઓથી ભરાઈ જવું જોઈએ. અને હું આમ એકાએક આટલો થાકી કેમ ગયો? સ્વર્ગમાં તો કદી કોઈ સાગરપંખી થાકે નહિ કે ઊંઘે નહિ.

આ એણે ક્યાં સાંભળ્યું હતું? પૃથ્વી પરના જીવનની સ્મૃતિઓ હવે ભૂંસાવા માંડી હતી. પૃથ્વી પર એ ઘણું બધું શીખ્યો હતો, એ ખરું, પરંતુ એની વિગતો ઝાંખી પડી ગઈ હતી. ખોરાક માટેનો સંઘર્ષ અને બહિષ્કૃત થયાની વાત!

સાગરકાંઠા પરનાં ડઝનેક જેટલાં પંખી એને મળવા આવ્યાં.

કોઈ કંઈ બોલ્યું નહિ. એને લાગ્યું કે અહીં એનું સ્વાગત થઈ રહ્યું છે અને આ જ એનું ઘર છે. દિવસ પણ ખાસ્સો લંબાઈ ગયેલો એણે અનુભવ્યો. આજનો સૂરજ ઊગવાનું ટાણું તો જાણે યાદ જ નહોતું આવતું!

હવામાં એક ઇંચ પાંખો ફફડાવીને તે હળવેક રહીને રેતીમાં ઊતર્યો. બીજાં પંખીઓ પણ એની સાથે જ ઊતર્યાં, પરંતુ કોઈએ જરા સરખી પાંખ ફફડાવી નહિ. રૂપેરી પાંખો ફેલાવી હવામાં તેઓ ઝૂલ્યાં, અને પછી કોઈક રીતે તેમણે પાંખોનો વળાંક બદલ્યો. અને જેવાં તે અટક્યાં કે તેમના પગ જમીનને અડ્યા. ગજબનો કાબૂ તેઓ ધરાવતાં હતાં, પણ અત્યારે જોનાથન એટલો થાકી ગયો હતો, કે એ પ્રયોગ ન કરતાં કાંઠા પર ઊભો હતો ત્યાં જ એક શબ્દ પણ બોલ્યા સિવાય ઊંઘી ગયો.

દિવસો વીતતા ગયા તેમ જોનાથનને સમજાયું કે ઉડ્ડાણ વિશે ભૂતકાળમાં જેટલું શીખવાનું પડ્યું હતું તેટલું જ અહીં પણ છે, પણ એમાં તફાવત છે. અહીં પોતાની જેમ જ વિચારનારાં બીજાં સાગરપંખીઓ હતાં. તેઓમાંના દરેક માટે, ઊડવાની મનગમતી બાબતમાં પૂર્ણતા પામવી એ જીવનની સર્વોપરી ચીજ હતી. તેઓ બધાં જ ભવ્ય પંખીઓ હતાં અને રોજ તેઓ કલાકોના કલાકો ઊડવાનો અભ્યાસ કરવામાં, ઉચ્ચ પ્રકારની વૈજ્ઞાનિક પદ્ધતિઓ ચકાસવામાં વિતાવતાં.

ઊડવાના આનંદ પ્રત્યે ઘોર ઉપેક્ષા દાખવનાર, કેવળ પોતાનું પેટ ભરવા પૂરતું જ પાંખોને વાપરનાર પોતાના પૃથ્વીવાસી જાતબંધુઓને ઘણા લાંબા સમય સુધી જોનાથન ભૂલી ગયેલો. પરંતુ હવે અવારનવાર તેઓ ક્ષણ પૂરતાં યાદ આવવા લાગ્યાં.

એક સવારે પોતાના પ્રશિક્ષકની સાથે સમેટાયેલી પાંખોના ત્વરિત ગોળ ગોળ ગતિના પ્રયોગો કર્યા પછી એ આરામ કરતો હતો, ત્યારે વળી પાછું એને બધું યાદ આવ્યું.

'બધાં ક્યાં છે, સલીવન?' એણે મૂંગામૂંગા પૂછ્યું. પૃથ્વી પરની ચીસો અને બૂમાબૂમને બદલે અહીંનાં પંખીઓ મનોમન જ વાતો કરતાં; અને જોનાથનને પણ હવે એ ફાવી ગયું હતું. 'આપણાં બીજાં ભાંડરડાં અહીં કેમ નથી? જ્યાંથી હું આવ્યો ત્યાં તો કેટલાં બધાં…'

સલીવને પોતાનું માથું ધુણાવ્યું. 'મને તો એનો એક જ જવાબ સૂઝે છે કે તારા જેવો તો લાખો પંખીઓમાં એકાદો માંડ મળે. અમારામાંથી મોટા ભાગનાં તો અહીં લાંબા વખતે ધીરે ધીરે પહોંચ્યાં છીએ, અમે એક લોકથી એના જેવા જ બીજા લોકમાં ફર્યા કર્યું. અમે ક્યાંથી આવ્યાં હતાં તે સાવ ભૂલી ગયાં, ક્યાં જતાં હતાં તેની દરકાર કરી નહિ. તે તે ક્ષણમાં જ અમે જીવ્યાં. પેટનો ખાડો પૂરવા, ઝઘડવા ને આગેવાની મેળવવા ઉપરાંત જીવનમાં કંઈક છે તેનું ભાન થતાં અમારા કેટલા જન્મારા વીત્યા તેનો તને ક્યાંથી ખ્યાલ હોય? હજાર જન્મો જોનાથન, ના, દસ હજાર! પૂર્ણતા નામની કોઈ ચીજ છે તેનું ભાન થતાં બીજી સો જિંદગીઓ વીતી ગઈ, અને જીવનનો ઉદ્દેશ એ પૂર્ણતાને પ્રાપ્ત કરવાનો ને તેનો આદર્શ બીજા સામે રજૂ કરવાનો છે, એ સમજવામાં વળી બીજા સો જન્મ લાગ્યા.

અહીં પણ અમારે માટે તો એ જ નિયમ છે. આ લોકમાં અમે જે શીખીએ છીએ તે પરથી અમારું આગામી જગત નક્કી થાય છે. કશું જ ન શીખ્યા તો પછી આગલું જગત આના જેવું જ હોય છે – આ જ મર્યાદાઓ અને આ જ બંધન!

પોતાની પાંખોને ફેલાવી પવન તરફ ફરીને એ બોલ્યો : 'જ્યારે જોન, તું? અહીં પહોંચવા તારે હજારો જિંદગી પસાર ન કરવી પડી, એકી વખતે જ તું બધું શીખી ગયો.'

અને પછી તેઓ અભ્યાસમાં ડૂબી ગયા.

એક સાંજે, રાત્રે ન ઊડનારાં પંખીઓ રેતીમાં વિચારમગ્ન ઊભાં હતાં. જોનાથન બધી હિંમત ભેગી કરી તેમાંના સૌથી વયોવૃદ્ધ વડીલ પાસે પહોંચ્યો. એમને માટે કહેવાતું કે તરત જ તેઓ આ જગતને છોડી બીજે જવાના છે.

'ચ્યાંગ...!' થોડોક ગભરાઈને એ બોલ્યો.

વૃદ્ધ સાગરપંખીએ એની સામે માયાળુપણે જોયું : 'શું બેટા?' વૃદ્ધત્વે એને નિર્બળ બનાવવાને બદલે સબળ બનાવ્યો હતો. જમાતના કોઈ પણ સાગરપંખી કરતાં એ વધારે ઊંચે ઊડી શકતો હતો અને બીજાં હજી જેમાં કક્કો બારાખડી ઘૂંટતાં હતાં તેમાં તેણે નિપુણતા પ્રાપ્ત કરી લીધી હતી.

'ચ્યાંગ, આ જગત કંઈ સ્વર્ગ નથી ખરું ને?'

ચાંદનીમાં વૃદ્ધ ચ્યાંગ હસ્યો. 'તું ફરી શીખવા લાગ્યો છે, જોનાથન!'

'એ તો ખરું, પણ પછી અહીંથી આગળ ક્યાં જવાનું? સ્વર્ગ નામની શું કોઈ જગ્યા જ નથી?'

'ના બેટા, એવી કોઈ જગ્યા નથી. સ્વર્ગ ન સ્થળમાં વસે છે, ન કોઈ કાળમાં. જીવનમાં પરિપૂર્ણતા પામવી એ જ તો સ્વર્ગ છે.'

એક ક્ષણ તે અટક્યો. 'તું તો હવે ખૂબ ઝડપે ઊડે છે, નહિ?'

'હું? ...હા, મને ગતિ ગમે છે.' પોતાની આવડત તરફ વડીલનું

ધ્યાન ગયા બદલ ગૌરવ અનુભવવા છતાંય થોડું સંકોચાઈને એણે જવાબ આપ્યો.

'જે ક્ષણે તું પૂર્ણ ગતિને પામીશ તે ક્ષણે તું સ્વર્ગના સીમાડા આંબીશ. પણ પૂર્ણ ગતિ એટલે કલાકના હજાર કે લાખ માઈલની ગતિ કે પ્રકાશની ગતિ નહિ. કારણ કે કોઈ પણ આંકડાને તો મર્યાદા જ છે, અને પૂર્ણતાને કોઈ મર્યાદા નથી. પૂર્ણ ગતિ એટલે - ત્યાં હોવું તે.'

કશી ચેતવણી વિના ચ્યાંગ અલોપ થઈ ગયો અને ક્ષણાર્ધમાં તો પચાસ ફૂટને અંતરે પાણીની કિનારીએ દેખાયો. પછી ફરી અદ્રશ્ય થઈ ગયો અને એક ક્ષણના લાખમા ભાગમાં જોનાથનની બાજુમાં હાજર : કહે, "આ તો ગમ્મત છે!"

જોનાથન ચકિત થઈ ગયો. સ્વર્ગ વિશે પૂછવાનું રહ્યું બાજુ પર, "આ તમે કેવી રીતે કરો છો? તમે કેટલે દૂર આ રીતે જઈ શકો?"

'તું ઇચ્છે ત્યારે કોઈ પણ સ્થળે, કોઈ પણ કાળમાં જઈ શકે છે; જે કોઈ સ્થળ, જે કોઈ સમયની હું કલ્પના કરી શકું ત્યાં હું ગયો છું, જોનાથન!' એણે સાગરપાર નજર નાખી. 'આ વિચિત્ર છે. જે સાગરપંખી યાત્રાને ખાતર પૂર્ણતાની અવહેલના કરે છે, તેઓ ધીરે ધીરે ક્યાંય પહોંચતાં નથી. જેઓ યાત્રાને ભોગે પૂર્ણતાને પસંદ કરે છે તેઓ તત્ક્ષણ ગમે ત્યાં જઈ શકે છે. જોનાથન, તું એટલું યાદ રાખજે : સ્વર્ગ એ ન કોઈ સ્થળ છે, ન કોઈ કાળ છે. કારણ કે સ્થળ અને કાળ બંને અત્યંત નિરર્થક છે. સ્વર્ગ તો...'

'તમે મને આવું ઊડતાં શીખવી શકો?' બીજા એક અજ્ઞાતને

જીવતા સાગરપંખી જોનાથન થનગની ઊઠ્યો.

'ચોક્કસ, તું શીખવા ઇચ્છે તો!'

'હું ઇચ્છું છું. આપણે ક્યારે શરૂ કરીશું?'

નાનકડા જોનાથનને ઘડીભર આંખોમાં સમાવી લઈને ધીરે ધીરે ચ્યાંગ બોલ્યો : 'વિચારની ઝડપે ગમે ત્યાં પહોંચવા માટે તમારે ત્યાંથી આરંભ કરવો જોઈએ કે, જ્યાં જવું છે ત્યાં જાણે કે તમે પહોંચી ગયા છો...'

ચ્યાંગની દૃષ્ટિએ જોનાથન માટે યુક્તિ એ હતી કે જોનાથન પોતાને બેતાળીસ ઇંચ પહોળી પાંખોનો વિસ્તાર અને કાગળ પર આંકી શકાય તેવી ક્ષમતાવાળા દેહમાં પોતાને બંદી ન માને. એની યુક્તિ હતી-એ જાણી લેવું કે એનું મૂળ સ્વરૂપ કોઈ પણ વણલખ્યા આંકડા જેટલું જ પૂર્ણ છે, અને તે કાળ અને સ્થળની આરપાર સર્વત્ર અને સર્વદા વસે છે, અને આ જાણવા માટે શ્રદ્ધાની જરૂર નહોતી, જેમ ઉડાણ શીખવા માટે શ્રદ્ધા જરૂરી નહોતી.

જોનાથન ઘણા દિવસ સુધી આનો લગાતાર અભ્યાસ કરતો રહ્યો. એક દિવસે કાંઠા પર એ આંખ મીંચી એકાગ્રતામાં ઊભો હતો ત્યારે એકાએક એક ઝબકારામાં એને ચ્યાંગ કહેતા હતા તે સમજાયું. 'અરે, વાહ! આ તો સાવ સાચી વાત! હું એક પૂર્ણ સીમાહીન સાગરપંખી છું.' આનંદનો એણે એક તીવ્ર આઘાત અનુભવ્યો.

'સરસ.' ચ્યાંગે કહ્યું. એના અવાજમાં વિજયનો ટંકાર હતો.

જોનાથને આંખો ખોલી. ચ્યાંગની સાથે એ સાવ બીજા જ કોઈ સાગરને કાંઠે ઊભો હતો, જ્યાં વૃક્ષો પાણી કાંઠાને અડીને ઊભાં હતાં, અને આકાશમાં બે સૂરજ પરિક્રમા કરતા હતા.

'છેવટે તને જે જોઈતું હતું તે તને મળી ગયું, પણ હજીય તારા સંયમને થોડા વધુ અભ્યાસની જરૂર છે.'

'આપણે ક્યાં છીએ?' જોનાથને દિગ્મૂઢ થઈને પૂછ્યું.

'આપણે કોઈક ગ્રહ ઉપર છીએ, જ્યાંનું આકાશ લીલું છે અને જ્યાં સૂરજને બદલે તારાદ્વય છે.' બદલાયેલા વાતાવરણની અસરથી સદંતર મુક્ત ચ્યાંગે સહજપણે કહ્યું.

તેઓ પાછાં ફર્યાં ત્યારે અંધારું થઈ ગયું હતું. પોતાની સોનેરી પણ થોડી ભયભીત આંખે બધાં સાગરપંખીઓએ જોનાથન સામે જોયું, કારણ કે એ સૌએ એને અદશ્ય થઈ જતાં જોયો હતો.

બધાંએ એને અભિનંદન આપ્યાં. નજીક ઊભેલા સલીવને કહ્યું : 'જોન, ભારે અચરજની વાત છે કે દસ હજાર વર્ષોમાં તારા જેવો મને કોઈ નથી ભેટ્યો, જેને નવું શીખવાની બાબતમાં કોઈ ભય જ ન મળે!'

ચ્યાંગે કહ્યું : 'તું ઇચ્છે તો આપણે સમય સાથેના પ્રયોગો શરૂ કરી શકીએ, જેથી તું ભૂત અને ભવિષ્યકાળ પર્યંત જઈ શકે; અને એ શીખ્યા પછી તું સૌથી મુશ્કેલ, સૌથી શક્તિશાળી અને સૌથી મજેદાર પાઠ શીખવાને તૈયાર થઈ શકીશ. ત્યારે તું ઊર્ધ્વ-ઉડાણ કરવા માટે અને પ્રેમ તથા કરુણાનો અર્થ સમજવા માટે યોગ્ય બનીશ.'

લગભગ મહિનો વીત્યો કે મહિનો વીત્યા જેવું લાગ્યું, અને જોનાથને ગજબનાક ઝડપથી શીખવા માંડ્યું. આમ તો સામાન્ય અનુભવમાંથી પણ એ ઝડપથી શીખી લેતો. પરંતુ હવે તો વડીલનો ખાસ વિદ્યાર્થી હોવાને કારણે નવા નવા પાઠોને કમ્પ્યૂટરની જેમ તે આત્મસાત્ કરવા માંડ્યો.

અને એક દિવસ ચ્યાંગ અદૃશ્ય થઈ ગયો. બધાંની સાથે એ શાંતિપૂર્વક વાતો કરતો હતો કે શીખવાનું અને અભ્યાસ કરવાનું બંધ કરતા નહિ, સમસ્ત જીવનનો જે અદૃશ્ય પૂર્ણ સિદ્ધાંત છે તેને વધુ ને વધુ સમજવાના પ્રયત્નો કદી છોડતા નહિ, અને જેમ જેમ એ બોલતો ગયો તેમ તેમ એની પાંખો વધુ ને વધુ ચમકવા લાગી અને છેવટે એટલી બધી તેજોજ્જ્વલ થઈ ગઈ કે એની સામે ટીકીને કોઈ સાગરપંખી જોઈ શક્યું નહિ. આ એના અંતિમ શબ્દો હતા.

'જોનાથન! તારી પ્રેમની સાધના ચાલુ રાખજે,' અને ફરી તેઓ જોઈ શક્યાં, ત્યારે ચ્યાંગ જતો રહ્યો હતો.

વળી જેમ જેમ દિવસો પસાર થવા માંડયા, તેમ જોનાથનને, જ્યાંથી પોતે આવ્યો હતો તે પૃથ્વી યાદ આવવા માંડી. આજે એ જે જાણતો હતો તેમાંનો દસમો ભાગ, અરે સોમો ભાગ પણ જો એ ત્યાં જાણતો હોત તો ત્યાંનું જીવન કેટલું અર્થપૂર્ણ હોત! એના મનમાં વિચાર આવ્યો કે અત્યારે ત્યાં એવું કોઈ પંખી હશે કે જે પોતાની સીમાને ઉલ્લંઘવાનો પ્રયત્ન કરતું હોય, પોતાના ઊડવાનો રોટલાના ટુકડા મેળવવાના પ્રયત્ન કરતાં વધારે અર્થ શોધવા મથતું હોય! પોતાની જમાતને સત્ય વાત કહેવા બદલ વળી પાછો કોઈ ન્યાત બહાર મુકાયોયે હોય! અને જોનાથન જેમ જેમ એ કરુણાના પાઠનો અભ્યાસ કરતો ગયો, પ્રેમના સ્વરૂપને સમજવાનો યત્ન કરતો ગયો, તેમ તેમ પૃથ્વી પર પાછા ફરવાની એની ઇચ્છા તીવ્ર થતી ગઈ. ભલે એનું જીવન એકાકી હતું, પણ એનું હાડ એક શિક્ષકનું હતું, અને પ્રેમ પ્રગટ કરવાની તેની પોતાની રીત એ હતી કે જે સાગરપંખી સત્યને જોવા તક માગતું હોય તેને, પોતે જે સત્ય પામ્યો છે તેનો થોડોક પણ

અંશ આપવો.

પણ વિચારની ઝડપે ઊડવામાં હવે દક્ષ બનેલા અને બીજાઓને પણ એટલી ઊંચાઈએ લઈ જવામાં મદદ કરતા સલીવનને શંકા આવી. તેણે કહ્યું : 'જોન, એક વાર તું બહિષ્કૃત થયો છે. હવે તું શું કામ એમ વિચારે છે કે એમાંનું કોઈ સાગરપંખી તને સાંભળશે? તું જ્યાંથી આવ્યો ત્યાંનાં સાગરપંખી તો જમીન પર ઊભાં છે, અને હજી આપસમાં લડે-ઝઘડે છે. સ્વર્ગથી તેઓ હજારો માઈલ દૂર છે અને તું એમને સ્વર્ગ દેખાડવા ઇચ્છે છે, પણ એ લોકો તો એમની પાંખોના છેડાયે જોઈ શકતાં નથી. તારી ધૂન છોડ, જોનાથન! તું અહીં જ રહે અને અહીંના મિત્રોને તું મદદ કર.'

થોડા દિવસ જોનાથન ત્યાં જ રહીને સાગરપંખીઓને તાલીમ આપતો રહ્યો. તેઓ ખૂબ તેજસ્વી હતાં, અને નવા પાઠો શીખવામાં કુશાગ્ર હતાં. પણ તો ય પેલો વિચાર એનો પીછો છોડતો નહિ કે પૃથ્વી પર એવાં એકાદ-બે પંખી જરૂર હશે, જે આ બધું શીખી શકે. જે દિવસે એ ન્યાત બહાર મુકાયો તે જ દિવસે એને જો ચ્યાંગ મળ્યો હોત તો આજે એ કેટલો બધો આગળ હોત!

'સલી, મારે પાછા જવું જ પડશે. તારા વિદ્યાર્થીઓનું ગાડું તો પાટા પર છે. નવા આગંતુકોને શીખવવામાં પણ એ સૌ કામ લાગે તેવા છે.'— છેવટે એક દિવસ એને કહેવું પડ્યું.

સલીવને નિસાસો નાંખ્યો પણ દલીલ ન કરી : 'જોનાથન, તારી ખોટ મને સાલશે.'

'છટ્, સલી. તું આ શું કહે છે?' જોનાથને ઠપકાભર્યા સ્વરે કહ્યું, 'આપણે રોજરોજ શેની સાધના કરીએ છીએ? જો આપણી

મૈત્રી સ્થળ અને કાળ જેવી વસ્તુઓ પર અવલંબિત હોય તો તો પછી કાળ-સ્થળને જીતીને આપણે આપણી બંધુતાને ખોવાની જ ને? પણ એક વાર સ્થળને જીતી લો, પછી જે શેષ રહે છે તે છે —'અહીં' એકવાર કાળને જીતી લો અને પછી જે શેષ રહે તે છે —'અત્યારે.' અને આ 'અહીં અને અત્યારે'ની વચ્ચે જીવતાં જીવતાં શું આપણે એકમેકને એક-બે વાર મળીશું નહિ?'

પોતાની વેદનાને ગળી જતાં સલીવન બોલ્યો : 'મારા પાગલ દોસ્ત, પૃથ્વી પરથી હજારો માઈલ દૂર જોવાની કળા જો કોઈ શીખવી શકે તેમ હોય તો તે કેવળ જોનાથન લિવિંગસ્ટન! જા, ભાઈ! તને અનેકાનેક શુભેચ્છાઓ! આવજે!'

'આવજે, સલી, ફરી મળીશું.'

અને એ જ ક્ષણે જોનાથને મનોમન સાગરકાંઠે ઊભેલાં પંખીઓના એક વિશાળ ટોળાની કલ્પના કરી અને એણે અનુભવ્યું કે એ પોતે પણ કેવળ હાડકાં અને પીંછાં નથી, પણ કશાથી જ, મર્યાદિત ન થતી, સ્વતંત્રતા અને ઉડાણની એક પૂર્ણ કલ્પના છે.

* * *

સાગરપંખી ફ્લેચર લીન્ડ હતું તો સાવ નાનકડું પંખી, પણ જમાતની નિષ્ઠુરતા અને અન્યાયનો અનુભવ એને થઈ ચૂક્યો હતો.

આમથી તેમ કૂદવું ને પાંખો ફફડાવવી-આટલું જ શું જીવન છે? આટલું તો મચ્છર પણ કરે. ન્યાતના વાડાની આજુબાજુ કેવળ ગમ્મત ખાતર ગોળ ગોળ ઊડ્યો તેમાં તો લો, થઈ ગયા ન્યાતબહાર! શું તેઓ આંધળા છે? કંઈ જોઈ શકતા નથી? ભલે એ લોકો ગમે તે સમજે, મને તેની કંઈ દરકાર નથી. ઊડવું એટલે શું તે હું તેમને બતાવી આપીશ. હું બહારવટે ચડીશ... પછી

તેમને પસ્તાવું પડશે.

ત્યાં તો એની અંદરથી જ એક અવાજ આવ્યો. અવાજ ખૂબ ધીમો હોવા છતાં તે એટલો બધો ચોંકી ગયો કે હવામાં લથડિયું ખાઈને એ ગબડવા લાગ્યો.

'તું એમના પર ગુસ્સે ન થઈશ, ફ્લેચર! તારો બહિષ્કાર કરી સાગરપંખીઓએ પોતાને જ નુકસાન કર્યું છે. એક દિવસ તેમને આ સમજાશે અને આજે તને જે દેખાય છે તે તેમને પણ દેખાશે. એમને માફ કર અને તેઓ સમજી શકે તે માટે તેમને મદદ કર.'

ફ્લેચરની જમણી પાંખથી એક ઇંચ દૂર રહીને પૃથ્વી પરનું સૌથી વધુ તેજસ્વી સફેદ પંખી ઊડી રહ્યું હતું. કશો જ પ્રયાસ કર્યા વિના એ સરકતું હતું. એનાં પીંછાં પણ લેશમાત્ર ફરકતાં નહોતાં, છતાં એની ગતિ ફ્લેચરની વધુમાં વધુ ગતિ જેટલી હતી.

નાનકડા પંખીના જીવનમાં ઊથલપાથલ મચી ગઈ.

'આ બધું શું થઈ રહ્યું છે? શું હું પાગલ થઈ ગયો છું? મરી ગયો છું?'

એક ધીમો ને શાંત અવાજ એની પાસેથી જવાબ માગતો સંભળાયો : 'ફ્લેચર લીન્ડ સાગરપંખી, તારે ઊડવું છે?'

'હા, મારે ઊડવું છે!'

'ફ્લેચર લીન્ડ સીગલ, ખરે જ શું તારે એટલું ઊડવું છે, કે તું તારા સમાજને માફ કરી શકે, અને શીખી શકે, અને એક દિવસ એમની વચ્ચે પાછા જઈ જાણવા-સમજવામાં એમને મદદ કરી શકે?'

આવા ભવ્ય અને કુશળ જીવની સામે જૂઠું બોલાય તેમ નહોતું. પછી ભલેને ફ્લેચર સીગલ ગમે તેટલો અભિમાની કે ઘવાયેલો હોય!

'હા, જરૂર.' એણે મૃદુતાથી કહ્યું.

'તો ફ્લેચર,' પેલા તેજસ્વી પંખીએ કહ્યું. તેનો અવાજ અત્યંત માયાળુ હતો. 'આપણે સમાંતર ઉડાણથી શરૂ કરીએ...'

* * *

દૂરથી ભેખડો પર ચક્કર મારતો જોનાથન નિરીક્ષણ કરતો હતો. નાનકડો ફ્લેચર આદર્શ વિદ્યાર્થી હતો. હવામાં એ મજબૂતી સાથે લચીલાપણું તથા ઝડપ તો રાખી જ શકતો, પણ તેથીય વિશેષ તો એનામાં ઊડતાં શીખવાની એક અથક તમન્ના હતી.

ત્રણ મહિનાના અંતે જોનાથનને બીજા છ વિદ્યાર્થીઓ મળી ગયા. બધા જ ન્યાતબહાર હતા, છતાંય ઊડવાના આનંદ ખાતર ઊડવાના આ નવા વિચાર વિશે તેમને ખૂબ કુતૂહલ હતું.

તેમ છતાંય આ પ્રયોગોને સમજવાનું એમને માટે જેટલું સરળ હતું તેટલું એની પાછળ છુપાયેલા રહસ્યને સમજવું સરળ નહોતું.

'હકીકતમાં આપણમાંનો દરેક જણ મહા સાગરપંખીનો વિચાર છે, સ્વતંત્રતાનો સીમાહીન વિચાર.' સાંજ પડ્યે કાંઠા પર બેસીને જોનાથન સૌને સમજાવતો. 'અને આમ ચોક્કસ દૃષ્ટિપૂર્વકનાં આ ઉડ્ડયનો એ આપણા મૂળ સ્વરૂપને વ્યક્ત કરવાનો પ્રયાસ માત્ર છે. આપણને જે કંઈ બાંધે, સીમિત કરે તેને આપણે છોડવાનું છે. એટલા માટે જ આ બધાં જુદી જુદી જાતનાં ઉડાણ છે.'

...અને દિવસ આખો ઊડઊડ કરીને થાકેલા એના શિષ્યો સાંભળતાં-સાંભળતાં ઊંઘી જતા. એમને ઊડવાનો અભ્યાસ ગમતો, કારણ કે એમાં ગતિ હતી અને પ્રત્યેક પ્રયોગ નવું ને નવું, વધુ ને વધુ શીખવાની ભૂખને સંતોષતો, પણ એમાંના કોઈને પણ, ફ્લેચર લીન્ડને પણ, હજી એ વાતની પ્રતીતિ નહોતી કે પવન

અને પાંખો જે ઊંચાઈએ પહોંચી શકે છે, ત્યાં સુધી વિચારો પણ ઊંચા ઊડી શકે.

'તમારી પાંખના આ છેડેથી પાંખના પેલા છેડા સુધીનું તમારું શરીર તો તમારા વિચારનું જ મૂર્તસ્વરૂપ છે.' ક્યારેક જોનાથન તેમને કહેતો. 'વિચારને બંધનમુક્ત કરો, શરીર પણ બંધનમુક્ત બનશે.' પણ એ ગમે તેટલી ગંભીરતાપૂર્વક આ બધું કહે, શ્રોતાઓને તો એ પરીકથા જેવું જ લાગતું.

એકાદ મહિના પછી જોનાથને કહ્યું કે હવે આપણા સમાજમાં પાછા વળવાનો સમય આવી ગયો છે.

'અમારી તૈયારી નથી થઈ.' હેનરી કાલ્વીને કહ્યું : 'ત્યાં અમને આવકાર નથી. આપણે તો બહિષ્કૃતો છીએ. જ્યાં કોઈ આપણો ભાવ ન પૂછે ત્યાં આપણે પરાણે શું કામ જવું જોઈએ?'

'આપણે જ્યાં ઇચ્છીએ ત્યાં જવાને અને જે ઇચ્છીએ તે થવાને સ્વતંત્ર છીએ.' જોનાથને જવાબ આપ્યો. અને એ રેતી પરથી પૂર્વ દિશામાં, એનું પુરાણું ઘર હતું ત્યાં જવા ઊડ્યો.

એના શિષ્યવૃંદમાં રોષનો ધીમો ગણગણાટ શરૂ થયો, કારણ કે એમના સમાજનો એ કાનૂન હતો કે બહિષ્કૃતો પાછા ન આવી શકે. છેલ્લાં દસ હજાર વર્ષોમાં આ નિયમ એક વાર પણ તૂટ્યો નહોતો. નિયમ કહેતો હતો - 'નથી જવું.' જોનાથન કહેતો હતો 'ચાલો.' અને હવે તો એ દરિયામાં માઈલ જેટલો દૂર સરી ગયો હતો. હવે જો તેઓ વધુ સમય જવા દે તો પેલા ક્રૂર સમાજની સામે જોનાથન એકલોઅટૂલો પડી જાય.

'આપણે એ સમાજના સભ્ય ન હોઈએ તો આપણને એના નિયમો ક્યાંથી લાગુ પડે?' ફ્લેચરે કહ્યું. 'વળી, ત્યાં જો લડવાનું

આવી પડે તો અહીં કરતાં ત્યાં આપણે વધુ ઉપયોગી થઈ શકીએ.'

અને પછી એ સવારે એમનામાંથી આઠ જણ એકીસાથે એક જ હરોળમાં જોનાથનના નેતૃત્વમાં પશ્ચિમ તરફ ઊડ્યા, અને કલાકના ૧૩૫ માઈલની ઝડપે તેમના ઝુંડની વચ્ચે આવી પહોંચ્યા.

કાંઠા પરના ટોળાની રોજિંદી કિકિયારી અને ચિચિયારી આ લોકોના આવવાથી એકદમ શમી ગઈ અને સાગરપંખીઓની આઠ હજાર આંખો એમની સામે પલકારો માર્યા વિના તાકી રહી. એક પછી એક, એમ આઠેય પંખીઓએ ઊભો વળાંક લીધો અને અત્યંત ધીમી ગતિએ રેતી પર આવીને તેઓ ઊભાં રહ્યાં. અને જાણે આ તો રોજની બીના હોય તેમ અત્યંત સ્વાભાવિકતાથી જોનાથને ઊડવા અંગેનું પોતાનું વિવેચન શરૂ કર્યું.

ટોળા પર જાણે વીજળી પડી. આ તો પેલાં બહિષ્કૃત પંખી! અને એ લોકો પાછાં ફર્યાં છે! પણ... પણ એવું બની જ કેમ શકે?

'ભલેને એ લોકો ન્યાતબહાર મુકાયાં હોય, પણ આવું ઊડતાં એ લોકો શીખ્યાં ક્યાંથી?' એમાંના થોડાંક નવજુવાન સાગરપંખીઓએ કહ્યું.

સભાપતિનો શબ્દ દરેકના કાને પહોંચતાં તો કલાક વીતી ગયો... એમની અવગણના કરો. ન્યાતબહાર મૂકાયેલાની સાથે જે વાત કરશે તે ન્યાતબહાર મુકાશે. એમની સામે જોનાર જમાતના કાનૂનનો ભંગ કરે છે... પંખીઓએ પીઠ ફેરવી લીધી, પણ જોનાથન જાણે એ કશું જોતો જ નહોતો. એણે તો પોતાના પ્રયોગો ચાલુ રાખ્યા અને પોતાના શિષ્યોને પણ તેમનામાં રહેલા શ્રેષ્ઠને પ્રગટાવવા ભાર દઈને કહ્યું :

'માર્ટિન, તું કહેતો હતો ને કે તને હળવી ગતિએ ઊડતાં આવડે છે. પણ તારે એ પુરવાર કરી બતાવવું જોઈએ. ચાલ ઊડ જોઉં!'

અને નાનકડો સાગરપંખી માર્ટિન વિલિયમ પોતાના ગુરુનું ધ્યાન પોતાની તરફ ખેંચાયું એ બદલ આશ્ચર્ય અનુભવતો, ધીમી ગતિના પ્રયોગોમાં જાણે જાદુગર જ બની ગયો. પવનની એકદમ હળવી લહેરમાં પાંખોને સહેજ પણ ફફડાવ્યા સિવાય પીંછાંને વાળી ધરતી પરથી ઊંચે ઊડીને વળી પાછો એ નીચે આવી શકતો.

એવી જ રીતે સાગરપંખી ચાર્લ્સ રૉલેન્ડ પણ મહાપર્વત વાયુધારા પર ચોવીસ હજાર ફૂટ ઊંચો ઊડ્યો અને ત્યાંની ઠંડી પાતળી હવામાં ભૂરોભસ્સ થઈ પાછો ફર્યો. પણ એ આશ્ચર્યમુગ્ધ અને પ્રફુલ્લિત હતો, અને આવતી કાલે એથીય વધુ ઊંચે ઊડવાનો એણે નિશ્ચય કર્યો હતો!

સાગરપંખી ફ્લેચરને તો હવાઈ કસરતો જેવું બીજું કશું જ ન ગમતું. એણે સોળ આંકની ધીમી ગોળગોળ ચક્કર ખાતી સીધી ડૂબકી શીખી લીધી અને એના બીજે દિવસે તો એથીય અઘરી એવી પોતાની ધરીની આજુબાજુ ગોળચક્કર ફરતી ઘૂમરી ખાતી ડૂબકી પર વિજય મેળવ્યો. એની પાંખો પર સાગરકાંઠાના સૂરજનો તેજસ્વી ચમકાર પ્રતિબિંબિત થતો, જ્યાંથી અનેક છૂપી આંખો એને ધારીને જોઈ રહેતી.

પોતાના શિષ્યો પાસે જોનાથન હંમેશાં હાજર રહેતો. ક્યારેક પોતે પ્રયોગો કરીને બતાવતો, સૂચનો આપતો, આગ્રહ કરતો, માર્ગદર્શન આપતો. એમની સાથે તે રાતે, તોફાન-વરસાદમાં કે આનંદ ખાતર ઊડતો, અને આ આખોયે વખત ધરતી પર એમનો સમાજ લાચાર થઈને જોઈ રહેતો.

અભ્યાસ પછી ધરતી પર વિસામો ખાતાં ખાતાં જોનાથનના શિષ્યો હવે તેની સૂચનાઓ એકાગ્રતાપૂર્વક સાંભળતા. એના કેટલાક

વિચિત્ર વિચારો સમજાતા નહોતા, પણ બીજા કેટલાક સમજાતા અને કામના લાગતા.

ધીમે ધીમે રાતને સમયે, આ વિદ્યાર્થીઓના વર્તુળની આજુબાજુ બીજું એક કુંડાળું થવા માંડ્યું, જિજ્ઞાસુ સાગરપંખીઓનું કુંડાળું. અંધારામાં જે કંઈ સૂચનાઓ અપાતી તેને તેઓ ધ્યાનપૂર્વક સાંભળતાં, પોતાને કોઈ જુએ નહિ, પોતે પણ કોઈને જુએ નહિ, તેની તેઓ કાળજી રાખતાં અને સવાર પડે તે પહેલાં સરકી જતાં.

બહિષ્કૃતોને પાછાં આવ્યાને મહિનો થયો હશે તેટલામાં ટોળામાંના એક પંખીએ પોતાની વાડ ભેદીને આગળ આવીને ઊડવાની રીત પૂછી. આટલું પૂછવા બદલ ટેરેન્સ લોવેલને ન્યાતબહાર મૂકવામાં આવ્યો. આમ જોનાથનને આઠમો શિષ્ય મળ્યો.

પછીની રાતે લથડિયાં ખાતો, અને પોતાની નકામી ડાબી પાંખને ઘસડતો સાગરપંખી કર્ક મેનાર્ડ આવીને જોનાથનના પગ પાસે ઢગલો થઈને પડ્યો. 'મને મદદ કરો. મારે જીવનમાં બીજું કશું જોઈતું નથી, ફક્ત ઊડતાં શીખવું છે...'

'ચાલ ત્યારે, જમીન પરથી મારી સાથે ઉપર ચડ. આપણે હમણાં જ શરૂ કરીએ.'

'તમે સમજતા નથી. મારી પાંખો તો જુઓ. હું એને હલાવી શકતો નથી.'

'સાગરપંખી મેનાર્ડ, તારી જાતને, તારા મૂળ સ્વરૂપને પામવા અહીં ને અત્યારે જ તને પૂર્ણ સ્વાતંત્ર્ય છે, તેની આડે કોઈ ન આવી શકે. આ એ મહાસાગરપંખીનો કાનૂન છે, એક માત્ર કાનૂન.'

'તમે એમ કહો છો કે હું ઊડી શકું?'

'હું તો એટલું જ કહું છું કે તું મુક્ત છે.'

તરત જ કર્ક મેનાર્ડે પોતાની પાંખો ફેલાવી અને અત્યંત સરળતાપૂર્વક અનાયાસ અંધારી રાતની હવામાં એ અધ્ધર ઊંચકાયો. અને પાંચસો ફૂટ ઊંચેથી, શક્ય તેટલા મોટા અવાજે ઘાંટો પાડીને એ ગરજી ઊઠ્યો : 'અરે, હું ઊડી શકું છું, સાંભળો! હું ઊડી શકું છું.' અચાનક ઊઠેલા એના આ અવાજથી નીચેનું ટોળું ઊંઘમાંથી ઝબકીને જાગ્યું.

સવાર પડી ત્યારે શિષ્યવર્તુળની બહાર હજારેક જેટલાં પંખી મેનાર્ડની સામે ઉત્સુકતાપૂર્વક જોતાં ઊભાં હતાં. હવે એમને કોઈ જોઈ જાય તેની કશી પડી નહોતી. જોનાથનની વાતને સમજવાનો પ્રયત્ન કરતાં તેઓ સાંભળવા લાગ્યાં.

એની વાતો તો બધી ખૂબ સાદી હતી : સાગરપંખીને ઊડવાનો અધિકાર છે, સ્વાતંત્ર્ય તેની પ્રકૃતિ છે, એની આડે જે કંઈ આવે તેને દૂર કરવું જ જોઈએ, પછી એ કર્મકાંડ હોય, અંધવિશ્વાસ હોય કે કોઈ પણ પ્રકારની મર્યાદા હોય.

'એ જમાતનો કાનૂન હોય તો એને પણ બાજુએ મૂકી દઈ શકાય?'

'સ્વાતંત્ર્યના મુકામે પહોંચાડે તે જ સાચો કાનૂન. બીજો કોઈ કાનૂન નથી.' જોનાથને કહ્યું.

'તમે જેટલું ઊંચે ઊડી શકો છો, એટલું ઊંચે અમે કેવી રીતે ઊડી શકીએ?' એક બીજો અવાજ સંભળાયો. 'તમે તો વિશિષ્ટ, વરદાન પામેલા, દિવ્ય છો - બાકીનાં સાગરપંખીઓથી ઊંચા.'

'ફ્લેચરને જુઓ! લોવેલ, ચાર્લ્સ રૉલેન્ડ! તેઓ પણ શું વિશિષ્ટ, વરદાન પામેલાં, દિવ્ય છે? એ મારા - તમારા જેવા જ છે. તફાવત હોય તો માત્ર એટલો જ છે કે તેઓ પોતાના મૂળ સ્વરૂપને

ઓળખવા લાગ્યા છે અને એ પ્રમાણે અભ્યાસ કરે છે.'

ફ્લેચર સિવાયનાં બાકીનાં બધાં અસ્વસ્થ થઈ ગયાં. તેઓ આવું કંઈ કરી રહ્યાં છે, તેનું તેમને ભાન જ નહોતું.

દિવસે દિવસે, બહારનું પ્રેક્ષકગણ મોટું થતું ગયું. તેમાં જિજ્ઞાસુઓ હતાં, ભક્ત હતાં અને વખોડનારાં પણ હતાં. એક સવારે ફ્લેચરે કહ્યું : 'સમાજમાં બધા કહે છે કે તમે સાક્ષાત્ મહાસાગરપંખીના પુત્ર છો, કે પછી તમે અમારા સમયથી એક હજાર વર્ષ આગળ છો.'

જોનાથને નિસાસો નાખ્યો, 'વળી પાછી ગેરસમજની કિંમત ચૂકવવી પડશે?' કાં તો તમે શેતાનમાં ખપો, કાં ભગવાનમાં! 'તને શું લાગે છે, ફ્લેચર?'

દીર્ઘ મૌન. 'એવું કશું જ નથી, ભાઈ! જેને ઊડવું હોય તે ગમે ત્યારે આટલું ઊડતાં શીખી શકે છે. એને સમય સાથે કશો સંબંધ નથી. હા, આપણે ચાલુ પરંપરાઓથી જરૂર આગળ છીએ. મોટા ભાગનાં પંખીઓ જેમ ઊડે તેથી ઘણાં જ આગળ.'

*　　　*　　　*

અઠવાડિયા પછી, ફ્લેચર પોતાના નવા વર્ગને તેજ ગતિનાં તત્ત્વો પ્રયોગ કરીને બતાવતો હતો. હજી હમણાં જ એણે સાત હજાર ફૂટ ઊંચેથી ડૂબકી લગાવી હતી. ને કાંઠાથી ઊંચે લાંબી ભૂખરી રેખામાં એ ઊડ્યો હતો. ત્યાં 'મા મા' કરતું એક નાનકડું પંખી એના પહેલા પાઠનો અભ્યાસ કરતું એના રસ્તામાં અથડાયું. પેલા બચ્ચાને તારવી લેવા એ ડાબી બાજુ વળ્યો અને કલાકના બસો માઈલની ઝડપે એક કઠણ ખડક સાથે અથડાયો. આ બધું એક સેકંડના દસમા ભાગમાં બની ગયું.

એ ખડક એને માટે જાણે બીજી દુનિયામાં લઈ જનારું બારણું હતું. અથડાવાની સાથે ભય, આઘાત અને અંધકારથી એ ઘેરાઈ ગયો. અને પછી એકાએક એ કોઈ અજાણી - અવનવી દુનિયામાં ઊડવા લાગ્યો, સ્મૃતિ અને વિસ્મૃતિ વચ્ચે હિલોળા ખાવા લાગ્યો. તે ભયભીત, ઉદાસ અને ખિન્ન હતો. અતિશય ખિન્ન.

અને ત્યાં તો પહેલે દિવસે એને જોનાથન લિવિંગ્સ્ટન સીગલ મળ્યો ત્યારે જે અવાજ સંભળાયો હતો, તે ફરી સંભળાયો.

'ફ્લેચર, આપણે આપણી મર્યાદાઓને ક્રમશઃ ધીરજપૂર્વક ઓળંગવી એ જ સાચી રીત છે. ખડકને વીંધીને ઊડવાના પ્રયોગને આપણા અભ્યાસક્રમમાં હજી થોડી વાર હતી.'

'જોનાથન!'

'જે મહાસાગરપંખીનો પુત્ર પણ કહેવાય છે!' જોનાથને શુષ્કપણે કહ્યું.

'તમે અહીં શું કરો છો? અને પેલો ખડક... !...શું...હું હજી જીવું છું?'

'ઓહ, ફ્લેચર, તું મારી સાથે વાતો કરે છે પછી તું ક્યાંથી મરી ગયો હોય? થયું હોય તો એટલું જ કે ચેતનાના એક સ્તરમાંથી બીજા સ્તરમાં પહોંચવાનો તેં આડેધડ પ્રયત્ન કર્યો. હવે તારે પસંદગી કરવાની છે. તેં જે સ્તર છોડ્યું, તેના કરતાં આ સ્તર ઊંચું છે. અહીં રહીને પણ તું આગળનું શીખી શકે.'

'મારે તો મારા સમાજમાં પાછા જવું છે. હજી તો નવી ટુકડીને શીખવવાનું મેં હમણાં જ શરૂ કર્યું હતું.'

'ખૂબ સરસ, ફ્લેચર! આપણે કહેતા હતા ને, કે શરીર વિચાર સિવાય બીજું કશું જ નથી...'

* * *

ફ્લેચરે માથું હલાવ્યું. પોતાની પાંખો ફેલાવી અને સાગરકાંઠાના એ ખડક હેઠળ ભેગા થયેલા ટોળાની વચ્ચે આંખો ખોલી. જેવો એ થોડોક હાલ્યો કે ટોળામાં મોટો ઘોંઘાટ મચી ગયો.

'અરે આ તો જીવે છે! જે મરી ગયો હતો, તે જીવે છે.'

'મહાસાગરપંખીના પુત્રે પોતાની પાંખો વડે આને સ્પર્શ કર્યો અને એનો જીવ પાછો આવ્યો.'

'ના રે ના, એ તો એ વાતનો ઇન્કાર કરે છે. એ તો શેતાન છે શેતાન. આપણા સમાજમાં ભંગાણ પડાવવા આવ્યો છે.'

જે કાંઈ બન્યું હતું તેનાથી ગભરાઈ જઈને ચારેક હજાર જેટલાં પંખીઓ ટોળે વળ્યાં હતાં અને 'શેતાન' શબ્દ ઘોડાપુરની જેમ તેમના ઉપર ફરી વળ્યો. સળગતી આંખે, તીણી ચાંચોએ તેઓ હત્યા કરવા ધસ્યાં.

'પાછા જતા રહેવું છે ફ્લેચર?' જોનાથને પૂછ્યું.

'મને કંઈ વાંધો નથી.' બીજી જ ક્ષણે તેઓ અડધોએક માઈલ દૂર જઈને ઊભાં રહ્યાં, અને ટોળાંની ચમકતી ચાંચો ખાલી અવકાશને વીંઝતી રહી.

'કોઈ પંખીને એ વાત સમજાવવાનું આટલું અઘરું કેમ છે કે તું સ્વતંત્ર છે, અને તું ઇચ્છે તો આની અજમાયશ કરીને જોઈ શકે છે?' જોનાથને ખિન્નપણે કહ્યું.

બદલાઈ ગયેલા દૃશ્યની અસરથી હજી ફ્લેચર આંખ મટમટાવતો હતો. 'પણ તમે હમણાં આ કર્યું શું? આપણે અહીં કેવી રીતે પહોંચ્યા?'

'તેં જ કહ્યું હતું ને કે ટોળાથી દૂર જવું છે, નહિ?'

'હા, પણ તમે કેવી રીતે...?'

'બીજાં બધાં કામ થાય છે તેવી જ રીતે, ફ્લેચર...અભ્યાસથી.'

* * *

સવાર સુધીમાં સમાજ તો પોતાના ગાંડપણને ભૂલી પણ ગયો હતો, પણ ફ્લેચર એ ન ભૂલી શક્યો. 'જોનાથન, સમાજને ચાહવા વિશે ને તેમાં પાછા ફરી, શીખવામાં તેને મદદ કરવા વિશે ઘણા વખત પહેલાં તમે વાત કરી હતી, તે યાદ છે?'

'હા...'

'મને સમજાતું નથી કે જે સમાજ તમારો જીવ લેવાનો પ્રયત્ન કરે, તેને તમે કેમ ચાહી શકો?'

'ફ્લેચર, આપણે ધૃણા અને દુષ્ટતાને કાંઈ ચાહવાનાં નથી. આપણે તો તેમનામાં સાચા સાગરપંખીને જોવાનો, દરેકમાં જે સંદેશ પડ્યો છે તેને જોવાનો અભ્યાસ કરવાનો છે. તેઓ પોતાનામાં એ જોઈ શકે તે માટે તેમને મદદ કરવાની છે. હું એને પ્રેમ કહું છું. એક વાર આ ફાવી જાય, પછી એમાં મજા આવે છે. મને એક ઉગ્ર જુવાન પંખી યાદ આવે છે. સાગરપંખી ફ્લેચર લીન્ડ એનું નામ. હમણાં જ એને ન્યાતબહાર મૂકવામાં આવેલો. તે ઝુંડ સામે લડવા અને મરી ફીટવા તૈયાર થઈ ગયો હતો અને દૂરના ખડકો પર એકાંત ટેકરીઓમાં પોતાનું નરક રચવા તૈયાર થઈ ગયો હતો. પણ આજે? એ જ ફ્લેચરે પોતાનું સ્વર્ગ નિર્માણ કર્યું છે અને આખા સમાજને એ દિશામાં લઈ જવા માટે એ નેતૃત્વ આપી રહ્યો છે.'

ફ્લેચર જોનાથન તરફ વળ્યો. એક ક્ષણ એની આંખમાં ભય છવાયો. 'હું અને નેતૃત્વ? શું કહો છો તમે? અહીં તો તમે શિક્ષક છો. તમે જઈ નહિ શકો.'

'કેમ નહિ ભાઈ? તને નથી લાગતું કે આવા બીજા અનેક સમાજ, અનેક ફ્લેચર હશે, જેમને શિક્ષકની અહીં કરતાં પણ વધારે જરૂર હશે? આ લોકો તો હવે પ્રકાશને પંથે છે, જ્યારે...'

'પણ જોન, હું તો સામાન્ય સાગરપંખી છું, અને તમે તો...'

'મહાસાગર પંખીનું એક માત્ર સંતાન! ખરું ને?' જોનાથને નિસાસો નાખી સાગર ભણી જોયું. 'હવે તને મારી જરૂર નથી. તારે જરૂર છે, તને પામવાની. રોજ રોજ તું, તારામાં રહેલા અસીમ ફ્લેચરને વધુ ને વધુ ઓળખતો જા, પામતો જા એ જ જરૂરી છે. એ જ તારો ખરો ગુરુ છે. એને ઓળખવાની, અનુસરવાની જરૂર છે.'

ક્ષણાર્ધ પછી તો જોનાથનનું શરીર હવામાં હળવા કંપન સાથે ડોલવા અને પારદર્શક થવા માંડ્યું. 'મહેરબાની કરીને મારે વિશે અફવાઓ ફેલાવા ન દઈશ. મને ભગવાન ન બનાવવા દઈશ. બસ ત્યારે ફ્લેચ, હું એક સાગરપંખી છું. મને ઊડવું ગમે છે. કદાચ...'

'જોનાથન!'

'અરે ભાઈલા, તારી આંખો જે કહે તેને માનીશ નહિ, કારણ કે તે ફક્ત મર્યાદા દર્શાવે છે. તારી સમજ વડે જો; તું કેટલું જાણે છે તે શોધી કાઢ, અને તને ઊડવાનો માર્ગ મળી જશે.'

ધ્રુજારી શમી ગઈ. જોનાથન ખાલી અવકાશમાં વિલીન થઈ ગયો.

* * *

થોડા વખત પછી ફ્લેચર પોતાની જાતને આકાશમાં ખેંચીને લઈ આવ્યો. ત્યાં તેને પહેલો પાઠ શીખવાને આતુર નવા નિશાળિયાઓનું જૂથ મળ્યું.

'સૌ પહેલાં તો તમારે આ વાત સમજવી પડશે,' ફ્લેચરે ભારે હૃદયે કહ્યું : 'કે સાગરપંખી એ સ્વતંત્રતાની સીમારહિત કલ્પના છે, મહાસાગરપંખીનું પ્રતિબિંબ છે. અને તમારો સમગ્ર દેહ, આ પાંખને છેડેથી તે ઠેઠ પેલા છેડા સુધી તમારા વિચાર સિવાય તમે બીજું કશું જ નથી.'

જુવાન સાગરપંખીઓ તેની સામે પ્રશ્નાર્થભાવે જોઈ રહ્યાં. તેમને થયું : આ તો કાંઈ ઊડવાને લગતો નિયમ નથી!

ફ્લેચરે નિસાસો નાખી બોલવાનું ચાલુ રાખ્યું : 'હંઅઅઅ...તો ચાલો, આજે આપણે સમક્ષિતિજ ઉડ્ડયનથી શરૂ કરીએ.' અને આટલું કહેતાં કહેતાં તેને એકદમ ચોખ્ખુંચટ સમજાઈ ગયું કે એનો મિત્ર જોનાથન પોતાના કરતાં વધુ દિવ્ય નહોતો.

કોઈ જ સીમાઓ નથી ને જોનાથન?...ભલે, તો પછી હું તારા સમુદ્રતટ પર પ્રગટ થાઉં અને તને ઊડવાના બે-ચાર નવા પ્રયોગો બતાવું, એ દિવસ બહુ દૂર નથી.

અને તે પોતાના શિષ્યો સમક્ષ પૂરતા કડક દેખાવાનો પ્રયત્ન કરતો હતો ત્યારે એકાએક ક્ષણભર માટે એ બધાં એમના મૂળ સ્વરૂપમાં તેને દેખાયાં અને એને જે કંઈ દેખાયું તેથી તો તેમને વધારે ઉત્કટતાથી ચાહવા લાગ્યો. કોઈ જ સીમા નથી, ખરું ને જોનાથન? વળી પાછો વિચાર ઝબૂક્યો અને એ હસ્યો. શીખવા માટેની હોડ શરૂ થઈ ગઈ હતી.

●

# જતો કરેલો માર્ગ

પીળા વનમાં બે માર્ગ ફંટાયા
અને મને એનું દુઃખ. કે હું એક પ્રવાસી
બેઉ પર પ્રવાસ કરી શક્યો નહિ, ક્યાંય લગી ઊભો રહ્યો
અને એક ભણી શક્ય એટલું દૂર જોઈ રહ્યો
વૃક્ષો નીચેનાં જાળાં-ઝાંખરાંમાં એ વળી ગયો ત્યાં લગી.

પછી એના જેવા જ અને સુંદર,
અને કદાચ સવિશેષ દાવેદાર, બીજા પર ચાલ્યો,
કારણ એ તૃણછાયો હતો અને ઘસારો ચાહતો હતો.

ઓહ, મેં પહેલાને જતો કર્યો કોઈ બીજા દિવસ માટે!
એ જાણ્યા પછીય કે માર્ગ કેવો દોરી જાય છે માર્ગ પર,
મને શંકા, હું કદીય પાછો આવીશ કે કેમ.

* * *

કહી રહ્યો હોઈશ હું આ નિસાસા સાથે,
હવે પછીના યુગોના યુગોમાં ક્યાંક :
વનમાં ફંટાયા બે માર્ગ, અને મેં--
મેં પકડ્યો ઓછો ખેડાયેલ એક,
અને તેણે જ સર્જી દીધો બધો તફાવત.

– રોબર્ટ ફ્રોસ્ટ

– અનુ. જયેન્દ્ર શેખડીવાળા

# ગેહ ગગનનું

મુંને મળ્યું ગગનમાં ગેહ
મારો અનહદ સાથે નેહ
  ખરી પડે તે ફૂલ ન ચૂંટું
  મરી પડે તે મોત
  મનસા મારી સદા સુહાગણ
  પામો અમરત પ્રીત
  અનંત જુગમાં નહીં અમારે
  એક ઘડીનો વ્રેહ ... રે મારો અનહદ.

ચારે સીમ પડી'તી સૂની
માથે તીખો તાપ
મેઘરવા મુંને હરિ મળ્યા ત્યાં
અઢળક આપોઆપ
મીટ્યુંમાં વરસ્યા મોતીડે
  મધરો મધરો મેહ ... રે મારો અનહદ.

સતના મેલી રંગ સોગઠાં
ખેલું નિત ચોપાટ
જીવણને જીતી લીધા મેં
જનમ જનમને ઘાટ
ભેદ ન જાણે ભોળી દુનિયા
  ઈત ઉત લગાવે નેહ ... રે મારો અનહદ.

- મકરંદ દવે

# પ્રભુનાં પિપાસુ

## ૧૦૭
## પંચપદી

**પૂજાલાલ**

## બે બોલ

૮ એપ્રિલ ૧૯૮૫માં શ્રી પૂજાલાલજી અચાનક બહુ જ માંદા પડી ગયા. એમને મગજનો હુમલો થયો હતો. આ હુમલો એટલો ગંભીર હતો કે બધા લોકો ગભરાઈ ગયા. જો એની અસર થઈ હોત તો એમને લકવા, અથવા બીજા કોઈ પણ હુમલાનો સંભવ હતો. પરંતુ જેઓ ભગવાનના છે અને એમના સંરક્ષણમાં રહે છે એનો કોઈ વાળ વાંકો કરી શકતું નથી. શ્રી પૂજાલાલદાદા આ હુમલાથી બચી તો ગયા પરંતુ શરીર પર એની બહુ ખરાબ અસર થઈ. દોઢેક મહિના સુધી તો કંઈ પણ કરવું અશક્ય બની ગયું.

ધીમે ધીમે શરીરમાં થોડી શક્તિ આવવા લાગી અને ધીરે ધીરે એમની કલમ કંઈક લખવા પણ લાંગી. ૩૧ મી ઑગસ્ટ ૧૯૮૫ ના રોજ એમણે આ પુસ્તક લખવાનું શરૂ કર્યું. એમનું

કહેવું હતું કે આ પુસ્તક એમનાં બધાં પુસ્તકોથી સુંદર અને લાંબું હશે. કામ ધીમે ધીમે આગળ વધતું હતું. એક દિવસ મેં એમને પુસ્તકનું નામ પૂછયું તો બોલ્યા, હમણાં થોડું ખમી જાવ, હું પછીથી નામ બતાવીશ. ૧૫ ડિસેમ્બર ૧૯૮૫ સુધી જેમતેમ ૧૦૭ શ્લોક લખી નાખ્યા. દિવસે દિવસે થાક લાગવા માંડ્યો. છતાં પણ પુસ્તક ચાલુ રાખવા માગતા હતા.

અચાનક ૧૫ ડિસેમ્બર પછી એમના નિર્ણયમાં કંઈ ઢીલાશ આવી અને લખવાનું કામ બંધ થયું. ડિસેમ્બરનું છેલ્લું અઠવાડિયું શરૂ થયું અને એમની તબિયત બે દિવસ વધારે નરમ થઈ ગઈ. ૨૪, ૨૫, ૨૬ ડિસેમ્બરના તો બરાબર હતી, ફક્ત અશક્તિ હતી. તા. ૨૭ની સવારથી સાંજ સુધી રોજિંદું કાર્ય પૂરું કર્યું અને રાતના ૮.30 સુધી મિત્રો સાથે વાતો કરી. ૮.૩૮ એ આ મહાન આત્મા આ શરીરમાંથી મુક્ત થઈ હમેશને માટે બ્રહ્મલીન બની ગયો. ૩૧ ઑગસ્ટથી ૧૫ ડિસેમ્બર સુધી જે એમણે લખ્યું તે બધું અદ્‌ભુત છે અને એમની આંતરિક સ્થિતિનું દર્પણ છે. એને વાંચીને ગુજરાતની પ્રજા પોતાની જાતને ધન્ય સમજશે.

શ્રી પૂજાલાલજીના એક અંગત મિત્ર આ પુસ્તક છપાવીને પોતે ધન્ય બની ગયા છે. આશા રાખું છું કે એમના આ ઉત્સાહ અને સંકલ્પને બધા લોકો માન આપશે.

તા. ૬-૧-૮૬ ભવદીયા

શ્રી અરવિન્દ આશ્રમ, **સરલા શર્મા**

પૉંડિચેરી-૬૦૫૦૦૨

# પ્રભુનાં પિપાસુ

૧

મારે ય યોગ કરવો છે :
ભગવાન માટે કરવો છે;
બીજું કશું મારે જોઈતું નથી,
એક માત્ર ભગવાનથી હું ધરાઈ જઈશ
એક માત્ર ભગવાનથી હું ભરાઈ જઈશ

૨

હું નાનો બાળક છું તેથી શું થઈ ગયું?
ધ્રુવ પણ બાળક જ હતો,
પાંચ વરસનો બાળક જ હતો;
એણે ભગવાનને પસંદ કર્યા;
છેવટે ભગવાને એને પોતાનો બનાવી દીધો.

૩

મારે વનમાં જવું નથી,
પર્વતની ગુફાઓમાં જવું નથી,
ભગવાન બધે જ છે ને!
એ અહીં છે, એ તહીં પણ છે,
ઉપર છે, નીચે છે, આસપાસ સર્વત્ર છે.

૪

પ્રભુ છે અંતર્યામીરૂપે અંતરમાં,
બહાર પણ પ્રભુ પ્રકાશે છે,
એના વગરનું કશું જ નથી,
જ્યાં જુઓ ત્યાં પ્રભુ, પ્રભુ ને પ્રભુ જ છે
સચરાચર સંસારમાં પ્રભુ વિના બીજું શું છે?

૫

એને જ્યારે બોલાવો ત્યારે એ બોલે છે,
જ્યાં બોલાવો ત્યાં એ જ જવાબ આપે છે,
એને આપણી સાથે બોલવું ગમે છે,
આપણે પ્રભુ પર પ્રેમ રાખીએ
ત્યારે એ ખુશ ખુશ થઈ જાય છે.

૬

એ ખુશ થાય ત્યારે આખું જગત ખુશ ખુશ થઈ જાય છે,
બધાંનાં મોં પર હાસ્ય ફેલાય છે,
બધાંનાં હૃદય પ્રફુલ્લ કમળ જેવાં બની જાય છે,
બધાંના કંઠ બુલબુલો માફક ગાવા માંડે છે,
બધાંનો આત્મા આનંદમય બની જાય છે.

૭

પ્રભુની પ્રસન્નતા આપણે પ્રાપ્ત કરવાની છે,
પ્રભુ જેવા થઈએ તો જ એ પ્રસન્નતા આપણી બને,
ને પ્રભુ જેવા બનવા માટે પ્રભુના ચિંતનમાં જ રહેવું જોઈએ,
પ્રભુ સાથે પ્રેમની તદાકારતા થવી જોઈએ,
પ્રેમમય બની જનાર પ્રભુમય બની જાય છે.

૮

પ્રેમ અદ્‌ભુત રસાયન છે,
આ રસાયન રસરૂપ બનાવી દે છે,
રસરૂપ બની જનાર આનંદનું ધામ બની જાય છે,
આનંદમાં બધી દિવ્યતાઓ રહેલી છે,
પ્રેમ બધી દિવ્યતાઓનાં દ્વાર ખોલી આપે છે.

૯

યોગ કહેવાય છે તે આજ કે?
આવો યોગ તો બધા જ કરી શકે;
નાનાં બાળકો તો વધારે સહેલાઈથી
પાપ શું તે એ જાણતાં નથી
એમનાં નિર્મળ હૃદયોમાં પ્રભુ પ્રકટ થાય.

૧૦

એમનાં હૃદય છે ગુલાબના ફૂલ જેવાં,
એમના મનમાં મોગરા મહેકે છે,
એમના બોલ મધમાખીના ગુંજનના બનેલા છે,
એમના હાસ્યમાં છે ચાંદની,
એમનાં ગાન બુલબુલને ગાતાં શિખવાડે છે.

૧૧

એમના થનગનાટમાં બાલગોવિંદ દેખાય છે.
એમની રમતો ભગવાનને રમાડે છે,
એમને પગલે પ્રભુ પધારે છે,
એમની લીલાઓ કૃષ્ણલીલાનાં દર્શન કરાવે છે.
બંસરી વિના એ બંસરી બજાવે છે.

૧૨

બાળકો માટે ભગવાન છે,
ને ભગવાન માટે બાળકો છે,
બાળકો બોલાવે ત્યારે ભગવાન બોલે છે
ને ભગવાન બોલે છે ત્યારે સૂર અમૃતના બની જાય છે.
ભગવાનને બોલે બોલે વેદ બોલે છે.

૧૩

લોકો કહે છે કે બાળકો અજ્ઞાન છે
પણ બાળકોના ભગવાન તો બધું જ જાણે છે.
બાળકોને એ પોતાનો પ્રકાશ આપે છે,
એ પ્રકાશમાં રહી બાળકો ભગવાન પાસેથી બધું ભણી લે છે;
ભગવાનનાં ભણાવેલાં આગળ વિદ્વાનોય અજ્ઞાન જેવા છે.

૧૪

કહેવાતું બાળકોનું અજ્ઞાન જ્ઞાનનો ભંડાર છે;
આપણને ન સમજાય એવું પ્રભુનાં બાળકોને સમજાઈ
ગયું હોય છે,
આપણે એમને ગુરુ બનાવીએ તો સારું.
એમના દ્વારા દેવ બોલે છે,
દેવવાણી સદા કલ્યાણકારિણી જ હોય છે.

૧૫

જ્ઞાન કંઈ ભેજામાં ભરેલું નથી,
ભેજું થોડી સેવા સમર્પે એ જુદી વાત :
જ્ઞાન પ્રકાશ આવે છે ક્યાંક ઉપરથી,
એ દૃષ્ટિ આપે છે, સાચી વસ્તુ જોનારી.
સાચી વસ્તુનો પ્રત્યક્ષ પરિચય તે જ્ઞાન.

૧૬

જ્ઞાન છે પરમ પવિત્ર વસ્તુ,
એ આવે તો આત્મા નિર્મલ બની જાય,
કાળી કલુષતાઓનો અંત આવે,

ઉજ્જ્વલતાની સાથે પ્રસન્નતા સહજ બની જાય,
અંતરાત્મા આનંદ-પ્રમોદનો અધિકારી બની જાય.

૧૭

જ્ઞાન હોય તો સારું, બુદ્ધિ જોતી થાય;
પણ જ્ઞાન ન હોય કે ઓછું હોય તોય ચાલે;
પ્રેમ જોઈએ, પવિત્ર પ્રેમ જોઈએ,
પ્રેમ પોતે જ પ્રકાશમય છે
પ્રેમ હોય તો જ્ઞાન જે જાણી શકતું નથી તે ય જાણી લેવાય.

૧૮

બુદ્ધિના આંધળા અજવાળાથી માણસ અંધ બની જાય છે,
જે જોવા જેવું છે તેને એ જોઈ શકતો નથી;
જે આમ દેખાતું નથી તે પ્રેમના પ્રકાશમાં સ્પષ્ટ દેખાય છે,
એને જોઈને આત્મા તૃપ્ત થઈ જાય છે,
અંતરનો આનંદ એને ગાતો બનાવી દે.

૧૯

પણ પ્રેમ કંઈ એમને એમ જાગતો નથી,
પ્રેમને માટે દિલ સાફ જોઈએ – તદ્દન સાફ;
વાસનાઓનું વાસીદું વાળવું જોઈએ.
ડોળાણોને ઠારવાં જોઈએ,
બધું પ્રસન્ન થઈ જાય ત્યારે પ્રેમ પ્રકાશવા માંડે.

૨૦

પ્રેમ આવે ત્યારે અદ્ભુતો થવા માંડે છે,
સ્વર્ગ સ્વયં એની સફરે નીકળે છે,
અરે ! પ્રભુ સુધ્ધાં એની તરફ પગલાં ભરે છે,

ને પ્રભુનો પદધ્વનિ આનંદનાં આંદોલનો ઊભાં કરે છે ને
માનવઆત્મા પૂર્ણકામ બની જાય છે.

૨૧

કેવું સરસ! પ્રભુ પોતે મળવા પગલાં ભરે!
એને માટે તો આપણે જનમ્યા છીએ.
એને માટે તો જાણ્યે-અજાણ્યે જીવીએ છીએ,
એને માટે અંતરાત્મા ઊંડે ઊંડે ઝંખે છે.
એને માટે તો જીવનયાત્રા અવિરત ચાલ્યા કરે છે.

૨૨

પ્રભુને જોતા નથી છતાં એની પ્રત્યે જ જઈએ છીએ,
પ્રભુ તો જુએ છે ને ઝાંખીઓ આપતો રહે છે.
આપણી આંખો મીંચાયલી રહે છે તેથી જોતી નથી.
એ છે હૃદયમાં, ઉપર, નીચે ને આસપાસ.
એનાં આવાં દર્શન થતાં આનંદ આનંદ થઈ જાય છે.

૨૩

કોઈ કહે કે મોટામાં મોટું સુખ કયું?
પ્રભુના બાળક બનીને રહેવું એ.
પ્રભુના બાળકનો બધો ભાર પ્રભુએ જ ઉપાડી લીધેલો હોય છે.
બાળકને કશીય ચિંતા કરવાની હોતી નથી.
મા બનીને, પિતા બનીને પ્રભુ આપણને હલકા ફૂલ બનાવી દે છે.

૨૪

પછી રાગને સ્થાન નથી,
દ્વેષ દૂર સરકી જાય છે,

ક્લેશને રહેવાને ઘર મળતું નથી,
અરે! આપણે પોતેય છીએ એવા ક્યાં રહીએ છીએ,
બધું પ્રભુમાં પ્રલીન થઈ ગયું હોય છે.

૨૫

આપાણું 'હું' 'તું'માં ફેરવાઈ જાય
તુંહિ તુંહિમાં સઘળું શમી જાય,
'તું'નું નામ, 'તું'નું ધ્યાન, 'તું'ની લગની લાગે,
'હું'ને આશરે રહેલા દોષો ડૂલ થઈ જાય
પછી તો 'તું'માં રહેલો સચ્ચિદાનંદ લીલાલહેર કરે.

૨૬

મટી જનાર નવો જ્યોતિર્મય જન્મ પામે છે,
બ્રહ્મનો બાળક શ્વાસોચ્છ્વાસ લેતો દર્શન દે છે,
એના શ્વાસમાં સ્વર્ગની સુવાસ પ્રકટ થાય છે,
એના હાસ્યમાં આનંદનું હાસ્ય ચાંદની ફેલાવે છે.
એનો થનગનાટ નટવરને નચાવે છે.

૨૭

એનો 'મા મા' સૂર જગદંબાને જાગતી રાખે છે,
માનું હૃદયામૃત એને હૃષ્ટપુષ્ટ બનાવે છે,
એને માથે પરમેશ્વરનો હાથ ઠરે છે,
એનાં દર્શન કરવા દેવદેવીઓ આવે છે,
સચરાચર એનું પ્રેમનું પારાણું બની જાય છે.

૨૮

પ્રભુને આપણી પરવા નથી, એવું કોણ કહે છે?
આપણનેય આપણી પરવા નથી એથી વધારે પ્રભુને છે;

એટલા માટે તો અવતાર લઈ એ આપણી ભાળ કાઢે છે,
બેશુમાર તકલીફો લઈ એ આપણને સંભાળે છે;
અપાઈ જઈ એ આપણો બની જાય છે.

૨૯

પ્રભુને આપણો બનાવવો હોય તો આપણેય પ્રભુના
બની જવું જોઈએ.
પ્રભુ તો આપણો બની જવા સનાતન
પણ આપણે એનાથી જુદા રહીએ છીએ,
આપણી ક્ષુદ્ર જાતને જક્કી બની વળગી રહીએ છીએ
તેથી પ્રભુમય બની જવાને બદલે ક્ષુદ્ર જ રહીએ છીએ.

૩૦

આપણને આપણી ક્ષુદ્રતા જ ગમે છે,
પ્રભુની પ્રભુતા ઉપર આપણો પ્રેમ થતો નથી,
ને જેવો પ્રેમ તેવી પ્રાપ્તિ,
ક્ષુદ્રને ચાહનારા ક્ષુદ્ર જ રહે છે,
પ્રભુને ચાહનારા પ્રભુ જેવા બની જાય છે.

૩૧

આપતાં શીખવાનું છે, અર્પાઈ જતાં શીખવાનું છે,
મેળવવું હોય તો એનો માર્ગ જ છે આપવું તે;
ન આપનાર છે તેવો જ રહે છે
દીન હીન ને કંગાળ!
આપનાર ક્ષુદ્રતામાંથી છૂટી ભવ્યતાનો ભેટો કરે છે.

૩૨

આસક્તિ હોય છે તેથી આપવું અળખામણું થઈ ગયું
હોય છે,
આસક્તિ ઓછી થાય તેમ તેમ ભગવાનની ભવ્યતા
વધે છે.
ભગવાનની ભવ્યતા એટલે પ્રકાશનું રાજ્ય
એ છે સુખશાન્તિનું ધામ, સનાતન ધામ,
દુઃખમાંથી પરમાનંદમાં પ્રવેશવાનું દિવ્ય દ્વાર.

૩૩

આપવું તે આનંદથી આપવાનું છે :
કચવાતે મને આપેલું ન આપ્યા બરાબર છે.
લેનારનેય આનંદ થાય એવી રીતે આપવું જોઈએ.
લેનારના આશીર્વાદ તો આપોઆપ ઊભરાય
ને ભગવાનના આશીર્વાદ તો છે આશીર્વાદોનાય આશીર્વાદ.

૩૪

આપણે ક્ષુદ્ર વસ્તુઓનેય છોડી શકતા નથી!
અફસોસ! આ વળગણ તો બાબરાભૂત જેવું છે.
કેટલીક વાર જાણ્યા છતાંય છોડતા નથી
લાતો ખાવા છતાંય ગધાપૂછને પકડી રાખીએ છીએ
માણસની મૂર્ખતાનો કંઈ પાર છે?

૩૫

પ્રભુ ને પ્રભુ પાસેથી જે આવે તેમાં રસ હોવો જોઈએ.
આ રસ છે ગંગાજળ – ના અમૃતજળ!
આ રસ હોય તો બીજા અપરસો આઘા થઈ જાય

આ રસ હોય તો એના રસાયનથી મોટા ચમત્કારો થઈ જાય
માણસ અને પ્રભુ વચ્ચેનું અંતર ઓછું થઈ જાય.

૩૬

આ રસ માટે તરસ હોવી જોઈએ,
એના પિપાસુઓ ભલે ઓછા હોય;
પણ જે થોડા હશે તે અમર મહોરછાપ મારી જશે
એમને નામે જગતમાં જ્યોતિઓ જાગશે
એમના અનુસરણે દિવ્યતા સામે આવીને ભેટશે

૩૭

પ્રેમ હોય તો રસનો અનુભવ થાય,
પ્રેમ હોય તો પ્રભુના દરબારમાં પ્રવેશ મળે,
પ્રેમ હોય તો પવિત્રતા પલ્લવિત અને પુષ્પિત થાય,
પ્રેમ હોય તો શત્રુય મહામિત્ર બની જાય
પ્રેમ હોય તો પ્રભુનો દર્શનાનંદ મળે.

૩૮

પ્રેમનું સાધન છે સદ્ભાવી સેવા,
પ્રેમને માટે જાતને ભૂલી જઈ પ્રભુને જ એને સ્થાને
રાખવાનો છે,
એ પ્રભુનું સેવન કરવાનું વ્રત આચરવાનું છે.
પ્રભુને માટે ઘસાઈ ઘસાઈને શૂન્ય બની જવાનું છે,
પ્રભુના સૂત્રમાં પરોવાઈ જઈ જીવનમાળાથી જપવાનું છે.

૩૯

બાળક કરે છે મા મા મા.
આપણેય પ્રભુને માત-તાત ઉભય બનાવી દેવાનાં છે.

એ શિરછત્ર છે, મા હૂંફાળ ગોદમાં લઈ લે છે.
માની ગોદમાં દુઃખમાત્રનો અંત આવી જાય છે
પ્રભુનો પરમાનંદ આપણો બની જાય છે.

૪૦

બડભાગીઓ જ આ બાળકભાવ રાખતા હોય છે
એમને માટે દૈવીસંપદ ઘેર નિત્યની મહેમાન બની
જાય છે,
સ્વર્ગ એમના સહવાસ માટે ઉત્કંઠ બને છે
દેવદેવીઓ એમના સખ્યને અહોભાગ્ય માને છે.
પ્રભુનું પોતાનું ધામ એમનું ધામ બની જાય છે.

૪૧

પ્રભુને રમતનો ગોઠિયો મળી જાય છે,
બન્ને આનંદલીલા કરતાં થાકતા નથી;
જગત એમનું ઝળહળતું ક્રીડાંગણ બની જાય છે;
એમનાં આનંદગાન દશે દિશાઓને ભરી દે છે,
એમને પગલે પગલે પરોઢિયાં થાય છે.

૪૨

આને માટે જ જગત અને જીવન છે,
એક પ્રભુને બોલાવે ને પ્રભુ પ્રત્યુત્તર આપે
પ્રભુ બોલાવે ને બીજો દોડતો દોડતો ત્યાં જાય.
બન્નેના સૂરો અદ્‌ભુત સંગીત સર્જે છે
એ સંગીત સંસારને આનંદને રાહે દોરી જાય છે.

૪૩

બધી બેસૂરતાઓ સ્વર્ગીય સંગીતમાં ફેરવાઈ જાય છે;
એની સારીગમ શીખનારા જગતના જીવો દેવો બની જાય છે,

અને સાંભળનાર શ્રુતિઓ વેદઋચાઓ સાંભળે છે,
એની સાથે તાલમેળ રાખનારા ડોલે છે ને ડોલાવે છે.
તન્મયતા શિવસમાધિની ગહનતા ધારે છે.

૪૪

જીવવું તો આવું જીવવું જોઈએ
એ જીવન છે, અમૃત છે, અમૃતદાન દઈ જિવાડનારું છે,
એના વગરનું બધું સળગતું સ્મશાન છે;
પણ પ્રભુનો પ્રેમરસ ત્યાં રેડાય તો ચમત્કારો થવા
માંડે છે.
આનંદોલ્લાસના ઉત્સવો જીવલોકમાં આરંભાય છે.

૪૫

અંતે આ અવસ્થાએ પહોંચવા માટે તો જીવન છે.
અનુકૂળ - પ્રતિકૂળ પરિસ્થિતિઓ વચગાળામાં આવે ખરી,
માણસે એ સર્વ વચ્ચે મક્કમ રહેવાનું છે.
સહન કરવાનું સ્મિતપૂર્વક સહી લેવાનું છે,
દુનિયાનાં દુઃખોનો અંત પરમાનંદમાં આવે છે.

૪૬

તપ કરવું પડે છે, સૌનેય કરવું પડે છે,
સમજીને કરે તો તે સુખકર બની જાય છે,
નહિ તો ક્લેશોની પરંપરામાંથી પસાર થવું પડે છે;
માણસ કંટાળી જાય છે, ઈશ્વરનો વાંક કાઢવા મંડી
જાય છે,
પણ મનનું સમાધાન કર્યા વગર સુખશાંતિ નથી.

૪૭

કષ્ટોને કષ્ટો શા માટે સમજવાં?
સમજ હોય તો તે માર્ગનો એક કઠોર ભાગ જ છે;
રસ્તો ગુલાબનાં ફૂલોથી પથરાયેલો નથી,
કંકર-કંટક પણ મોટા પ્રમાણમાં આવે,
લોહીલુહાણ થયેલા જ પરમે પહોંચે છે.

૪૮

કડવા મીઠા અનુભવો કરતા કરતા જ જવાનું છે,
મીઠા કરતાં કડવા ઘણા વધારે હોય તો નવાઈ નહિ,
એમને કડવી દવા જેવા જ ગણી લેવાના છે;
રોગિષ્ઠ સ્વભાવને સાજો કરવા કડવી દવા પણ લેવી પડે;
આત્માનું પૂર્ણ આરોગ્ય મળે ત્યારે રોજની મોજ.

૪૯

કોણ રોગી નથી? અપવાદ જેવું છે જ નહિ.
ભલભલાય હેરાન થાય છે, કોઈ હસતા તો કોઈ રડતા;
દુનિયાનાં દવાખાનાએ કેટલાને સાજા બનાવ્યા?
સચ્ચિદાનંદ સર્વ રોગોનું અમોઘ ઔષધ છે,
એનું સેવન કરનારા સુખિયા થઈ ગયા છે.

૫૦

પણ સચ્ચિદાનંદનો માર્ગ વિપરીતોનો બનેલો છે,
અસત્ અંધકાર ને મૃત્યુભય માર્ગ આંતરી ઊભા છે;
એમને પહોંચી વળવા છે એક પુરાણી પ્રાર્થના–
*અસતો મા સદ્ગમય તમસો મા જ્યોતિર્ગમય,*
*મૃત્યોર્માઽમૃતં ગમય ।*
પરમાત્મદેવની પ્રાર્થના સચ્ચાઈ હોય તો સફળ બને છે.

૫૧

પ્રાર્થનાનો અર્થ 'ભીખ માગવી' થતો નથી
સાચી પ્રાર્થના છે આત્માર્પણની અવસ્થા;
આ અવસ્થામાં પ્રભુ આપણો કબજો લે છે,
આપણા શ્રેય માટે જે કરવા જેવું હોય તે કરે છે,
માનવ દુર્બળતાને પોતાની શક્તિથી સમર્થ બનાવી દે છે.

૫૨

પ્રાર્થનામાં હુંપદ પ્રભુપદને પોતાનું સ્થાન સમર્પી દે છે;
પછી તો આપણામાં પ્રભુનું કાર્ય ચાલે છે,
અને પ્રભુનું કાર્ય ધાર્યું સિદ્ધ કરે છે,
આપણેય જીવનમાં પ્રભુનું ધાર્યું પાર પાડવા
માગીએ છીએ.
પ્રભુનું કાર્ય સર્વ શ્રેયસ્કર બની જાય છે.

૫૩

પ્રભો! તારી પાસેથી તે શું માગવાનું હોય?
તું સઘળું જાણે છે, અમને શાની જરૂર છે તે તું ક્યાં
જાણતો નથી?
અમે તો કેવળ તારી આગળ પૂરેપૂરા ખુલ્લા થઈશું,
નવો જન્મેલો બાળક હોય તેના જેવા,
તું જેમ રાખશે તેમ રહેવાનું રાખશું.

૫૪

બાળકની બધી જરૂરિયાતો મા જાણે છે,
ને પ્રેમથી તે પૂરી પાડે છે
તારા હાથમાં અમે સંપૂર્ણ સલામત છીએ,

તારા ખોળામાં અમારો અમર આરામ છે,
તારી પ્રેમની દૃષ્ટિ અમારી ઉપર ઠરેલી જ રહે છે.

૫૫

અમે તારી ગાયો છીએ ને તું અમારો ગોપાળ છે
તારી બંસરીના સૂર પર અમે મુગ્ધ છીએ,
એ સાંભળી અમારો આત્મા પરિતૃપ્ત થઈ જાય છે,
બીજા કશાની ઇચ્છા થતી જ નથી.
સદાકાળ એ જ સાંભળતા રહીએ એવું માગીએ છીએ.

૫૬

તારી ને અમારી ગોઠડી ક્ષણેય બંધ પડો નહિ,
તારા કંઠમાં અમૃત છે ને અમે એ અમૃતના
તરસ્યા છીએ,
એ સાંભળીને ભય માત્રમાંથી મુક્ત થઈ જઈએ છીએ.
અમર જીવનનો આસ્વાદ અમારો બની જાય છે,
આ જન્મારો એને જ માટે છે.

૫૭

ભગવાનનું ભૂત વળગે તો વળગવા દેવું જોઈએ;
બીજાં ભૂતો માણસના સત્ત્વને ચૂસી લે છે;
ભગવાનનું ભૂત નિઃસત્ત્વનેય સત્ત્વપૂર્ણ બનાવી દે છે,
માણસમાં દેવોનું દૈવત ભરી દે છે.
છેવટે માણસને ભગવાન જેવો બનાવી દે છે.

૫૮

ભગવાન વિના ભક્તોને ચાલતું નથી,
ભગવાનનેય ભક્તો વિના ક્યાં ચાલે છે?

ભક્ત ભગવાનનો ને ભગવાન ભક્તનો આશ્રય
લે છે કે શું?
બન્ને એક-બીજાને પોષતા રહે છે
પ્રેમ વસ્તુ જ એવી છે – પુષ્ટિ વધારનારી.

૫૯

પ્રભુની સાથેનો સંબંધ બહુ ફલદાયી છે,
બીજાની સાથેના સંબંધને તૂટતાં વાર લાગતી નથી;
ને સંબંધ હોય ત્યારે ય તે તકલીફોથી ભરેલો હોય છે.
નિરામય છે એકમાત્ર નારાયણ.
એમના સંબંધમાં રહેનારો એમના જેવો બનવા માંડે છે.

૬૦

પ્રભુમાં કંઈક એવું છે કે જે આનંદ જ આપે છે;
લાગે છે કે તે છે એમનો અનર્ગળ પ્રેમ;
પ્રભુના પ્રેમ પારાવારમાં ઝંપલાવનારો જાણે
અમૃતમાં ઝંપલાવે છે.
સર્વ વાતે તે પરમ સુખિયો બની જાય છે
એના સુખમાંથી જ સ્વર્ગો સર્જાયાં છે.

૬૧

દુનિયાએ તો આપણને ઘણું ઘણું આપ્યું છે,
આપણાં સ્વપ્નસમાં સુખો એનું દાન છે,
દોજખને યાદ કરાવનાર દુઃખો પણ એનાં જ દીધેલાં છે;
પણ પ્રભુની દિવ્યતાઓ આપણને યાદ કરી રહી છે,
અહીંનાં સુખદુઃખ વચ્ચે એની ઝંખના આપણામાં જાગી ઊઠે છે.

૬૨

પ્રભુના જેવો કોઈ સજ્જન નથી :
દુશ્મનોનેય એ દિલ દઈ શકે છે :
સજ્જનોનું તો પછી પૂછવું જ શું !
સૌને માટે એના હૃદયમાં સ્નેહનું સ્થાન છે
ને એનો સ્નેહ સેવા કરતાં થાકતો જ નથી.

૬૩

પ્રભુની સાથે મૈત્રી કરવી સહેલી છે
ને એ મૈત્રી અતૂટ હોય છે.
દુનિયાના બીજા મિત્રોને ફરી જતાં વાર લાગતી નથી.
પ્રભુ સનાતન છે, એની મૈત્રી પણ સનાતન છે,
પ્રભુનો મિત્ર અર્જુન બની જાય છે.

૬૪

પ્રભુના મિત્રો પ્રભુતાઓ ભોગવે છે,
પૃથ્વીલોકની પામરતાઓમાંથી એ મુક્ત બની જાય છે,
દિવ્ય લોકોમાં એની અવરજવર શરૂ થઈ જાય છે;
સ્વર્ગોને એ સેવે ને સ્વર્ગો એને સેવે,
એનો પૃથ્વીલોક સદા સ્વર્ગથી સભર રહે છે.

૬૫

પ્રભુ ! તું કેવો ઉદાર છે !
તારો અનાદર કરનારને પણ તું સ્મિત સમર્પે છે !
તારી ઉદારતાનો એક લઘુ અંશ પણ અમને આપજે.
અમે ઘણા નાચીજ બની ગયા છીએ !
અમને થોડી માણસાઈ ને ઉમદાઈ આપજે.

૬૬

પ્રભુ ગુરુ છે – ગુરુઓનોય ગુરુ છે
પ્રભુ માટેના આપણા પ્રયત્નમાં પોતે જ માર્ગદર્શક છે.
સાચા ભાવવાળાને એ પ્રેરીને પોતાના પ્રકાશમાં લઈ
જાય છે.
એ પ્રકાશમાં પરમ સત્યનાં દર્શન થાય છે,
એ સત્ય અંતે પ્રભુરૂપે પ્રત્યક્ષ થાય છે.

૬૭

બુદ્ધિના અધ-અંધકારમાં ભૂલા પડી જવાય છે,
અંતરાત્માને મળતો પ્રભુનો પ્રકાશ લક્ષ્યે લઈ જાય છે,
કાળી-ધોળી ગલીકૂંચીઓમાં અટવાઈ જવાતું નથી,
જ્યાં જવાનું છે ત્યાં જ જવાની દોરવણી મળે છે.
થોડીક દૂરની ઝાંખીય આનંદમય બની જાય છે.

૬૮

'પ્રભુ પ્રભુ' કરતાં વાર પ્રભુનો પ્રકાશ આવવા માંડે છે,
અલબત્ત આપણા પોકારમાં આત્માની સચ્ચાઈ હોવી
જોઈએ.
પોલા પોકારો શૂન્યમાં શમી જાય છે.
સચ્ચાઈથી ભર્યો પ્રેમપોકાર પ્રભુને પહોંચે છે.
ને પ્રત્યુત્તરરૂપે પ્રભુ પોતે જ આપણી તરફ પગલાં
ભરવા માંડે છે.

૬૯

તારી ને મારી પ્રભુ સગાઈ છે, સ્નિગ્ધ સગાઈ છે,
કાળના ચોપડામાં ભલે લખાઈ ન હોય,

બીજું બધું ભુલાઈ જાય છે ત્યારે યે એ યાદ રહે છે,
એને માટે હૃદય તલસતું જ રહે છે,
તને મળ્યા સિવાય આ તલસાટ શમતો જ નથી.

૭૦

બાળકને કોણ જાણે પણ એ યાદ રહી ગઈ હોય છે.
તું એને રમાડવા આવતો હોય એમ લાગે છે,
બાળક મીઠું મીઠું મલકે છે ત્યારે તું મલકે છે
અથવા એ રડે છે ત્યારે ય આંસુમાં તું તરવરતો હોય છે,
પણ અફસોસ! આ ભુલાઈ જાય છે ને ગૂઢમાં સંતાઈ
જાય છે.

૭૧

બાળકને માથે તારા ચારે હાથ ફરતા રહે છે
કોઈ ન જાણે એવી રીતે બાળક તારી ઝંખી કરે છે;
તુંય બાળક માટે ઝંખના કરતો રહે છે,
તું આવીને બાળકને પારણામાં ઝુલાવે છે,
તારાં ગાયેલાં હાલરડાં સુણી બાળક સમાધિસ્થ થઈ જાય છે.

૭૨

બાળક જેવું કોણ બડભાગી છે.
વગર તાજે એ મહારાજ બની ગયો હોય છે.
એ આજ્ઞા આપે છે ને જગત એનું પાલન કરે છે.
એના રાજ્યમાં તું હમેશનો રહેવાસી બની જાય છે,
તેથી બધે આનંદ આનંદ પ્રવર્તતો રહે છે.

૭૩

પ્રભુને કહેવું પડતું નથી કે તું આવ,
એ તો આપણી તરફ આવતો જ રહે છે :

આપણે જ એને આવકાર આપતા નથી;
એને માટે આપણું બારણું જ બંધ રહે છે,
બારણું ખોલીને બોલાવનારને ઘેર એ ઘરનો બની જાય છે.

૭૪

પ્રભુને બોલાવવો એટલે પરમ સુખને બોલાવવું,
જેની આપણને જરૂર છે તે બધું પ્રભુ પાસે છે
અને એ આપવાની બાબતમાં કર્ણદાનેશ્વરથી ક્યાંય
ચડી જાય.
એ આપતાં થાકતો નથી, આપણે જ લેતાં થાકી
જઈએ છીએ
અને એ આપે છે તેમાં એનો આખો આત્મા આવી
જાય છે.

૭૫

એના દાનની ધારા ધારાસારે ઊતરે છે,
આપણી અંજલિ અલ્પથીય છલકાઈ જાય છે.
ને પછી તો શું કરવું તે સૂઝતું જ નથી
લઈ લઈને આપણા ભંડાર માય નહિ એટલા ભરાઈ જાય છે;
આપણે આપતા બની જઈએ તો કેવું સારું!

૭૬

આપનાર આપતો નથી પણ લે છે,
માણસો અમસ્તા જ કૃપણ બને છે.
કૃપણની પાસે કશું રહેતું નથી,
એનું બધું જ એળે જાય છે.
ઉદારો અઢળક મેળવે છે.

૭૭

પ્રભુ કંઈ કંગાલ નથી, શ્રીપતિ છે;
આપણામાંના ધનાઢ્ય કહેવાતાય કંગાલ છે,
મારે "આ જોઈએ, તે જોઈએ" કર્યા જ કરે છે,
ધરાતા જ નથી, એમની તૃષ્ણાનો અંત જ આવતો નથી,
પણ પ્રભુને આપવાથી આ સંતોષ બધું મળી જાય છે.

૭૮

પ્રભુ માગતો હોય તો પ્રેમ માગે છે,
પ્રભુને પ્રેમ સમર્પો એટલે એ પ્રસન્ન
ને પ્રભુ પ્રસન્ન થાય ત્યારે એ પોતાની જાતનેય આપી દે.
સત્-ચિત્-આનંદનો એનો ખજાનો ખાલી કરી દે,
સમર્પનાર ન્યાલ ન્યાલ બની જાય.

૭૯

પ્રભુ! તારા નામથી પ્રેમનો ઉદય થાય છે.
તારા નામથી સૂતેલો જીવ જાગે છે,
અચેતમાં ચેતનનો સંચાર થાય છે.
પુણ્ય પ્રકાશથી જીવન અજવાળાય છે.
સત્યનાં સ્ફુરણોથી આનંદ ઉલ્લસિત થાય છે.

૮૦

પ્રભુ! તારા નામના સૂર જીવનમાં સંગીત રચે છે,
બેસૂરતાઓનો અંત આવે છે ને નંદનનું પંખીડું ગાવા
માંડે છે.
સામવેદના સૂરીલા મંત્ર તારા નામમાંથી ઉદ્‌ભવ્યા છે.
બ્રહ્માંડની સંવાદિતા તારા નામને આભારી છે.
તારું નામ એક નવું દિવ્ય જગત સર્જે છે.

૮૧

અમે બહુ ભૂલકણા છીએ,
યાદ રાખવા જેવુંય ભૂલી જઈએ છીએ,
પણ તું તો બધું જ યાદ રાખે છે,
અમારી મૂળ પ્રાર્થના તારા મનમાં રમી રહી લાગે છે,
તું એનો જવાબ વાળવાનું ચૂકતો નથી.

૮૨

પૂર્ણપણે તારા બની જવાનો સંકલ્પ તને સમર્પ્યો હતો,
હું પોતે તો વચ્ચે વચ્ચે તે ભૂલી જતો હતો,
પણ તેં એને સ્વીકાર્યો હતો ને સ્મૃતિમાં સંઘર્યો હતો
તારી કૃપાએ એ જાણ્યે-અજાણ્યે જીવતો રહ્યો
ને આજે જોઉં છું કે હું તારો બની જવાને માર્ગે ચાલી
રહ્યો છું.

૮૩

તારા નામસ્મરણે મારા જીવનમાં મોટો ભાગ ભજવ્યો છે;
ધ્યાન-ધારણા વિના પણ તારો બની ગયો છું,
તારો બન્યો છું એટલું જ નહિ મહાસુખી બન્યો છું,
તારામાં આત્મા તલ્લીન રહેવાનું શીખી ગયો છે,
ને તું સુખધામ છે તેથી સુખી બની ગયો છે.

૮૪

હે પ્રભુ! તારાથી અળગા પડતાં આળપંપાળ વધી છે,
તારી સાથે સંયોજાતાં મુક્તિ મળી જાય છે,
ને મુક્તાત્મા સહજાનંદનો અનુભવ કરે છે,

સહજાનંદમાં તું પોતે સામે ને સામે રહે છે,
તારી હાજરી એટલે જાણે બધું જ મળી ગયું.

૮૫

બધાય વિના ચાલશે, એક ભગવાન વિના નહિ ચાલે,
આવો ભાવ થઈ જાય ત્યારે જ ભગવાન નજીક આવે,
ભગવાન નજીકમાં હોય ત્યારે બધું બદલાઈ જાય,
અંદર અને આસપાસ બધું સુખમય બની જાય,
પ્રભુના પ્રકાશમાં ન દેખાતું દેખાવા માંડે.

૮૬

પ્રભુના સાન્નિધ્યમાં ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ!
પ્રભુના સાન્નિધ્યમાં બધું દિવ્ય દિવ્ય દિવ્ય!
પ્રભુના સાન્નિધ્યમાં અંતરાત્માને અપૂર્વ સંતોષ થાય છે,
પ્રભુના સાન્નિધ્યમાં પ્રાપ્ત કરવા જેવું બધું પ્રાપ્ત થઈ જાય છે,
સત્-ચિદ્-આનંદ આપણો નિત્યનો મહેમાન બની જાય છે.

૮૭

પણ આપણે સંમુખતા રાખવાની છે,
આપણે વિમુખ થઈ જઈએ તો આપણો જ વાંક;
પ્રેમે પ્રભુનું સ્વાગત કરવાનું છે,
પ્રેમની પ્રસન્નતા એટલે પ્રભુની પ્રસન્નતા,
પ્રભનું આબેહૂબ પ્રતિબિંબ એકલો પ્રેમ જ ઝીલી શકે છે.

૮૮

પ્રભુનું સામીપ્ય મહાસુખકારી છે,
એ સામીપ્ય ભાગ્યશાળી આત્માઓને જ પ્રાપ્ત થાય છે;

પછી બીજી કોઈ વસ્તુ માટે ઇચ્છા થતી નથી
પછી તો આપણે પૂર્ણકામ બની જઈએ છીએ;
બધાં સુખો સહજમાં આપણાં બની જાય છે.

૮૯

હું એટલે ચૈત્ય પુરુષ - અંતરાત્મા
બીજા કશા સાથે હું સંકળાય તે ખોટું,
પ્રકૃતિ-સ્વભાવ સાથે સંકળાવું વાજબી નથી,
આપણા ક્લેશોનું કારણ અસત્-ભાવ છે;
સત્-ભાવ સુખ-શાંતિને જન્મ આપે છે.

૯૦

પણ માણસ સ્વભાવ સાથે તદાકાર બની જાય છે,
પછી જેવો સ્વભાવ તેવો એનો સ્વાનુભવ
સદ્‌ભાવ સુખદાયક અને સુખકારક છે
સત્‌માં સર્વ કાંઈ દિવ્ય આવી જાય છે,
સત્ સર્વનું આદિમૂળ છે.

૯૧

પછી તો ચૈતન્ય પ્રકટ થાય છે,
ચૈતન્ય સાથે પ્રકાશ અને શક્તિ,
પ્રકાશમાં દિવ્ય દેખાવા માંડે છે,
અને આ દર્શન આનંદ આપે છે,
અને આનંદ સાથે નવસર્જન શરૂ થાય છે.

૯૨

સચ્ચિદાનંદનો મહિમા જીવનને ભરી દે છે,
માણસમાં દેવ દર્શન આપે છે,

આત્મકમલ અમૃત રસમાં ઉલ્લસિત થાય છે;
કમળની પાંખડીઓમાં ઉષાઓ સૂર્યની આગાહી આપે છે,
સત્યનો સુવર્ણ સૂર્ય બ્રહ્માંડને બહુ પ્રકાશ બનાવવા
માંડે છે.

૯૩

તારી ને મારી વચ્ચે ખૂબ નજીકનો સંબંધ છે;
મારો અંતરાત્મા તે જાણે છે,
ગૂઢમાં એ નિકટતાનો અનુભવ કરે છે,
તારી સાથે એ છાની વાતો કરે છે,
પ્રભુ! એ વાતચીતોનું રહસ્ય તું ને હું બેઉ જાણીએ છીએ.

૯૪

બુદ્ધિ બહાવરી બની જાય છે,
એને કશું સમજાતું નથી, શું કરવું તે સૂઝતું નથી,
તેથી એ ઈન્કાર કરવાનો કષ્ટભર્યો માર્ગ લે છે,
શ્રદ્ધા આંધળી છે એમ કહી ઊલટી દિશામાં ફાંફાં મારે છે,
પણ બધા ઈન્કારો વચ્ચે અંતરાત્મા તો છે છે ને છે નો
હકાર ભણતો રહે છે.

૯૫

અસ્તિવાચક શબ્દનો ધ્વનિ સુખદ છે,
નાસ્તિમાં કાળા ક્લેશો હેરાન કરી મૂકે છે,
જરા જેટલું ય 'હા' બોલાય તે ક્લેશોનો કાળ છે,
'હા'ની સાથે જ સુખભાવનો ઉદય થાય છે
ને પ્રભુ પ્રતિ અંતઃકરણ આકર્ષાઈ ઉલ્લસે છે.

૯૬

કોણ જાણે કેમ શ્રદ્ધાને પ્રભુ નામ પ્રિય છે,
પ્રભુનામ એને મન મહાસુખ છે,
એનો ઉચ્ચાર સ્વર્ગને સમીપ લાવે છે,
દેવોનું નંદન એને દિવ્યતાની સુવાસ સમર્પે છે,
આનંદનાં પંખીડાં એને સાચું સંગીત સુણાવે છે.

૯૭

શ્રદ્ધા આત્માનો અનુપમ આશ્રય છે,
આ આશ્રયમાં રહી એ પ્રભુના પરિચય વધારે છે,
આ પરિચયને તે અમૃતના ઝરણ પાસે લઈ જાય છે,
આ ઝરણનું પ્રેમપાન પરમાનંદની લહરી જીવનમાં જગાડે છે,
સાચું માધુર્ય શું તે એ અનુભવી શકે છે.

૯૮

આ માધુર્યમાં બધી કટુતાઓ ઓગળી જાય છે,
જ્યાં જુઓ ત્યાંથી માધુર્ય જ રેલાઈ આવે છે,
સૌનેય એ સુખભાવમાં લીન બનાવી દે છે,
આશાઓ અને આકાંક્ષાઓ પુરાઈ જાય છે,
સઘળી સ્પૃહાઓ સ્વયંસિદ્ધ થઈ જાય છે.

૯૯

પ્રભુ! તારું નામ લીધા જ કરીએ એવું થાય છે,
તારો નામોચ્ચાર અદ્‌ભુત મંત્ર છે,
મહાસુખનું એ સંગીતમય સાધન છે,
મહાસિદ્ધિઓ એની સેવામાં હાજર થઈ જાય છે.
પ્રભુનાં પગલાંનો ધ્વનિ એની શ્રુતિ બની જાય છે.

१००

નામ પ્રભુને પાસે બોલાવી લાવે છે,
ને પ્રભુ પાસે આવે છે ત્યારે ચમત્કારો થવા માંડે છે.
અશક્ય લાગતું શક્ય બની જાય છે,
આત્માનો ઉલ્લાસ સો ગણો વધી જાય છે,
પ્રભુના ઉચ્છ્વાસ સ્વર્ગોની સુવાસ ચોગરદમ ફેલાવે છે.

૧૦૧

ગમે તે નામે પ્રભુને બોલાવો
બધાં જ નામો પ્રભુનાં છે, એક એ જ સર્વના ઉત્તર આપે છે,
આપણે કશાની ચિંતા કરવાની જરૂર નથી,
ઊલટું એ આપણી ચિંતા કરે છે,
ને જે નામે એને બોલાવાય તે નામે ઉપસ્થિત થઈ જાય છે.

૧૦૨

સાચો ભાવ જ પ્રભુને પોતાના બનાવી શકે છે,
પોલો ભાવ, પોલું જ આપે,
નક્કર જોઈતું હોય તો નક્કર ભાવ વિના ન ચાલે,
એ હોય તો નક્કર રૂપે પ્રભુ પ્રકટે,
ભર્યો ભાવ ભગવાનને આપણા ભેરુ બનાવી દે છે.

૧૦૩

સાવ, સાચો ભાવ હોય તો સાધના સહજ બની જાય છે.
સહજ સાધના સિદ્ધિનો માર્ગ લે છે,
આ સિદ્ધિ માટે શ્રમ સેવવો પડતો નથી
શ્વાસોચ્છ્વાસ જેવી સહજ સાધનાની પાછળ પાછળ
પૂર્ણતાઓ આવે છે,
સહજ સિદ્ધિ પામેલો નથી પડતો કે નથી ચૂકતો.

૧૦૪

સો વાતોની એક જ વાત છે,
પ્રેમે નિત્ય પ્રસન્ન રહેવું જોઈએ,
પ્રસન્ન રહેનારાને પ્રભુની પ્રસન્નતા આપોઆપ મળે છે,
પ્રભુ પરમાનંદ સ્વરૂપ છે.
એનો આનંદ અક્ષય છે, અવિકારી છે.

૧૦૫

હે પ્રભુ! હું તમારો છું ને હમેશાં તમારો જ છું.
બીજા જન્મોમાં પણ તમારો જ બનેલો રહીશ,
તમે જ મારો આત્મા છો, તમે જ મારું અંતઃકરણ છો;
તમે જ મારું જીવનનુંય જીવન છો;
તમારે માટે જ મારું સર્વ કાંઈ હશે.

૧૦૬

તમારામાંથી આવ્યો છું, તમારામાં જ રહીશ,
તમારામાં જ મારું અસ્તિત્વ છે,
તમારો જ ચલાવ્યો ચાલીશ,
તમારી ઇચ્છાથી જ મારી બધી ઇચ્છાઓ પૂરી થાય છે,
તમારી ઇચ્છા મારું જીવન છે, મારું સર્વ કાંઈ છે.

૧૦૭

તમારે માટે જ મારું જીવન છે,
તમારે માટે જ મારા શ્વાસોચ્છ્વાસ ચાલે છે,
મારી પ્રત્યેક પળ તમારા સેવનમાં જ કૃતાર્થ થશે,
સેવન સિવાય અન્ય કોઈ મારો વ્યવસાય નથી,
તમારો આનંદ જ છે મારી કૃતાર્થતાનું સાધન.

# પ્રભુનાં બાળકો

## પૂજાલાલ

## નિવેદન

વડોદરાના શ્રી અરવિન્દ નિવાસ તરફથી ભગવત્પ્રેમી ભાઈ શ્રી અંબાપ્રેમીનું આમંત્રણ આવ્યું કે બાળકોના આચાર-વિચાર, રહેણી-કરણી ને ઘડતરમાં શુભ સહાય કરે એવું મારે કંઈક લખી આપવું. પણ ત્યાંનાં એક બહેને આ વિષય ઉપર લખ્યું હતું તે મને જોવા મળ્યું ને મને તે સારું લાગ્યું. હું પોતે એમના જેવું લખવાની યોગ્યતા ધરાવતો નહોતો તેથી હું ચૂપ રહ્યો.

પણ પાછળથી આ વિષયને વ્યાપક બનાવવાનો અને જુદી દૃષ્ટિથી આલેખવાનો મને વિચાર આવ્યો. લાગ્યું કે નાનાં તેમ જ મોટાં બધાં જ પ્રભુનાં બાળકો છે ને જીવનની શાળાની કેળવણી તો છેલ્લા શ્વાસ સુધી ચાલી શકે એવી છે. તેથી મારામાં જે દૃષ્ટિનો ઉન્મેષ થયો તે દૃષ્ટિથી દોરાઈને મેં કોઈ પણ જાતની પૂર્વયોજના વિના જે સ્ફુરી આવે તે આવે તેમ તેમ લખવું એવો નિર્ધાર કર્યો ને આ પુસ્તિકા એનું પરિણામ છે.

સામાન્ય શાળાનું શિક્ષણ તો માત્ર અલ્પ આરંભ છે. આપણે આપણાં તન, મન, હૃદય, પ્રાણ અને આત્મા, એમ સર્વને કેળવવાનાં છે. પૂર્ણ કેળવણી ત્યારે જ મળે. તેટલા માટે એ પ્રકારની કેળવણીનું

થોડુંઘણું સૂચન મળે એવો ખ્યાલ આ પ્રયત્ન પાછળ કાર્ય કરી રહેલો દેખાશે. એમાં મારા પોતાના જીવનના ઘડતરનો મારો અનુભવ ઓછેવત્તો આવી ગયો હોય તો નવાઈ નથી; પરંતુ જો તે સર્વોપયોગી થાય એવો હોય તો એ ભલે પોતાનો ફાળો આપે.

આખી પુસ્તિકા સરળ ગદ્યમાં લખાઈ છે. ૧૧૧ કંડિકાઓ એમાં આવેલી છે ને પ્રત્યેક કંડિકા જરૂર પ્રમાણે નાનીમોટી લીટીઓની બનેલી છે. બને તેટલા સંક્ષેપમાં કહેવાનું કહેવામાં આવ્યું છે. કવિતાનો ભ્રમ ઉત્પન્ન કરે એવા ભાષાશૈલીના સ્વરૂપમાં બધું આલેખાયેલું છે. કવિતારૂપે નહિ પણ સચોટ ગદ્યરૂપે વસ્તુને વ્યક્ત કરવી એવો ઉદ્દેશ મેં આરંભથી જ રાખ્યો હતો. એ કેટલે અંશે સફળ થયો છે તે તો પ્રભુ જાણે.

હજુય આ પુસ્તિકાના અનુસંધાનમાં બીજું ઘણું લખી શકાય એવું છે, પણ અત્યાર પૂરતી ૧૧૧ કંડિકાઓની ને ૫૫૫ પંક્તિઓની મર્યાદા મેં સ્વીકારી છે ને એટલાથી મને સારો સંતોષ છે. લખવાનું આગળ ચાલશે તો તે આ પુસ્તિકાની બીજી આવૃત્તિ કરવાનો વારો આવશે ત્યારે તેમાં ઉમેરાશે.

આ પુસ્તિકા વિદ્યાર્થી આલમમાં જો પ્રચાર પામશે તો ભવિષ્યમાં વધારે આપવાની ભાવના છે તેને અમલમાં મૂકવી શક્ય બનશે, નહિ તો ઈતિ શમ્ !

તા. ૨૯-૬-૮૨

પૂજાલાલ

શ્રી અરવિન્દ આશ્રમ
પૉંડિચેરી-૬૦૫૦૦૨
દ. ભારત

# પ્રભુનાં બાળકો

આપણે છીએ પ્રભુનાં બાળકોઃ
નાનાં હોઈએ કે મોટાં,
અભણ હોઈએ કે ભણેલાં,
પૈસાદાર હોઈએ કે ગરીબ,
આપણે છીએ પ્રભુનાં બાળકો. ૧

પ્રભુ આપણા પરમ પિતા છે,
જગદંબા આપણાં મધુર માતા છે;
દેશનાં હોઈએ કે પરદેશનાં,
કાળાં-ધોળાં, પીળાં-લાલ,
બધાં જ આપણે ભાઈભાંડુઓ છીએ. ૨

પરમાત્મદેવ પાસેથી આપણે આવ્યાં છીએ,
ઉચ્ચમાં ઉચ્ચ સ્વર્ગમાંથી આવ્યાં છીએ,
પ્રભુને પ્રિય પૃથ્વીલોકમાં આવ્યાં છીએ,
પ્રભુની સાથે સંતાકૂકડી રમવા આવ્યાં છીએ,
સંતાયેલા પ્રભુને શોધી કાઢવા આવ્યાં છીએ. ૩

પ્રભુના સહવાસમાં આપણે હસતાં હતાં,
ત્યાં પ્રેમથી પ્રભુએ આપણને કહ્યું,
"ચાલો, આપણે એક રમત રમીએ,
હું સંતાઈશ સાતમા પાતાળમાં,
તમે મને શોધી કાઢો તો ખરાં." ૪

આપણેયે રુઆબભેર પ્રભુને કહ્યું,
"અમેય સંતાઈ જઈશું,

તમે બડાઈ તો મારો છો
પણ શરતમાં ઊતરીએ છીએ,
તમેય અમને શોધી કાઢો તો ખરા.” ૫

આપણે સત્યલોકમાંથી ઊતરી આવ્યાં;
માનાં લાડકવાયાં બન્યાં,
પિતાનાં પારેવડાં બન્યાં,
માના હૂંફાળ હૈયે લપાયાં,
પિતાની પ્રસન્ન આશિષો ઝીલી. ૬

આપણે હૈયું ખોલીને હસ્યાં,
આપણે રડાવનારું રડ્યાં,
માએ હાલરડાં ગાઈને હુલાવ્યાં,
પિતાએ આસમાનમાં ઉછાળીને ઝીલ્યાં,
વહાલાંઓની આંખોમાં તારાઓ પલક્યા. ૭

અમે હસતાં હસતાં મોટાં થયાં,
અમે રડતાં રડતાં રીઢાં થયાં,
સાજાં-માંદાં થતાં થતાં
માની મહેરે મોટાં થયાં,
દુનિયાનાં દુલારાં બન્યાં. ૮

પૃથ્વીદેવીએ ઘણું ઘણું આપ્યું:
નીલમનીલ આકાશ આપ્યું,
પ્રાણદાતા પવન આપ્યો,
અંધારાં ઉજાળનાર પ્રકાશ આપ્યો,
રસ આપ્યો, સુવાસો આપી. ૯

મંગળમુખી ઉષાઓ આપી,
સવારની સોનેરી આપી,
ચેતન આપ્યું, ચિત્ત આપ્યું,
પ્રફુલ્લ કરતા પ્રાણ આપ્યા,
પ્રેમ આપ્યો, પ્રેમના પ્રસાદ આપ્યા. ૧૦

હજાર હાથે આશિષ દેતા
સૂર્યનાં સુદર્શન આપ્યાં,
સ્વર્ગોની સજજ્યોતિ આપી,
મંત્રો કેરા મહામંત્ર શી
ગાવાને ગાયત્રી આપી. ૧૧

ગડગડ કરતાં વાદળ આપ્યાં,
ઝબૂકતી વીજળીઓ આપી,
જીવનને રેલાવતી વર્ષાઓ આપી,
ખેડાતાં ખેતર ને લીલાં ગોચર આપ્યાં,
સોનાં આપ્યાં, મન હરતાં મોતીડાં આપ્યાં. ૧૨

બાગ-બગીચા, નંદન નંદન,
રંગરંગનાં સુંદર ફૂલ,
ભાતભાતની સરસ સુગંધ,
પતંગિયાં ને મધમાખીઓ,
મધપૂડા ને મીઠાં મીઠાં મધ. ૧૩

પ્યારાં પ્યારાં પંખીડાંઓ,
કોયલ, બુલબુલ દૈયડ દિવ્ય,
સૂરે સૂરે હરખ ભરાતો,

રાગ-રાગણીઓના જલસા
બનાવતા જગને ગુલતાન. ૧૪

ચારપાંચનાં થઈ ગયાં ત્યાં
નિશાળમાં ભણવાને ગયાં,
એકડે એકો – અક્ષરજ્ઞાન,
રોજ રોજ મળવા માંડ્યું,
નવું જાગવા માંડ્યું ભાન. ૧૫

ભણવા માંડ્યું, ગણવા માંડ્યું,
સીધાદોર બનવા માંડ્યું,
મહેતાજીનું માનવા માંડ્યું,
નવું નવું જાણવા માંડ્યું,
નવું નવું નાણવા માંડ્યું. ૧૬

રમતગમતમાં રાચ્યાં,
નચિંત મનથી નાચ્યાં,
ગોઠિયાઓ શું ગોઠડીઓ કરી,
ગામ આખું ગૂંદી વળ્યાં,
ખેતરોને ખૂંદી વળ્યાં. ૧૭

ઊંચા-નીચાં થઈ પરીક્ષાઓ આપી,
પાસ થયાં, નાપાસ થયાં,
પૈસાના જોરવાળા ફાવ્યાં,
ચાકૂના ચમકાવનારા ફાવ્યાં;
પાસ થયાં તે નાપાસ બરાબર. ૧૮

આપણે તો છીએ ભણવાવાળાં,
જ્ઞાનવિજ્ઞાન મેળવવાવાળાં,

એકચિત્તે સાચી, ના સેતાની રીતે,
બુદ્ધિથી બડભાગી બન્યાં,
દમ વગરની ડિગ્રીઓથી ડિગ્રીધારી બન્યાં. ૧૯

પણ એકલું ભણતર વિદ્યા નથી,
એકલું ગણતર વિદ્યા નથી,
વિદ્યા તો છે સૌજન્ય ને સંસ્કાર,
વિનય અને વિવેક,
દેવ બનવા માગતી માણસાઈ. ૨૦

વિદ્યાની છે સત્ય સાથે સગાઈ,
જૂઠની સામે ચાલે છે એનું જુદ્ધ;
વાણીની સચ્ચાઈ, ભાવની સચ્ચાઈ!
વિભાવંત વિચારો એની પાંખો છે,
ઊડીને એ પહોંચવા માગે છે પરમાત્માની પાસે. ૨૧

દુનિયામાં કાળું તેમ જ ધોળું;
કાળું જોર કરે છે ને ધોળું જાય છે દબાઈ
ત્યારે વહાર લઈને આવે છે વિદ્યા,
કાળાને એ પ્રજાળી નાખે છે,
આત્મા માટે ધોળાનાં ધામ ઊભાં કરે છે. ૨૨

વિદ્યા છે દયાની દેવી,
દિવ્ય પ્રેમે એનું હૃદય દ્રવતું રહે છે,
નથી એ કોઈને તુચ્છકારતી કે ડારતી,
સૌનેય એ બનાવી દે છે સ્વજન,
સૌની સેવામાં છે એના આનંદનો ઉલ્લાસ. ૨૩

વિદ્યાને વહાલો છે મેળ—મીઠો મેળ,
સૌ સાથે એ હળી જાય છે, મળી જાય છે,
સાચી રીતે એ સૌને સમજવા માગે છે,
આથડાઆથડીમાં એ પડતી નથી,
જીવનને એ સામવેદનું સંગીત બનાવી દે છે. ૨૪

સુંદરતાની એ સરભરા કરે છે,
અસુંદરનેય જાદુ કરી સુંદર બનાવી દે છે;
એની દૃષ્ટિમાં છે દિવ્યતાનો વાસ,
સંતાડેલી સુંદરતાને એ શોધી કાઢે છે,
એ એના અર્ચનમાં આનંદ અનુભવે છે. ૨૫

સૌના શ્રેયને માટે એની પ્રાર્થના હોય છે,
શિવ, શિવ ને શિવને જ એ આરાધે છે,
શિવનાં સુસ્મિતો સર્વત્ર વેરે છે,
શિવના સ્પર્શનું સુખ સર્વત્ર સમર્પે છે;
કલ્યાણોની કલાની એ કલાકાર છે. ૨૬

એનું હૃદય એટલે આસ્થાનું હૃદય,
પ્રભુ ઉપર એનો સહજ પ્રેમ છે,
સત્યમ્-શિવમ્-સુન્દરમ્ એનું દર્શન છે,
દર્શનદાનમાંય એ સત્યમ્-શિવમ્-સુન્દરમ્ આપે છે,
આ દિવ્ય દર્શનમાં જ છે પરમાનંદ. ૨૭

પણ એ બલાત્કારમાં માનતી નથી,
સૂનૃત એના સ્વભાવનું આકર્ષક અંગ છે,
કોઈનેય ઓછું ન આવે એવું એનું વર્તન છે,

એનું વચન એટલે મધમીઠી માખણિયા ગોળી,
મોંમાં મૂકતાં વાર એ પેટમાં ઊતરી જાય છે. ૨૮

સાચુંય સ્નેહથી અપાય,
જૂઠુંય સ્નેહથી બતાવાય,
સાચી વિદ્યા છે સૂનૃતનું સદન,
ઝેરવેરથી છે એ કેટલાય કોશ દૂર;
એ છે અમૃતનો આરામ. ૨૯

એની દયાથી દાનવોય દ્રવી જાય છે,
એની ઉદારતા અનુદારનેય ઉદાર બનાવી દે છે,
ઈન્દ્રિયદમનના પાઠ એ દેવોને શિખવાડે છે,
પ્રભુની પ્રસન્નતા છે એની પ્રસન્નતા,
એની વિશાળતામાં વિશ્વોનો વાસ છે. ૩૦

દુર્બળને દળવાના નથી,
એમને દૈવતવંત બનાવવાના છે,
બળવંતોથી બીવાનું નથી,
એમને પગે પડવાનું નથી,
એમને નમ્રતાની ભેટ આપવાની છે. ૩૧

દુર્બળતાને ઘટે દેશવટો,
બ્રહ્મબળે બળવાન બનવાનું છે,
પ્રભુનો પ્રકાશ પાથરવાનો છે,
પ્રભુના પ્રેમને પુષ્પિત કરવાનો છે,
પરમાનંદના પ્રસાદો પૃથ્વીને આપવાના છે. ૩૨

તપ હોવું જોઈએ નિત્યનો નિયમ,
ઈન્દ્રિયોના ઘોડા લગામમાં લેવાના છે,

મનોરથને મંગળોને માર્ગે હંકારવાનો છે,
બુદ્ધિને સારથિને સ્થાને સ્થાપવાની છે,
એ રથમાં બેસી આત્માએ કરવાની છે અમૃતની યાત્રા. ૩૩

સંયમ અદ્‌ભુત વસ્તુ છે,
સંયમથી શક્તિ સહસ્રગણી વધી જાય છે,
સંયમ છે ચમત્કારી સિદ્ધિઓનું સાધન;
દેવ બનવું હોય, દેવાધિદેવ બનવું હોય
તોય તપ ને સંયમ વિના ન ચાલે. ૩૪

તપ અને સંયમથી અસુરોય અજય્ય બનતા,
ત્રણે લોકમાં એમની હાક વાગતી;
દેવો સુખમાં આસક્ત ને તેથી બલહીન,
એ કારણે દેવ જેવા દેવોય હારી જતા,
ને એમનું સ્વર્ગ અસુરો ભોગવતા. ૩૫

અસુરોનો વિજય પ્રભુને પાલવતો નથી,
સત્ત્વને એ ઊંચે રાખવા માગે છે,
રજોગુણનો હુંકાર સંતોને સતાવે છે,
તમોગુણનો ખાડો ખાઈ જવા માગે છે,
બચવું હોય તો પ્રભુનું શરણ સેવવું પડે. ૩૬

પણ પ્રથમ છે શુદ્ધિની જરૂર,
શુદ્ધિ વિનાનું તપ ત્રાસજનક બને,
શુદ્ધિ વિના સંયમ સંભવતો નથી,
ઊતરતી શક્તિનું ધારણ થતું નથી,
ને ઉચ્ચાભિલાષ એળે જાય છે. ૩૭

કામનાઓ કૂડાં કામ કરે છે,
હૃદયને કલુષિત બનાવી દે છે;
ચેતન એમના પાશોમાં ફસાઈ જાય છે;
બંધાયેલા જીવની પાંખો ફોગટની ફફડ્યા કરે છે,
ચિદંબરનાં ઊડણો સારહીન સ્વપ્નાં બની જાય છે. ૩૮

કામનાઓ ધૂમ - ધુમ્મસનું રૂપ લે છે,
આંખોને એ આંધળી બનાવી દે છે;
માર્ગ દેખાતો નથી, દિશા જડતી નથી;
ખડક સામે અફળાવાય કે ખાડામાંય પડાય,
હજારો હાનિઓ ભોગવવી પડે છે. ૩૯

તેથી જ સાચાં શાસ્ત્રો પોકારીને કહે છે,
“કામનાનું નિકંદન કરો,
વાસનાઓને વાસ ન આપો,
એમની ઉપર પગ મૂકીને ચડવાનું રાખો,
બ્રહ્માનંદનાં અમૃત ત્યારે જ મળશે.” ૪૦

જાગ્યા ત્યારથી સવાર,
જાગ્યા પછી પડ્યા રહેવાનું નથી,
પ્રકટેલા પ્રકાશમાં આરંભ કરી દેવાનો છે,
લાખેણા લક્ષ્યનો માર્ગ લેવાનો છે,
આમ કે તેમ જોવાનું નથી ને જવાનું નથી. ૪૧

શિવ સંકલ્પ સેવતા રહેવાનું છે;
વિકલ્પોને વિદાય આપવાની છે,
સત્યનિષ્ઠાનો સહચાર સેવવાનો છે,

અસત્ સાથેનો વ્યવહાર બંધ કરવાનો છે,
કાળમાં સનાતનને સત્તાધીશ બનાવવાનો છે. ૪૨

કશાયથી ડરવાનું નથી;
સાથ હોય કે ના પણ હોય,
એકલાય આગળ વધવાનું છે,
મૂંઝવણોને મારી નાખવાની છે,
રમતાં રમતાં રસ્તો કાપવાનો છે. ૪૩

પણ ભાવ જોઈએ, સાચા સોનાથીય સાચો;
એમાં કણ જેટલીય કચાશ ન ચાલે,
આ કે તે વચ્ચે ઝોલા ખાવાના નથી,
નિશ્ચય નિશ્ચલ બની જવો જોઈએ,
લસબસતા લક્ષ્યમાં જ લયલીન થવાનું છે. ૪૪

સાચાઓને હરિની સહાય છે,
સાચાઓને માર્ગદર્શક મળી જાય છે,
સાચાઓને માટે પ્રભુય ગુરુરૂપ લે,
ગુરુ ઉપર સાત્ત્વિક શ્રદ્ધા
ને આંખ મીંચીને દેખતો વિશ્વાસ. ૪૫

ગુરુકૃપા એટલે ઈશ્વરકૃપા,
કથીરમાંથી એ સોનું બનાવી દે છે,
મલિનતાઓ ઉપર એ ગંગા રેલાવે છે,
અંધકારને ઉષાનું વરદાન આપે છે,
પ્રફુલ્લ પદ્મોમાં મા મહાલક્ષ્મીને પધરાવે છે. ૪૬

માણસ માણસ રહેવા જન્મ્યો નથી,
પામર પશુ રહેવા તો નહીં, નહીં ને નહીં જ;

એના ઊંડાણમાં છે અંતર્યામી દેવાધિદેવ,
સ્વભાવમાં સ્વર્ગોનાં છે બીજ,
બીજ અંકુરિત થાય કે નંદન લહેરવા માંડે. ૪૭

હૃદયનાથ હૃદયમાં ચિદંબરની ચિનગારી છે,
એ છે આપણો ચિદાત્મા, ચૈત્ય પુરુષ;
આપણે એટલે એ, આ કે તે નહિ,
સ્વરૂપે છીએ સચ્ચિદાનંદનો સ્ફુલિંગ,
સોઽહમ્ સોઽહમ્ સોઽહમ્. ૪૮

માણસ પૃથ્વી ઉપર શ્વાસોચ્છ્વાસ લેતો હોય,
પણ હોય જો પરમની ઉપર પ્રીત,
તો માનસનું માનસ સરોવર બની જાય,
ઈશ્વર-ઈશ્વરીનાં એમાં પ્રતિબિંબ પડે
ને સોનેરી સરોજોથી એમનું સમર્ચન થાય. ૪૯

વિચારોએ બનવાનું છે રાજહંસ,
નીરક્ષીરનો વિવેક શીખવાનો છે :
સત્યની શુભ્રતા છે એમની પાંખો,
રત્નરળિયામણી છે પ્રેમની આંખો,
સૂર્યનાં સોનાં એમની ચાંચમાં રસાયાં છે. ૫૦

ભાવો છે માનસની કલ્લોલતી લહરીઓ;
પ્રભુનાં પદ્મો સાથે એ રમે છે,
રાજહંસનાં કૂજનો સાથે લયબદ્ધ બને છે,
શિવ-શિવાનાં સુસ્મિતોને લાસ્યલીલા કરાવે છે,
દૂર દૂરની દ્યુતિઓને એ હરખથી હીંચોળે છે. ૫૧

પ્રભુના ને પ્રભુની પ્રભુતાના યાત્રી!
જાણે છે ને કે પ્રભુનો પંથ લાંબો છે?
પણ હૃદયમાં પ્રેમ હોય, સત્ત્વમાં સન્નિષ્ઠા હોય,
ઊંડાણમાં શ્રદ્ધા હોય ને તેજની તમન્ના હોય,
તો પ્રભુ પોતે આપણી યાત્રાએ નીકળે છે. ૫૨

પછી પંથ લાંબા હોય તોય શું?
ક્યાં યાત્રા ને ક્યાં યાત્રાનો આયાસ?
સચ્ચિદાનંદ સામે આવતા હોય છે;
એમનું સ્મિત સેવાય છે, શબ્દો સંભળાય છે,
એમનો સાથ ને એમની બાથ! ૫૩

ગૂઢમાં ગોઠડીઓ થાય છે,
અગૂઢમાં પ્રકાશ પથરાય છે,
દિશા-દિશામાં ગાન સંભળાય છે,
મંદિરના ઘંટ આપોઆપ વાગે છે,
આલમનૂર આરતીઓ ઊતરતી જાય છે. ૫૪

આપણે બ્રહ્મના આલિંગનમાં હોઈએ,
આપણા આલિંગનમાં બ્રહ્મ હોય,
હૈયામાં હૈયું હોય,
ઉભયના ધડકારા ઉભયના બની ગયા હોય,
ત્યારે? આત્મામાં જે થાય તે તો આત્મા જ જાણે. ૫૫

પણ અત્યારે તો? અભીપ્સા ઊછળે છે,
જ્વાળા બનીને આકાશે આરોહે છે,
બાધાઓને બાળતી જાય છે,

માર્ગમાં અંગારા પાથરતી જાય છે,
ને આગ આગ બનેલો આત્મા આરોહતો જાય છે. ૫૬

દિશાઓ દરવાજા ઉઘાડી દે છે,
ઘેરો ઘાલતી ક્ષિતિજની દીવાલ તૂટી પડે છે,
આકાશનું ઢાંકણું ઉપાડી લેવાય છે,
પાતાળોમાં ઊતરવાની સીડી હાથ આવે છે,
ઊતરીને જોતાં જણાય છે કે ત્યાં તો લાગી છે લાય. ૫૭

બળનારાં બડભાગી બની જાય છે;
શિવ-શંકરને શરીરે ચોળાય છે ભસ્મ,
ગણેશના ગણો આનંદમાં આવી જાય છે,
ડમડ્ ડમડ્ ડમડ્ ડમરુ વાગે છે
ને તાંડવની ઠેક ત્રિલોકમાં પડઘા પાડે છે. ૫૮

નટરાજ દે છે દર્શન – દિવ્ય દર્શન,
હૈયાનું હર્ષણ અને પ્રહર્ષણ;
દેવો, દાનવો ને માનવો,
પાતાળના ફણાધારી નાગો,
જીવીને ને મરીને બની જાય છે ધન્ય. ૫૯

ત્રીજી આંખે ત્રાટક મંડાય છે,
ઈડા-પિંગળા ને સુષુમ્ણા
લયમય બની જાય છે,
દેવોય જોતા નથી એવું જોવાય છે,
હરાઈ ગયેલું બધું પાછું પ્રાપ્ત થાય છે. ૬૦

પણ જીવન છે ડોળાયેલું જળાશય;
એની અંદર ભરેલા છે ભયંકર મગર:

કામનાઓનાં કુહરોમાં છે એ છુપાયેલા;
સાવધ ન રહેનારને એ પકડી લે છે,
ડુબાડે છે ને પેટમાં પચાવી દે છે. ૬૧

જ્યોતિની જાળમાં જ એ ઝલાય છે;
એ કાલિયો જાય ત્યારે જ જળ સલામત,
નાવણ-ધોવણ ને જળપાન સંભવે છે,
વિહારો વસમાં બનતા નથી,
કમળવનની ક્રીડાઓ બને છે કલ્યાણકારી. ૬૨

બંધિયારાંમાં જીવનને જકડવાનું નથી,
નવાં નવાં નિર્મળ જળ આવવા માગે છે;
એમને માટે માર્ગો ખુલ્લા કરવાના છે;
કર્દમનાં કહોવાણ પછી થશે નહીં,
પાણી બની જશે પ્રભુની પ્રસન્નમુખ આરસી. ૬૩

શિવે નિવાસ માટે શોધ્યો છે કૈલાસ,
કેમ કે એ છે સ્ફટિક જેવો શુદ્ધ,
પવિત્રતાનું પરમ પ્રિય ધામ :
પ્રભુને પવિત્રતા જ પ્રસન્ન કરે છે;
પવિત્રતાના પ્રાસાદમાં જ થાય પ્રભુની પધરામણી. ૬૪

જીવતું-જાગતું જાજ્વલ્યમાન મંદિર બનવાનું છે,
પ્રભુ પધારવાને માટે ઉત્સુક વાટ જુએ છે,
બધું સાફસૂફ ને સજેલું રાખવાનું છે,
પ્રેમે આમંત્રણ આપવાનું છે,
સત્ત્વે સત્કાર માટે સજ્જ રહેવાનું છે. ૬૫

ગમે તે પળે પ્રભુ આવીને ઊભા રહે;
એ અવશ્ય આવવાના જ છે,
એ ચૂપકીથી આવશે, ચિદંબરની ચાલે આવશે;
એમનો પદરવ સુણવા કાન સરવા જોઈએ,
એમનાં દર્શન કરવા આંખ ખુલ્લી જોઈએ. ૬૬

પણ એ આ આંખ નહિ, આ કાન નહિ;
એ છે પેલા કાન ને પેલી આંખ,
જે પડદા પારનું સાંભળે છે,
ને પડદા પારનું જુએ છે,
એના વગરના બધા બહેરા ને આંધળા. ૬૭

વળી ઘોંઘાટ તો હોવાના જ,
ધૂમ-ધુમ્મસ આડાં આવવાનાં;
પણ તેથી શું?
આ કાન બહેરા ને પેલા સરવા રાખવા,
દૃષ્ટિમાં દિનકરનો દીપક રાખવો. ૬૮

તું જુએ કે ના જુએ
તોય જોનારા તો જુએ છે જ;
એ તને જોતો રહે એ કંઈ ઓછી કૃપા?
તું એનો શબ્દ ભલેને ન સાંભળી શકે,
એ તારી પ્રેમ-પ્રાર્થનાઓ સાંભળે છે. ૬૯

પ્રેમ વગર પ્રાપ્તિ નથી;
આપે તે પ્રેમ, માગે તે પ્રેમનો ભ્રમ,
સેવે તે સ્નેહ, સેવા માગે તે સ્નેહનો શત્રુ;

પ્રેમ પ્રકાશે છે પૂર્ણાર્પણમાં,
ને પૂર્ણાર્પણ એટલે પૂર્ણ પ્રાપ્તિ. ૭૦

પ્રેમ પ્રકાશ છે, એને પડછાયો હોતો નથી,
પ્રેમ છે દેવ, એ છે દિવ્યતાનો દેહ;
પ્રેમ છે પ્રેમ, એને કશાની અપેક્ષા નથી;
એ છે આનંદના ઝરણાનું મૂળ,
પ્રેમમાંથી પ્રકટ થાય છે આનંદલહરીનું ગાન. ૭૧

પ્રેમ ને પ્રભુ છે બે દિલોજાન દોસ્ત :
અન્યોન્યથી એ કદી અળગા પડતા નથી;
પ્રેમ હોય ત્યાં પ્રભુ ને પ્રભુ હોય ત્યાં પ્રેમ;
પ્રભુ વગર પ્રેમ ને પ્રેમ વગર પ્રભુ બેચેન;
બન્ને હોય ત્યાં વૈકુંઠ, ગોલોક, નિઃશ્રેયસ. ૭૨

પ્રભુની ને પ્રેમની વાતો તે વેદ,
પ્રભુનો પ્રેમ ને ઉપદેશ તે ઉપનિષદ,
પ્રભુ ને પ્રેમની ગપસપ તે પુરાણ,
પ્રભુ ને પ્રેમની કાલયાત્રા તે ઈતિહાસ;
પ્રભુ ને પ્રેમ છે સચરાચરનો સાર. ૭૩

પ્રેમ છે ઉદ્ધારક – પામરતામાંથી પ્રભુતામાં;
પ્રેમ નથી સ્વાર્થસાધક, છે એ સ્વાર્થબાધક;
‘હું’ એમાં હોમાઈ જાય છે,
‘તુંહિ તુંહિ’નાં એના જાપ છે,
શૂન્ય રૂપ થઈ એ સર્વમય બની જાય છે. ૭૪

કામ કહે છે, “હુંયે પ્રેમ જ છું,
પ્રજનનની પ્રક્રિયાનો પુરસ્કર્તા,

પણ મારામાંથી ધુમ્મસ નીકળે છે,
ને તે આંખોને અંધ બનાવી દે છે,
ને પળ માટે હુંય પરમાનંદ આપું છું." ૭૫

પણ પ્રાકૃત જીવન પાર જવા માગનારા!
શિવની ત્રીજી આંખનો આશ્રય લેજે,
એની જ્વાળામાં ધુમ્મસ હોમાઈ જશે
તો જ તને પ્રકાશની પાંખો ફૂટશે,
ઊડીને તું બ્રહ્મને બારણે ઊભો થશે. ૭૬

પળ માટેનો પરમાનંદ શા કામનો?
એ તો શાશ્વત હોવો જોઈએ,
પણ જડમાં જકડાઈ જનારા માટે એ નથી;
એને માટે તો અમૃતે આરોહવું પડે,
પ્રભુના મુખદર્શનનું છે એ વરદાન. ૭૭

ક્ષુદ્રથી સંતોષ માને ક્ષુદ્ર;
મહાત્માઓ માટે મોટી વસ્તુઓ છે;
એમના અભિલાષ ઊર્ધ્વને જ આરાધે છે,
કાળાં કષ્ટોને કૂદીને એ આરોહે છે,
પરમાત્મા એમને પોતાના બનાવી દે છે. ૭૮

પરમાત્મધામમાંથી આવ્યા છીએ,
પરમાત્માના જ આત્મીય અંશો છીએ,
પરમાત્મા માટે જ આપણું અસ્તિત્વ છે,
પરમાત્મા પ્રત્યે જ આપણી ગતિ છે,
ને પરમાત્મામાં લયલીનતા અંત છે. ૭૯

આપણી ને પરમાત્માની વચ્ચે એક કરાર છે,
એ આપણને બોલાવતો રહેવાનો,
ને આપણે એને બોલાવતા રહેવાના,
એ આપણી તરફ યાત્રા કરવાનો,
આપણે એની યાત્રાએ નીકળવાના. ૮૦

બન્નેનું ક્યાંક મિલન થવાનું,
મિલન થતાં બન્ને પ્રહર્ષણ પામવાના,
એકબીજાને ગાઢાલિંગન આપવાના;
એ આલિંગન એવું તો અજબ હશે
કે બે મટીને બન્ને એક બની જવાના. ૮૧

દુનિયામાં છીએ તે છીએ જ,
ઓછા દુનિયા બહારના બની જવાના હતા;
દેવે મોકલ્યા છે દુનિયાના દેવ બનવા માટે;
એના વિશ્વાસભંગનું પાપ કેમ કરાય?
છેક સુધી એની ઇચ્છાનું જ પાલન કરીશું. ૮૨

જૂની ટેવોને આડે આવવાની ટેવ છે,
પણ એમની આડાઈથી આડે ફંટાવાનું નથી;
આપણે માટે છે સીધો સાચો માર્ગ;
એ માર્ગની જ મહેમાની માણીશું,
એના મહિમાથી મહિમાવંત બનીશું. ૮૩

જેને મુશ્કેલીઓ કહે છે તે મુશ્કેલીઓ
શું ખરેખાત મુશ્કેલીઓ છે?
કે મુશ્કેલીઓ સ્વાંગ ધરીને આવેલા મિત્ર?

મુશ્કેલીઓ દૃષ્ટિ આપે છે, બળ આપે છે,
ને દૃષ્ટિયુક્ત બળ હોય ત્યાં શું વિજય નથી? ૮૪

દેવદેવનો દીધેલો આ પંચ તત્ત્વનો દેહ
પોતાને માટે નથી, દેવદેવની સેવા માટે છે,
સંસારના સચ્ચિદાનંદ માટે છે,
દૈવતથી ભવને ભારોભાર ભરવા માટે છે,
પૃથ્વીલોકમાં પ્રભુને પ્રકટાવવા માટે છે. ૮૫

દેહની ઉપેક્ષા છે મોટામાં મોટી મૂર્ખતા,
પ્રભુના પ્રદાનનું છે આછકલું અપમાન,
પ્રાયશ્ચિત્ત વગરનું પાપ;
દેહ છે પ્રભુની પૂર્ણતાનો આધાર,
એના વિના બધું સૂમસામ સ્મશાન. ૬

કહે જોઈએ, તારી પાસે શું શું છે?
બળ છે? બુદ્ધિ છે? ભાવ છે?
બોલ, એ ક્યાંથી આવ્યાં? કોણે આપ્યાં?
ના જાણતો હોય તો જાણકારને પૂછી જો;
કહું? એ આવ્યાં છે પડદા પાછળના પ્રભુ પાંસેથી. ૮૭

ને તારામાં દુર્બળતાઓય કેટકેટલી છે?
કેટકેટલું અજ્ઞાન છે ને અંધારું છે?
કેટકેટલી વિકૃતિઓ ને વિષમતાઓ છે?
આ બધું કોનું, ક્યાંથી ને કેવી રીતનું?
જાણ કે એ બધું છે પડદો બનેલી પ્રકૃતિનું. ૮૮

જાતને જો, જાતને જાણ;
એ જ જ્ઞાન, બીજું બધું માહિતી નહિ તો અજ્ઞાન;

જ્ઞાન છે બળ, સફળ બનાવનારું બળ,
બળ વગરનો માણસ છે માટી,
ને માટી તો માટીમાં મળી જવા માટે જ છે. ૮૯

ચેતનથી માટીમાં મહિમા આવે;
ચેતન છે મહત્તાનું મૂળ;
ચેતનનું માપ તે મહત્તાનું માપ;
પશુની ચેતનાથી બનાય છે પશુ,
દેવની ચેતનાથી બનાય છે દેવ. ૯૦

કશું નિશાન રાખ્યું છે? શું છે તે?
કોઈ નાચીજ ચીજનું તો નિશાન નથી ને?
રાખવા જેવું છે ઊંચામાં ઊંચું નિશાન
ને ઊંચામાં ઊંચું નિશાન છે નારાયણ :
એક નારાયણમાં જ બધાં નિશાનો આવી જાય છે. ૯૧

મહામંત્ર ધિંગું ધનુષ્ય છે,
અર્પિત આત્મા તેજલ તીર છે,
પરમાત્મા પરમોચ્ચ લક્ષ્ય છે,
આમ કે તેમ જોયા વગર તાકવાનું છે,
પરમાત્મમયતામાં પરિસમાપ્તિ છે. ૯૨

આ આખું જગત પ્રભુનું ઘર છે;
પ્રભુ પોતે જ જગત છે;
જીવમાત્ર પ્રભુના પૃથક્ પિંડો છે;
જીવતું ન દેખાતું પણ પ્રભુની પ્રકટતા છે;
જડચેતન પ્રભુનાં છે, પ્રભુમાં છે, પ્રભુ પોતે જ છે. ૯૩

ઝેરવેર શા કામનાં?
કોની ઉપર ઝેર ને કોની ઉપર વેર?
ને તેય પ્રભુ જ બધે ને બધાંમાં હોય ત્યાં?
ત્યાં તો હોય પ્રેમ ને પ્રેમનાં પૂજન,
પ્રેમાનંદનાં હોય પર્વ ને મંગળ મહોત્સવો. ૯૪

આવો આવો, આત્માના આત્માઓ! આવો;
ભેદનું ભ્રમજન્ય ભાન ભૂલી જાઓ;
તમે - અમે એક છીએ, પ્રભુનાં જ પ્રકાશનો છીએ;
અનેક એવા એક છીએ,
એકરૂપ અનેક છીએ. ૯૫

દેખાય છે તે સર્વના દિલોજાન છો,
ન દેખાય તે સર્વનાય દિલોજાન છો;
એક પિંડ, એક પ્રાણ, એક હૃદય,
એકાત્મા ને એક પ્રભુ પરમાત્મા,
અનેકરૂપ એકનું ગાન એકરૂપ અનેકને સંભળાવો. ૯૬

પ્રભુના પુત્રો છીએ, પ્રભુ જેવા થઈશું,
પ્રભુનાં સ્વર્ગોની સાથે પૃથ્વી ઉપર વિહરીશું,
પ્રભુની આંખે જોઈશું, પ્રભુને કાને સાંભળીશું,
પ્રભુનું હૃદય હૃદયમાં ધડકાવીશું,
પ્રભુની પરમાત્મીયતા આત્મામાં અનુભવીશું. ૯૭

આપણે છીએ ત્યાંથી આરંભવાનું છે,
જાનવરનો માણસ બનાવવાનો છે;
સૌજન્ય, સેવા ને સદ્ભાવ,

દયા, દાન ને દાનાઈ છે માણસાઈ;
માણસાઈ પહેલી ને પછી દેવોની દિવ્યતા. ૯૮

બધું તૈયાર કરી રાખવામાં આવ્યું છે,
ને સહુનેય સરખું આમંત્રણ છે;
માલ છે મોંઘો – મોંઘામાં મોંઘો;
ઇચ્છા હોય તો આવો ને લેવું હોય તે લો,
લેવાય તેટલું લો, ભંડાર ખુટાડયા ખૂટે એવા નથી. ૯૯

આપણે છીએ રામરાજ્યમાં,
સત્યના સનાતન સામ્રાજ્યમાં;
રામ સામે જ છે તે ભૂલવાનું નથી,
હૃદયંગમ બની રામનું હૃદય રંજવાનું છે,
રંજવા માટે રામને આપણું હૃદય આપવાનું છે. ૧૦૦

આપણે છીએ આર્યો, આલમનૂર આર્યો;
સહસ્રાબ્દીઓના સહેલગાહીઓ છીએ,
વેદના વરિષ્ઠ વારસો છીએ,
સત્ય-દયા-તપ-શૌચના સેવકો છીએ,
પાપ અને પામરતાના શત્રુઓ છીએ. ૧૦૧

હીનતાઓને આપણે હણવાની છે,
દીનતાઓને દેશનિકાલ કરવાની છે,
ઉદાત્ત ભાવો ને ઉદાર ભાવનાઓ ભજવાની છે,
ઉચ્ચોચ્ચ લક્ષ્યોને નિશાન બનાવવાનાં છે;
કલ્યાણોની વરણી ને કરણી સેવવાની છે. ૧૦૨

મહાન બનવાનું છે પણ તે અસુરોના જેવા નહીં,
શાસન ચલાવવાનું છે, તે પ્રથમ પોતાની જાત ઉપર,

કોઈનાય દુર્ભાગ્યમાં રાચવાનું નથી,
સૌનાંય સૌભાગ્યોમાં આપણાં સૌભાગ્ય જોવાનાં છે,
સૌને માટે સુખનાં સ્વર્ગો સર્જવાનાં છે. ૧૦૩

કોઈને ત્રાસરૂપ કદીય બનવાનું નથી,
સૌના મુખ પર હાસ્ય ઉલ્લસાવવાનાં છે,
પોતાના ને પારકાંના પાશો છેદવાના છે,
મુક્તિઓનું મંગલ મંડાણ કરવાનું છે,
ભુક્તિઓનાં સદાવ્રત ખોલવાનાં છે. ૧૦૪

દૌર્બલ્યો આર્યોને માટે અછૂત છે,
શક્તિ-શૌર્ય-ક્ષમા ને ઔદાર્ય એમનો સ્વભાવ છે,
જીવન-જુદ્ધમાં ઝૂઝવું એ એમની રમત છે;
પરાજયને એ પિછાનતા નથી,
જયમાલાઓ એમને માટે ગૂંથાતી રહે છે. ૧૦૫

એમના પ્રાણ છે મહાપ્રયાસો માટે,
જય-પરાજય જોવા એમની આંખ નવરી નથી,
આત્માનું ઓજ પ્રકટાવવા ઉપર જ છે પ્રીત,
જગત એમનું કર્મક્ષેત્ર છે, ધર્મક્ષેત્ર છે,
ગીતાનો ગાનારો એમના રથનો સંચાલક છે. ૧૦૬

ધીરતા ને વીરતા સાથે એમનું થયું છે વેવિશાળ,
એ છે એમના આત્માની સોહગણ સંપદ,
એમના વૈભવો વીરતાની વાડીનાં ફળ છે,
ધીર-ભાવે એ ભોગવે છે,
એમનો ભોગ ભગવાનનો ભોગ બની જાય છે. ૧૦૭

સ્થિર છે એમનો સત્ત્વસંપન્ન સ્વભાવ,
નિશ્ચયાત્મક છે એમની નેમ,
નિત્ય નિરામય છે એમનું નરનારાયણી વ્રત,
કષ્ટોની કસણી કાઢવી એ છે એમનું કામ,
ને એમની યાત્રા છે મહાગાનની યાત્રા. ૧૦૮

આર્ય એટલે સર્વોચ્ચ સંસ્કારના પ્રતિનિધિ,
આર્ય એટલે વરિષ્ઠ વિનય ને વિવેક,
આર્ય એટલે આત્મા-પરમાત્માનો અંકોડો,
આર્ય એટલે સત્યમ્-શિવમ્-સુન્દરમ્‌ની પ્રાણપ્રતિષ્ઠા,
આર્યતા છે સંસારની સર્વોત્તમ સંપત્તિ. ૧૦૯

આપણે છીએ આર્ય, આર્યાવર્તનો આદિસાર,
વિરાટના વિચારોના ને ભવ્યતમં ભાવનાઓના આશ્રય,
શિવ સંકલ્પોના અવિચળ આધાર,
સત્કર્મોના ને સદાચારના પ્રણેતાઓ,
પુણ્યોના પારાવાર પર વહાણવટું ખેડનારા
વહેવારિયાઓ. ૧૧૦

પ્રભુ પૃથ્વી પર આવવા માગે છે,
એમના ઉતારા માટે આપણે આત્માને અર્પવાનો છે,
સ્વભાવનું સદન સાફસૂફ રાખવાનું છે,
સત્યના સિંહાસન પર એમની પ્રતિષ્ઠા કરવાની છે,
સર્વસમર્પણ કરી એમને અપનાવી લેવાના છે. ૧૧૧

*

## નીલે અંબરકે ઉસ પાર....

પંછી રે ઊડજા પ્યારે વતનમેં નીલે અંબર કે ઉસ પાર,
બડે પ્યારસે, ભરે ભાવસે જા બાબા કે અંતર દ્વાર.
ઉડજા પ્યારે વતનમેં નીલે અંબર કે ઉસ પાર. પંછી રે...

પંચેન્દ્રિય કા છોડ દે બંધન તન–મનસે તુ હો જા સમર્પણ,
દિવ્ય જ્યોતિર્મય દેહ ધારણ કર બાબા કે પાસ જા હોકે મગન,
પ્રેમ કી દોરમેં મોતી પીરોકે કરલે સચ્ચા શ્રીંગાર...
ઉડજા પ્યારે વતનમેં નીલે અંબર કે ઉસ પાર. પંછી રે...

બન કે ફરીશ્તા બાબાસે મીલના દેના સંદેશ હમારા,
યાદપ્યાર હમ સબકા દેના લો વતન કા લગાના,
સચ્ચી લગન સે બનજા બાબા કે તુ ગલે કા હાર.
ઉડજા પ્યારે વતનમેં નીલે અંબર કે ઉસ પાર. પંછી રે...

ઓ બાબા તુમ માતપિતા હો તુમ હી હો જગ કે તારણહાર
દુ:ખહર્તા તુમ સુખકર્તા હો ગુણોં કે ભંડાર,
હમ સબ બચ્ચે ગાતે હૈં તેરી મહિમા અપરંપાર.
ઉડજા પ્યારે વતનમેં નીલે અંબર કે ઉસ પાર. પંછી રે...